તફસીરે ગાહે ગાસાની.

તફસીરે ગાહે ગાસાની.

એટલેજે

ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાની તરફેનમાં
મરહુમ દશતુર એદલજી દારાબજી જામાસપ આસા
વાલાએ બનાવેલાં "રદીઅએ કેતાબે ફરમાને દીન"
નામનાં પુસતકનો રદ જવાબ

તથા

ગાથાના દીવસો સફંદારમદ મહીના સાથે તાલુકો રાખતા
નથી તે વીસેનો જરતોશતી દીનને રાહે

ખોલાસો.

બનાવનાર,

પેશોતન દશતુર બેહેરામજી દારાબજી સંજાણાં.

મુંબઈ,

દફતર આશકારા છાપાખાનામાં
છાપીઉં છે.

સને ૧૨૩૭ યઅજદજરદી.
સને ૧૮૬૭ ઇશવી.

જરતોશતી ફેરકાના દીનઆગાહ દશતુર, એરવદ અને દીનદાર બેહદીન સાહેબોની જેનાબમાં આએ નાધેલું પુસતક તેઓની વાકેફગારીને વાસતે તેમના દોઆગો,

પેશોતન દશતુર બેહેરાંમજી દારાબજી સંજાણાએ

ઘણી નમનતાઈ સાથે અરપણ કીધુંછે.

بنام ایزد بخشایندهٔ بخشایشگر مهربان

દીબાચો.

આએ પુશતક વાંચનારા નેકબખત જરતોશતીઓને હુ
મો ઘણી નમનતાઈ સાથે જણાવીએછે કે આએ પુશતક તઇ
આર કરીને છપાવી પરગટ કરવાની હુમોને ફરજ પડશે હે
વી વકી હુમો કવચીત રાખતા હતા નહી; પણ હાલમાં આસરે
માસ બેએની મુદ્દત ઊપર મરહુમ દશતુર એદલજી દારાબજી
જામાસપ આસાવાલાને નાંમે "રદીઅએ કેતાબે ફરમાને દીન"
નામનું એક પુશતક તેવણના નબીરા દશતુર જામાસપજી મી
નોચેહરજી જામાસપ આસાનાંની તરફથી છપાવીને પરગ
ટ કરવામાં આવેલીછે; તે પુશતકમાં તેના બનાવનારે "ફરમા
ને દીન" નામની કેતાબ જે **સને ૧૨૦૬** ઈઅજદજરદીના સાલ
માં ગાથાના દીવસોમાં સ્ફંદારમદ મહીનો પઢવાની મનાઈમાં
દીનના પુશતકોના દાખલાથી મરહુમ દશતુરજી સાહેબ એદલ
જી દારાબજી સંજાણાંએ છપાવી પરગટ કરી હતી. તે પુસત
ક મધે બતલાવેલા ખરા દાખલાઓની સાંહાંમણે અણવટતી રી
તનું લખાંણ કરેઆમાં આવેલુંછે, તથા મરહુમ દશતુર એદલજી
જામાસપ આસાનાએ ગાથાના દીવસોમાં સ્ફંદારમદ મહીનો
પઢવાની બાબતમાં આપેલા **અણઘટતા** ફતવાની તરફેનમાં

કેટલાએક નાપાએદાર દાખલાઓ આપેઆમાં આવેઆછે, અને તેમાં હમારા મરહુમ મુરબીજી સાહેબ દશતુર એદલજી દારાબજી સંજાંણાંની બનાવેલી "ખોરહે વેહીજક" કેતાબને નામે કેટલુંએક લખાંણ તેહેની અસલ મતલબથી **જુદીજ રીતે સમજાવેઆમાં આવેલુંછે**; એટલુંજ નહી; પણ આએ પુસતકના બાહેર પડવા પછી કેટલાએક જરતોશતીઓનું દેલ ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવો કે નહી ? તે વીસે શકમંદ થાએલું હમોને જણાએઊ, તે ઊપરથી આએ નાથલું પુસતક વાંચનારી જરતોશતી આલમની હજુર મેલવાની હમોને જરૂર પડીછે. જોકે દાનેશમંદ જરતોશતીઓ ઊપલું "રદીએ ફરમાને દીન" નામનુ પુસતક વાંચવાથી તે પુસતકનું લખાંણ કેટલું વજનદારછે, તે સહમજવાને શકતીવાંનછે; પણ સાધારણ બુધીવાલા જરતોશતીઓ તે એકતરફી લખાંણ વાંચવાથી, તે ઊપર ભરોસો રાખેઆવના રેહે નહી; અને લાંમબી મુદત સુધી ઊપલું પુસતક હઇઆતી ભોગવે અને તેહેની સાંહાંમણે તે વીસેનો ખોલાસો આલમની હજુર મેલેઆમાં નહી આવેઓ હોએતો, તેજ પુસતકનો આધાર પકડીને બીજા વખત ઊપર તે પુસતકના લખાંણની તરફેન કરનારાઓ આલમના લોકોને તેવા **અણઘટતા** વીચારની તરફ ખેંચે અને એક દીનનું ખરૂં ફરમાંન રદ થાએ, હેવી દુરઅંદેશી રાખીને આએ પુસતક રચવામાં હમોએ હમારો વખત રોકેઓછે.

આએ પુસતકનાં લખાંણના હમોએ બે ભાગ કરેઆછે, તેમાનો પેહેલો ભાગ મરહુમ દશતુર એદલજી દારાબજી જામાસપ આસાનાએ ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવા વીસે ઊપલાં પુસતકમાં પોતાની તરફથી જે દલીલો બતલાવીછે, તે

દલીલો કેટલી વજનદારછે અને કેહેવી રીતનીછે, તે વીસેનો ખોલાસો કરવામાં રોકેલીછે. અને બીજા ભાગમાં ગાથાના દીવસોમાં સર્ફંદારમદ મહીનો **નહી પઢવો** જોઈએ તેહેનું કારણ અને તે વીસે અવસતા, પેહલવી, અને ફારસી પુસતકો ઊપરથી દાખલા બતલાવેઆમાં આવેઆછે, તેહમાં હમોએ પેગંમબર સાહેબ અશો જરતોશતનાં વખતથી તે હવડાં સુધીના ઈરાંન અને હીંદુસતાંનના દશતુરોનાં મત ગાથા ગાહંબારમાં સર્ફંદારમદ મહીનો નહી પઢવાને લગતાં તેવણનાં લખાંણ સાથે ટાંકીને બતલાવી આપેઆંછે, એટલુંજ નહી પણ જામાસપ આસાનાં ખાનદાંનવાલા સાત દશતુરોએબી ગાથાનાં દાહાડાઓ સાથે સર્ફંદારમદ મહીનાને ગણેલો નથી, તે વીસે તેવણનાં લખાંણ સાથે દાખલાઓ બતલાવેઆછે. માટે હમો હમારા દીનદાર જરતોશતીઓને આએ પુસતક વાંચવામાં તેવણનો વખત રોકવાની ભલાંમણ કરીએછે, અને તે ઊપરથી તેઓને જે ખરો મારગ નજર આવે, તે મુજબ ચાલવાની હમો એલતેમાસ કરીએછે.

બીજું આએ હમારાં નાધલાં પુસતકની અંદર હમોએ જે જે કેતાબોના દાખલા આપેઆછે, તે સઘલી કેતાબો હાલ હમારી પાસે મોજુદછે, તે મધેની જે કેતાબનાં લખાંણ વીસે કોઈબી ગરહસથને ખાતેરી કરવી હોએતો તેને હમો મોહોટી ખુશી શાથે બતલાવસું.

મુંબઈ, રોજ ૧ લો માહા ૨ જો
શેહેનશાહી સને ૧૨૩૭ ઇઅજદજરદી.

પેશોતન દશતુર બેહેરાંમજી દારાબજી સંજાંણા.

સાંકલીઉં.

સફે.

દીબાચો ૫

ભાગ પેહલો.

દશતુર જાંમાસપજી મીનોચેહરજી જાંમાસપઆસાનાએ **રદી અએ કેતાબે ફરમાંને દીન** નાંમનાં પુશતકમાં કરેલાં લખાંણના જવાબમાં ૯

મરહુમ દશતુર એદલજી દારાબજી જાંમાસપઆસાનાએ **ફરમાંને દીન** કેતાબના ૨૬ જવાબ તરીકે કરેલાં લખાંણના જવાબમાં ૩૫

ભાગ બીજો.

ગાથાના દીવસો સફંદારમદ મહીના સાથે તાલુકો રાખતા નથી તે વીસે જરતોશતી દીનને રાહે ખોલાસો.. .... ૭૨

ગાથાના દીવસો મહીના સાથે તાલુકો રાખતા નથી તેહની શાહદતના અવસતા ૭૫

ઉપલા અવસતાનો પેહલવી શરેહ સાથનો તરજુમો.... .... ૭૬

ઉપલા અવસતા તથા પેહલવી શરેહનો મરહુમ દશતુર નેરીઓસંગ ધવલે કરેલો શંસકરીત તરજુમો ૭૬

ઉપલા અવસતા તથા તેહની પેહલવી શરેહનો કેરમાંનનાં દશતુરોએ કરેલો ફારસી તરજુમો ૭૭

જંદે **આફરીંગાંને ગાહુંબાર** મધેથી હમસપથમદેમ ગાહંબારને લગતા અવસતાનો દાખલો.... .... ૭૮

આપણા બાર મહીના ૩૦ દાહડાનાછે અને ગાથાના પાંચ દાહડા વરસને છેડેનાછે તે વીસે અવસતાના આધાર ઉપરથી આપેલો પેહલવી **દીનકરદ** કેતાબનો દાખલો.... .... ૭૯

ગાથાના પાંચ દાહડા બાર મહીનાની આફતાબની ચાલના વધારાના ઉપલગછે, અને આપણો દરએક મહીનો ૩૦ દાહડાનોછે તે વીસે **દીનકરદ** કેતાબનો બીજો દાખલો .. ૮૦

ગાથાના પાંચ દાહડા સફંદારમદ મહીનો પુરો થએઆ પછીનાછે તે વીસેનો દાખલો પેહલવી **બુનદેહુશને** કેતાબ મધેથી. ૮૧

સફે.

ઉપલીજ મતલબને લગતો **બુનદેહશને** કેતાબનો બીજો દાખલો. ૮૨

ગાથાના પાંચ દાહડા બારે મહીનાથી એલાહેદાછે તે વીસેનો દાખલો **માદીગાંને શ્કજોમ** નાંમની પેહલવી કેતાબમાંથી. ૮૨

ખોરશેદની બારે રાશીના ૩૬૦ અંગશછે તેહની શાહદત પેહલવી **બુનદેહશને** કેતાબ મધેથી.. .... ૮૩

ગુજરનાર આદમીનો માશીસો બરોબર ૩૦ દાહડે કરવો જોઈએ તે વીસેનું ફરમાંન વંદીદાદની આઠમી પરગરદની પેહલવી શરેહમાંથી ૮૪

ગાથાના દીવસો સફંદારમદ મહીના સાથે તાલુકો રાખતા નથી તેહની સાબેતીમાં

સદદરે નસર, સદદરે નજમ અને સદદરે બેહેરેતવીલ નાંમની ફારસી કેતાબોના દાખલાઓ.... .... ૮૬

સફંદારમદ મહીનો અનેરાંન રોજે પુરો થાએછે તે વીસેની સાબેતી દશતુર જરતોશત બેહરાંમનાં બનાવેલાં જરતોશત નાંમાંની ફારસી કેતાબ મધેથી.. .... ૮૭

ગાથાના દીવસો સફંદારમદ મહીના સાથે તાલુકો રાખતા નથી તે વીસે ઈરાંની દશતુરોનાં મત ૮૭

ગાથાના દીવસોની ઈઆદને લગતી ખશનુંમનમાં મહીનો પઢવામો આવતો નથી તેહની શાહદતના અવસતા.. .... ૮૯

ગાથાના પાંચ દાહડા સેવાએ મહીનાના તીસે દાહડાઓની ઈઆદ સાથે મહીનો પઢવામાં આવેછે તેની શાહદતના અવસતા.. ૯૧

આપણો દરએક મહીનો ૩૦ દાહડાનોછે, અને ગાથાના પાંચ દાહડા ખોરશેદની ચાલના વધારાનાછે તે વીસે મહમદીઆંન ગરંથકારોના દાખલા.. .... ૯૨

ગાથાના દીવસો એહલાએદાછે અને સફંદારમદ મહીના સાથે તાલુકો રાખતા નથી તે વીસે હીંદુસતાન ખાતેના દસતુરો તથા મોબદોનાં મતને લગતા દાખલાઓ ૯૮

ગાથાના દીવસો એહલાએદાછે અને સફંદારમદ મહીના સાથે તાલુકો રાખતા નથી તે વીસે **જરતોશતી અબેઆસના** બનાવનારનું મત ૧૦૬

દશતુર જાંમાસપજીને હમારી તરફની એલતેમાસ.... .... ૧૧૯

જાહેર લખનારાઓને સોચના.. .... ૧૨૦

તફસીરે ગાહે ગાસાની.

પાક દાદાર અહુરમજદના મોબારેક નામની ઈઆદ કીધા પછી અને તેહેના શાચ્ચા પેગમબર અશો જરતોશતના પાક રૂહ ઉપર બે વર હજાર આફરીન કીધા બાદ, દીનદાર જરતોશતીઓનો કીમતી વખત તેઓની પાક દીનને લગતાં એક અગતનાં ફરમાંનની તકરાર ઉપર સહમજ મેલવવા સારૂં રોકવાની હમો તેવણુને ઘણી નમનતાઈ સાથે તસદી આપીએછે.

સરવે જરતોશતીઓને સારી તરેહથી રોશનછે કે આપણી દર રોજની બંદગી જેહેવી કે નીઆએશ, ઈઅશત, ઇજશને, અને વંદીદાદ પઢવામાં જે રોજે, મહીને, અને વખતે તે બંદગી ખોદાની હજુરમાં આપણ કરીએછે, તે વેલા તે દીવશ, મહીનો, અને વખત આપણી તે એબાદતમાં આપણ હમેશ પઢીએછે; પણ ગાથાના પાંચ દીવસોમાં તેમ કરતા નથી. તે દાહાડાઓમાં મહીના વગર રોજ અને ગેહ પઢીએછે, અને તેનો સબબ એછે કે આપણી બરહક દીનનાં ફરમાંન પરમાંણે આપણ જરતોશતીઓનું ચાલુ વરસ ૩૬૫ દાહાડાનુંછે, તે વરસ એકના ૧૨ મહીના દર ૩૦ દીવસનાછે, અને તે દરએક મહીના તથા દાહાડાને એક એક ઈજદ અમેશાસપંદનું નાંમ આપીને તે ઈજદ અમેશાસપંદનો તાલુકો તે મહીના અને દાહાડા ઉપર આપેલોછે; અને ગાથાનાં પાંચ દીવસો ૩૦) દાહાડા લખેના વરસના ૧૨) મહીના પુરા થાએઆ પછી આફતાબની બારે બુરજોની ચાલના વધારાથી બનેલાછે, તેહેને પાંચ અલાહેદાં નામ આપીને સફંનદારમદ મહીનાની પછી અલાહેદા રાખેલાછે.

આએ ઉપલા નીઅમ પરમાણે શું ઈરાંન કે હીંદુસતાંન ખાતે વસનારા સરવે જરતોશતીઓ આજસુધી ચાલતા આવેઆછે અને ચાલેછે. પણ ગએઆં તરીસ વરસની મુદત ઉપર મરહુમ દશતુર એદલજી દારાબજી જામાસપ આસાનાએ ગાથાના પાંચ દીવસોમાં સફં

દારમદ મહીનો પઢવા વીશે જેમ તેવો ચાલતા હતા તે મુજબ બીજા જરતોશતીઓનેબી ફતવો આપેઓ હતો. જે ઉપરથી ગએઆં તીસ વરસ ઉપર અતરેના જરતોશતીઓમાં તે વીસેની તકરાર ઉભી થાઈ હતી, અને તે વેલા જામે જમશેદના દીનદાર માલેક મરહુમ સેઠ પેશતનજી માણેકજીએ એક જાહેર લખનાર તરીકે તે તકરારનું સેવટ લાંવવાનું કાંમ પોતાને માથે લેઈને તે બાબેની જેકર પોતાનાં પતરમાં લખવાને શુરૂ કીધી હતી, અને તેજ દીનદાર ગરહસયે ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવો જોઈએ કે નહી? તે વીસેની તપાસ કરીને જરતોશતી આલમના શકને દુર કરવા સારૂં પોતાની તરફથી પાંચે પંથકના દશતુર સાહેબો ઉપર ઉપલી બાબતને લગતા સવાલો લખીને તેહેના જવાબો મંગાવી જરતોશતી આલમને જાહેર કીધું હતું કે, સઘલા પંથકના દશતુર મોબદો ગાથાના દીવસોમાં એકસરખી રીતે સફંનદારમદ મહીનો પઢતા નથી; પણ ફક્ત દશતુર એદલજી આસાવાલા પોતેજ તેવણનાં કુટંબ સાથે પઢે છે. આએ ખોલાસો જાહેરમાં આવેઆને લીધે મજકુર દશતુરજીને જાહેરમાં આવીને પોતાના ફતવાની સાબેતી આપવાની જરૂર પડી હતી; અને તે વેલાએ દશતુરજીનાં માંગવાથી હમારા જાનતનશીન મુરબી દશતુરજી એદલજી દારાબજી સંજાણાને પોતાના ઓહ્દાની ફરજ તરીકે તે તકરારમાં ભાગ લેવાની ફરજીુલએન થાઈ હતી. તેથી તે દીનઆગાહ દશતુરજીએ આપણી દીનને લગતા પાક અવસતા અને પેહલવી, તથા ફારસી દીનનાં દફતરોનાં માઅકુલ દાખલાઓથી જરતોશતી આલમને બતલાવી આપેઉં હતું કે ગાથાનાં દીવસોમાં સફંદારમદ મહીનો પઢવો રવા નથી; અને તે વીશેનું એક પુસતક "ફરમાને દીન" હેવાં નાંમનું છપાવીને જરતોશતી આલમની વાકેફકારીને વાસતે પરગટ કીધું હતું; તે પછી એ તકરાર બંધ પડી હતી. આએ ઉપલા સબબ ઉપરથી હમો ધારતા હતા કે મરહુમ દશતુર એદલજી જામાસપ આસાનાએ પોતાની તકરારને ખતમ કીધી હસે, અને તેજ વીચારથી બીજીવાર હમોએ છપાવી પરગટ કીધેલી "ફરમાને દીન" કેતાબના દીબાચામાં હમોએ આએ તકરારને તીસ વરશે પાછી સજીવન કરનારા ભાઈઓને ઠપકો આપેઓ હતો; પણ હમો હમારી તે ધારણામાં ઠગાએઆ છઈએ, કારણ કે મરહુમ દશતુર એદલજી જામાસપ આસાનાએ "ફરમાને દીન" કેતાબ બાહેર પડેઆ

પછી તેહેના જવાબમાં એક મોહોટું પુસતક લખેઉં હતું, અને તે પુસ તક હવડાં તે દશતુરજીનાં નેકનાંમ નબીરા દશતુર જામાસપજીએ છપા વી પરગટ કરેઉંછે. તેમાં આએ પુસતક તુરત વેલા છપાઈને બાહેર ન હી પડવાનો સબબ દશતુર જામાસપજીએ તે કેતાબને સફે ૪ થેથી હ મોને જણાવેઓછે તે આએ રીતનોછે :—

"તમારા મુરબીજીએ 'ફરમાને દીન' ચોપાણેઉં કાહાડીઉં તેનો
" જવાબ તુરત નહી આપવામાં તમારા કેહેઆ મુજબ હમારા મરહુ
" મ મુરબીજીએ પોતાની ખાંમી આલમની હજુર જાહેર કરી, પણ
" દશતુર શાહેબ એમ નહી પણ તેને બદલે ખશુરાન તમારા મરહુમ
" મુરબીજીની ખરેખરી ખાંમી ઉપર તે વકતે પરદો કરી તેવણુની ખાં
" મીને આલમની શાંમાં વાશતે ખોદાને છુપાવી હતી, પણ ખરી ખાં
" મી જાહેર પડેઆ વીનાં રેહે કેમ, અને ખોદાનાં ખરા ફરમાંનને ઉ
" લટાવનારની ખાંમી તે શાહેબ જાહેર પાડેઆ વીનાં રેહે કેમ, તેથી
" જ તમો શાહેબને પોતાનેજ હાથે તમોને પોતાને ઉશકેરવા દેઈ તમા
" રા મરહુમ મુરબીની ખાંમી જે લાંમબી મુદત વેર છુપી હતી, અને
" હમારા મુરબીજીએ છુપાવી હતી તે તમોએ હમારી પાશે બજીદ થા
" ઈને આલમની હજુર જાહેર પડાવી, તેથી મોહોટી લાચારી અને
" ભારે દેલગીરી શાથે હમોએ જાહેર પાડીચ. હમો જે લખીએચ તે
" ખરેખરૂંછે—તેની શાબેતી જોવી હોએતો આજ હમારી પાશે હમા
" રા મુરબીજીનો બનાવેલો ફરમાને દીનનો રદ જવાબ મોજુદછે,
" અને તેજ જવાબનું આએ ચોપાંણેઉં છપાવી આલમની હજુર હ
" મો જાહેરમો લાવેઆ છઈએ, તે વાંચી ખાતેરી કરવી કે; તમારા મ
" રહુમ મુરબીજી દશતુર એદલજી દારાબજી શનજાણાનું બનાવેલું ફર
" માને દીન ચોપાંણેઉં આએ હમારા મરહુમ મુરબીજી એદલજી દા
" રાબજી જામાશપ આશાનાએ બનાવેલાં ચોપાંનીઆંની શાંમને શું
" વજન ધરાવેચ, અને એ બંધે મરહુમ શાહેબોનાં બનાવવામાં શચા
" ઈ અને શાહેબી કોણની તરફછે, અને હમો પાક પેદાનાં કરનાર
" અને ઈનશાફનાં શાહેબ પાશે એજ આજેજી કરીએ છઈએ કે આકે
" બત શચાઈની ફતે થાએ અને ખોટી બનાવટનાં કરનારા શખશોની
" બેહુ જેહાંનમાં હાર થાએ. દશતુર પેશોતનજી તમો તમારી ખાતેરી
" કરી લેવો કે હમારા મરહુમ મુરબીજીએ જે ફરમાને દીન ચોપાંની

" આંનો રદ જવાબ તુરતનો તુરત નહી આપેઓ હતો તેમાં હમારા મર
" હુમ મુરબીની ખાંમી હતી, કે તમારા મરહુમ મુરબીજીની ખરેખરી
" ખાંમી હતી કે જે ખાંની હમારા મરહુમ મુરબીજી શાહેબે શેફકતની
" રાહે કેટલાએક શાહેબોનાં વચે પડી માંગી લેવાથી દરગુજર કરી હતી."

દશતુર જામાસપજીએ કરેલો ઉપલો ખોલાસો કબુલ રાખવા જોગ ઠરતો નથી; કારણ કે જો મરહુમ દશતુર એદલજી આસાવાલાએ બનાવેલો "ફરમાંને દીન" નો રદ જવાબ તે વખતે બાહેર નહી પાડેઓ હોએતો તે બે સબબથી હોવો જોઈએ. તેમાં એકતો એકે તે પુશતકમાં જે દલીલો તેઓએ ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાની સાબેતીમાં બતલાવીછે તે મુતલક તેવણની મતલબને મલતી નથી, અને જે દલીલો મજકુર દશતુરના મતની વીરૂધ આપેઆમાં આવી હતી તેહેને રદ કરવાની પેરવી કીધી છે તેમા ઈમાનદારી સાચવેઆમાં આવી નથી; તે ઉપરથી તે જીનત નશીન દશતુરના વેહેમે તેવણને અટકાવેઆ હોએ, અને બીજુંતો મરહુમ દશતુરજીનાં નેકખાહ, દુરઅંદેશ દોશતોએ ઉપલી કેતાબનું લખાંણ જોઈને દશતુરજીની ઈજતને સાચવવાનાં કારણસર તેવણને તે પુશતક બાહેર પાડવાની મનાઈ કીધી હોએ. બાકી મરહુમ દશતુર એદલજી આસાવાલાએ હમારા રાંક મુરબી ઉપર અને તેમજ બીજા દીનદાર દશતુરો કે જેવોનાં મત એ દશતુરના મતની સાંમણેછે તેઓ ઉપર જે સખત દેલથી ઐફતરાજી લખાંણ કરેલુંછે, તે ઉપરથી ખોલી રીતે જાણુંએછે કે તે દેલ જેમ ભાઈ જામાસપજી કેહેછે તેમ મરહુમ દશતુર એદલજી સંજાણુંની તરફ મોહબત અને મોહોટી નજર બતલાવે એ ઘણું શક ભરેલુંછે; તોપણ ઘડીભર આપણ એ ભાઈ સાહેબનું ઉપલું બોલવું કબુલ રાખીએતો એક સવાલ ઉઠેછે કે જે કેતાબ છપાવવાને તેના બનાવનાર મરહુમ દસતુર એદલજી આસાવાલાએ પસંદ કરેઉં નહી હતું, તેહેને છપાવવાનો તેવણના નબીરાને સું હક હતો? કાંઈ નહી; પણ એ ભાઈ સાહેબને પોતાના મરહુમ મુરબીજીની ગાદી મલેઆ પછી જરનોશતીઓને પોતાની તરફથી બોધ આપવા લાએક ઉપલાં પુશતક સેવાએ બીજું કંઈ નજર નહી આવેઉં તેથી તેવણે એ પુશતકને જલદીથી બાહેર પાડવાની તક સોધી, અને તે તક એ ભાઈ સાહેબને તેવણના એક હમનશીન રફીક મોબદ પાલણ

જી કાઉશજી માંડણની મારફતે મલી હતી, અને તે હેવી રીતે કે આ એ મજકુર મોબદે ગએઆં બે વરસ ઉપર એક જાહેર જરતોશતી મંડલીના તરફથી બીજા એક મોબદની સાથે જોડ થઈને ફરવરદેગાંન ને લગતી ઈજરાને, વંદીદાદ અને બાજ ઈજ્રવાનું કાંમ પોતાના હસ તકમાં લીધું, અને તે કાંમમાં ગાથાના દીવસોમાં દીનનાં ફરમાંનથી ઉલટી રીતે સફંદારમદ મહીનો બાંગેબોલંદ પઢેઆ. કે તેમ કરવાથી લોકોમાં ચકચાર ઉઠે અને તેહેવાં બાહાનાથી ભાઈ જાંમાસપજીને તેવણના મુરબી મરહુમ દશતુર એદલજી આસાવાલાનું "રદીઅએ ફરમાને દીન" બાહેર પાડવાની જોગવાઈ મલે, અને તેમજ બનેઉં કે મજકુર મોબદના ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પાવ મેહલમાં પઢવાથી તે કાંમ સોંફનારા બેહેદીન સાહેબોનું દીલ શક ભરેલું થાએઉં, અને સઘલા અથોરનાનોનાં દેલમાં જોશ પેદા થાએઓ, તેથી સરવે મોબદોએ મોબદ પાલણજી અને તેહેની સાથવાલા મોબદ સાથે ઈઓજદાથરેગરીનું કાંમ કરવાને ના પાડી. તે જોસા ભરેલા વખતમાં દશતુર જાંમાસપજીને પોતાના મુરબીનું પુશતક બાહેર પાડવાને ડર લાગો, તેથી તેવણે પોતાના "રદીઅએ ફરમાને દીન" નામના પુશતકમાંથી કેટલીએક દલીલ અને પોતાના મુરબીના કેટલાએક વીચારો પેલા મોબદ પાલણદારૂને આપીને તેહેને નાંમે "ગાહંબારે સફંદારમદ માહ" એવે નાંમનું એક નીનદા ભરેલું ચોપાંનીઉં ગાથાનાં દીવસોમાં સફંદારમદ મહીનો પઢાવવાની ઉસકેરણીને લગતું પરગટ કરાવેઉં. હમારા વાંચનારાઓમાંના જે સાહેબોએ ઉપલું ચોપાંનીઉં અને દશતુર જામાસપજી મીનોચેરજી આસાનાએ હાલમાં છપાવી પરગટ કરેલું "રદીઅએ કેતાબે ફરમાને દીન" નામનું પુસતક વાંચેઉ હશે તેઓ હમારાં ઉપલાં લખાંણને બરોબર મલતા થશે; કારણ કે "રદીઅએ કેતાબે ફરમાંને દીન" નું પુસતક દશતુર જામાસપજીની પાસે ખાંનગી હતું, ને પુશતકની અંદરનાં દાખલાઓ તે પુશતક પરગટ થવાની બે વરસ આગમચ મોબદ પાલણદારૂને તેહેનાં ચોપાંનીઆંને સારૂં કાંહાંથી મલે ! એટલું છતાં દશતુર જામાસપજી સફંદારમદ મહીનો ગાથાના દીવસોમાં પઢાવવાની હાલમાં ઉસકેરની કરનાર તરીકે અને તેવણનાં મુરબીજીનાં બનાવેલાં "રદીઅએ ફરમાને દીન" નાં પુશતકને છપાવવાને વાસતેની દશતુર જામાસપજી

ઉપર ફરજ પાડનાર તરીકે તેવોએ મજકુર પુશતક મધે આવેલાં તેવણ નાં ઉપલાં લખાંણમાં હમોને ડેરવેઆછે, તે વાત હમોને ઘણી અજાએ બ જેવી લાગીછે. એટલાજ ઉપરથી આએ ઉપલો ખોલાસો મજકુર દ શતુરને સારૂં લખવાની હમોને ફરજ પડીછે. "રદીઅએ ફરમાને દીન" નામનું પુશતક મરહુમ દશતુર એદલજી દારાબજી જામાસપ આ સા તથા તેવણના બેટા દશતુર મીનોચેહરજી એદલજી આસાવાલા એ બેઉ બાપ બેટાની કલમથી લખાએલું હતું; તે ઉપરાંત હમોએ ગએઆં વરસમાં "ફરમાને દીન" નામની કેતાબ બીજીવાર છપાવી પરગ ટ કરી હતી તેહેના આગલા ભાગમાં થોડાએક વીચારો ગા થાનાં દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાની મનાઈમાં હમારી તરફથી લખી જણાવેઆ હતા, તેહેના જવાબ તરીકે દશતુર જાંમાસ પજી મીનોચેરજી જામાસપ આસાનાએ મજકુર કેતાબના પેહેલા ભાગ ના ૫૪ સફાનું લખાંણ કરેઉછે; તેમાં દશતુર જામાસપ આસાના ખાં નદાંનવાલા ઉપલા ગરહસથોએ આએ કેતાબનો મોહોટો ભાગ અસ લ તકરાર ઉપરાંત મરહુમ દશતુરજી સાહેબ એદલજી દારાબજી સંજા ણાં અને તેમજ જે દશતુર સાહેબોએ સફંદારમદ મહીનો ગાથાના દીવસોમાં પઢવાની સાંહાંનને દીનની રાહે તેવોના વીચારો જણાવેઆ છે, તેઓને બુરૂં બોલવામાં તથા અણઘટતી કોશેશ કરીને તેઓને હલકા પાડવામાં રોકેઓછે, તેહેમાં તે ગરહસથોએ કાંઈ કરેઉં નથી, પણ પોતાની તકરાર અને ઈજતને આલમની હજુરમાં હલકી દેખા ડીછે. માંટે હમોને તેહેવાં લખાંણનો જવાબ વાલવાને દરૂસત દેખાએ ઉં નથી; તેથી તે લખાંણ પાછું તેહેના લખનારાઓને હવાલે કરીને ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાની સાબેતીમાં એ પુશત કના બનાવનારાઓએ શું દાખલાઓ આપેઆછે તેહેનો ખોલાસો દીનદાર જરતોશતીઓની હજુરમાં મેલીએછે.

માહારી તરફથી જણાવવું જોઈએછે કે ગએઆં વરસમાં હુંએ "ફરમાંને દીન" નામનું મરહુમ દશતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાણાંએ સને ૧૨૦૬ ઈઅજદજરદીનાં સાલમા ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાની મનાઈમાં દીનનાં ફરમાંનો ઉપરથી પર ગટ કરેલું પુશતક ફરીને છપાવીઉં હતું, તેહેની શરૂઆતમાં હમારી તરફથી હમોએ આએ રીતે લખી જણાવીઉં હતું કે:—

" જીનતનશીન દશતુર એદલજી દારાબજી જામાસપ આસાવાલા
" એ ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો જેમ આપણે દરએક
" મહીનાનાં તીસે રોજોમાં પઢીએછે, તેમ પઢવાનો જરતોશતીઓને
" પોતાની તરફથી વીચાર જાહેર કરેઓ હતો, તે વીચાર એ દશતુર
" જીને આપણી દીનને લગતા, **અવસતા, પેહેલવી, કે ફારસીનાં**
" **કોઈબી પુશતકમાંથી મલેઓ નથી**; પણ હાલમાં આપણા મોબ
" દો ગાહંબારનાં દીવસો ઉપર પાજંદ અથવા ફારસી ભાશામાં જે
" આફરીન પઢે છે તેહેમાં તે આફરીનના બનાવનારે 'હમસપથમદેમ'
" ગાહંબારનો વખત કેઆરેછે તેની નીસબત સફંદારમદ મહીનાની
" પછી બતલાવવાને વાસતે તે ગાહંબારનાં નામની સાથે સફંદારમદ
" મહીનાનું નાંમ વાપરેલુંછે તે ઉપરથીછે. જે વીસેની અસલ એ
" બારત આએ રીતે લખેઆમાં આવેલીછે."

" ૫ હફતાદો પંજરોજ મંન અહુરમજદ અવા અમેશાસપંદાંન
" ફરાજતાશીદ હંદ કો મરદુમદાદ ગાહંબાર ઈઅશત હમસપથમદે
" મ ગાહ નામ નેહાદ સફંદારમદ માહ વેહેશતોઈઅશતગાહ અહુન
" વદગાહ ગાહ ગીરેદ વેહેશતોયશતગાહ સરબહોદ."

માએની.

" (મેદીઆરમ પછી) પંચોતેર દીવશે હું અહુરમજદે અમેશાસ
" પંદો સાથે (ઈઆને અહુરમજદની પેદાએશને ઉતપન કરવાની બે
" મરગ સકતીઓથી) આદમીઓને પેદા કરેઆંછે, તે વીસેની સતુતી
" કરવાનાં વખતને હમસપથમદેમ (ગાહંબારનુ) નાંમ આપેઉંછે.
" (જે વખત) સફંદારમદ મહીના (પછી) ના વેહેશતોઈશત ગાથા
" સુધીનોછે. અહુનવદ ગાથાને દીવશે તે શરૂ થાએચ, (અને)
" વેહેશતોઈશત ગાથાને દીવસે પુરો થાએચ.

" આએ ઉપર લખી જણાવેલી આફરીનની પાજંદ એબારતમાં
" જેમ સાંધન તરીકે "પછી" "અને" "જે વખત" એવા લોગતો
" આવવા જોઈએછે, તે લખનારની તરફથી વાપરેઆમાં આવેલા ન
" થી; તોપણ તેથી આફરીનના લખનારની મતલબ આપણને સેહેલા
" ઈથી જણાએછે કે તેણે જે ઉપલી એબારતમાં સફંદારમદ મહીના
" નું નાંમ હમસપથમદેમ ગાહંબારના વખતની સાથે વાપરેલુ છે તેહે

" માં તેની નેમ કાંઇ તે ગાહંબારના વખતમાં સફંદારમદ મહીનો
" પઢાવવા વીસેની નથી; પણ જેમ બીજા પાંચ ગાહંબારોનો વખ
" ત તેહેના મહીનાઓથી જણાવેઆમાં આવેલોછે તેમ આએ છેલા
" ગાહંબારનો વખત કેઆરે તે વખત સફંદારમદ મહીનાંથી તેણે
" જણાવેલોછે.

" માહારે જણાવવું જોઈએછે કે ગાહંબારની આફરીનના બ
" નાવનારનો સઘલો આધાર ગાહુંબારનાં આફરંગાંન ઉપર તેહેનાં
" પેહેલવી તરજુમો કરનાર સાહેબે કરેલી શરેહ તથા શાહેદીને વાસ
" તે ટાંકેલા અવસતાછે, ફકત આફરીનના બનાવનારે તે સઘલી પેહ
" લવી શરેહને તેહેમાં આવેલા અવસતા સાથે કદીમ ફારસી ભાશા
" માં લખ્યુંછે, અને તેહેમાં પોતાની તરફથી કાંઇએક શરેહ આ
" ગલા અને પાછલા ભાગમાં વધારેલીછે, તેઆરે જો આપણે તપાસી
" ને જોઇએછેતો આફરીનનો અસલ આધાર ગાહંબારના આફરં
" ગાંનની પેહલવી શરેહછે. પણ તે શરેહમાં જોતાં આપણને ખોલ્લી
" રીતે જણાંએછે કે આફરંગાનનો પેહેલવી તરજુમો કરનારે 'મેદી
" આરમ' ગાહંબાર સુધીના પાંચ ગાહંબાર જેમ દરએક મહીનાં
" ની હદમાં આવેલાછે, તેમ તેણે તે મહીનાઓનાં નાંમ તે ગાહંબા
" રના વખતની સાથે વાપરેલાંછે. તેમજ જે અવસતા તેણે પોતાનાં
" બોલવાની સાબેતીમાં હાદોખત નુશકના નાંમથી જણાવેઆછે, તે
" પવીતર કલાંમોમાંબી પાંચે ગાહંબારને સારૂં તેહેના દીવસોની સા
" થે મહીના બતલાવેલાછે. પણ હમસ્પથમેદેમ ગાહંબારનો વખત
" અવસતામાં જણાવેઓછે તેમાં તથા તેહેની પેહેલવી શરેહમા **સફં**
" **દારમદમ હીનાનું નાંમ મુતલક વાપરેલું નથી. જે** વીશેની અ
" સલ એબારત હમો અતરે પરગટ કરીએછે."

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

"પંચોતેર દીવસે હું અહુરમજદે અમેશાસપંદો સાથે (ઈઆને "અહુરમજદની પેદાએશને ઉતપન કરવાની અમરગ સકતીઓથી) મા "ણસને બનાવીઉં (ઈઆને) પેદી કીધું; તે ગાહંમબારની ઈઆદ "કરવી હમસપથમેદેમના વખતની અંદર વેહેશતોએશત ગાથા સુધી "છે. જે વખત અહુનવદ ગાથાએ શરૂ થાએચ અને વેહેશતોએશ "ત ગાથાએ પુરો થાએચ."

"ગાહંબારની આફરીનનાં બનાવનારે ઉપલી પેહલવી શરેહનો "તરજુમો પાજંદ એબારતમાં આપેઓછે તેમાં સફંદારમદ મહીનો "દાખલ કીધોછે, તેમજ તેણે અસલ અવસતામાબી સફંદારમદ મહી "નો દાખલ કરવાની હીમત ચલાવીછે, અને તેમાં પોતાની તરફથી "સપંતીઆડ વંઘુહીઆડ' એ બે બોલો વધારેઆછે, અને તેહેનો અ "રથ પોતાની તરફથી કરેલી શરેહમા 'સફંદારમદ માહ' નો કરેઓછે "તથા અસલમાં [illegible] [illegible] [illegible] "વેહેશતોઇશતોઇશ ગાથ "ઈઆડ" છે, તેહેને બદલે [illegible] "ગાથાબીઓ" કરેઉછે, પણ એ "પાછલથી થાએલો ફેરફાર વેઆકરણને લગતી જોડણી તથા અવસ "તાની અસલ એબારતની રચનાને તપાસતાં તે આપણને ઘણી સે "હેલાઈથી જણાઈ આવેછે; કેમકે દરએક ગાહંમબારને લગતો રોજ "માહ જેમ ગાહંબારના આફરીગાંનની શરેહના અવસતામાં આવે "[illegible] તે જ મુજબ આફરીનનાં બનાવનારે પોતાની આફરીનમાં તે "[illegible]ાતા લીધાછે, અને ઉપલો ફેરફાર ફકત છેલલા હમસપથમેદેમ "[illegible] બારની એબારતમાંજ કરેલોછે. અસલ અવસતામાં પેહલલાં [illegible] ગાહંબારના વખતથી તે બીજા ગાહંબારનો વખત કેટલે દીવશે તેહેની સંખીઆ, પછી તેહેનો મહીનો, અને તે પછી તે ગાહં [illegible]ાર પુરો થવાનો છેલલો દીવસ જણાવેલોછે. અને તે સઘલે ઠે કાંણે તે ગાહંબારને, તેહેના મહીનાને અને દીવસને છઠી એક વચ "નની હાલતમાં લખેલોછે; માટે જો આફરીનનાં બનાવનારે લખો "જણાવૈલા અવસતા અસલ હતેતો તેહેમાં કાએદાથી ઉલટા શબદો "'સપંતીઆડ વંઘુહીઆડ ગાથાબીઓ,' આવતે નહી; પણ તેહેને "બદલે 'સપેંતયાડ આરમેતોઇશ વહેશતોઇશતોઇશ ગાથયાડ' હે "વા બોલો આવેઆ હતે, પણ તેમ બનેલું નથી. આફરીનમાં 'સ "પેંતયાડ' હેવો અધુરો બોલ સફંદારમદને વાસતે વપરાએલોછે, ત

"થા "ગાથાબીઓ." વીશેશને બદલે સામાનીય નામની હાલતમાં
"અને વલી છઠો એક વચનને બદલે ૩—૪ અને પાંચમી અનેક
"વચનમાં લખાએલોછે. આએજ ખોલાસો આફરીનમાં દાખલ કરેલા
"સફંદારમદ મહીનાં વીસેનાં અવસતાના લોગતોની **નાપાએદારી**
"**ને સારૂ બસછે.** હવે જે અસલ અવસતા ગાહંબારનાં આફરી
"ગાંનની પેહેલવી શરેહમાં હમસપથમદેમ ગાહંબારની શાહાદત ત
"રીકે ટાંકવામાં આવેલાછે તે વાંચનારા સાહેબોની ખાતેરીને સારૂ હ
"મો અતરે પરગટ કરીએછે, અને તે ઉપર હમારો આધીન વીચાર જ
"ણાવીએછે:—

અવસતા.

[illegible]
[illegible] †

"(મેદીઆરેમ પછી) પંચોતેર દીવસે હમસપથમેદેમ (ગાહંબાર)
"નો (વખત) વહેશતોફશત ગાથા (સુધી) નો."

"આએ ઉપલા અવસતામાં આવેલા "વેહેશતોફશતોફશ ગાથયાઙ"
"ને બદલે ગાહંમબારની આફરીનમાં "સ્પેંતયાઙ વંધુહીઆઙ ગાથા
"બીઓ" બોલો દાખેલ કરેલાછે. આએ હમારા વીચારને મલતો વી
"ચાર કોપનહેગનની યુનીવરસીટીના ઉગમણુ પરાંતની ભાશાઓના પ
"રોફેસર **અન. એલ. વેસટરગારડે** ૧૮૫૨ ઈસવીમાં છપાવી પરગટ કરે
"લા જંદ અવસતાના પુશતકને ૩૨૦) મે સફે હમોએ ઉપર લખી
"જણાવેલા હમસપથમેદમ ગાહંબારના અવસતા ઉપરથી નોટમાં જણા
"વેલાછે. અને તે વીચાર આએ પરમાણેનોછે:—

9) Those two words [illegible] are omitted in p 8; The Afrin has instead of these [illegible] in k. 19, 12, Kh 1.

"વેહેશતોફશતોફશ ગાથયાઙ" એ બે બોલો પેરીશની ૮) મા નંબરવાલી નકલમાં ભુલથી લખેઆમાં આવેલા નથી. કોપેનહેગન ની ખુરદેહ અવસતાની ૧૯)૧૨ અને ૧) લા નંબરવાલી નકલ મધે

† પંચાચ હપતાફતીમ હમસપથમદીદ્ઈ વહેશતોફશતોફશ ગાથયાઙ.

" આફરીનમાં એ બોલોને બદલે સપેંતયાડ વંઘુયાડ ગાથાબીઓછે."‡

"હવે એ ઉપરથી આપણુને ખોલલુું દીશેછે કે ગાહંબારની " આફરીનમાં વપરાએલો સફંદારમદ મહીનાનો બોલ વગર આધાર " નોછે, અને મરહુમ દશતુર એદલજી આસાવાલાની તકરારનો સ " ઘલો પાએઓ ઉપલાજ બોલ ઉપર હતો, તારે જે એમારતનો પા " એંઓ વગર આધારનો હોએ તે પાએઆ ઉપર એમારત ટકી સકે " એ વીચારથી ઉલટુંછે. ગાથાના દીવસોને સફંદારમદ મહીના " સાથે મુતલક સંબંધ નથી, એ વાત આપણાં મજહબને લગતી કે " તાબો, કાએદાઓ, અને ચાલુ કીરીઆઓ ઉપરથી ખોલલી રીતે " સમજાએછે."

આએ હમારાં લખાણનો ઉતર વાલવામાં ભાઈ જામાસપજી મીનોચેહરજી દશતુર જાંમાસપઆસાનાએ "રદીઅએ કેતાબે ફરમાને દીન" પુશતકના લગભગ ૩૭) સફા રોકેઆછે, પણ તેહેમાં એ ભાઈ સાહેબે કસું કરેઉં નથી; જેમ તેવણુના મરહુમ બપાવા દશતુર એદલજી આસાવાલાએ ગાહંબારની આફરીનના બનાવનાર તરીકે પોતાની કલપણાથી મરહુમ દશતુરાંન દશતુર આદરબાદ મારાસપંદનું નામ વાપરેઉંછે; તેજ આધાર પકડીને દશતુર જામાસપજી આસાનાએ વગર દાખલે ગાહંબારની આફરીનના બનાવનાર તરીકે જીનતનશીન દશતુર આદરબાદને ઠેરવેઓછે. જોકે હમારા મરહુમ મુરબી દશતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાંણાએબી બોલાતા રેવાજ ઉપરથી ગાહંબારની આફરીનના બનાવનાર તરીકે દશતુર આદરબાદનું નાંમ વાપરેલુંછે; પણ આએ આફરીન ઘણી પાછલથી બનેલીછે, અને તેમાં તેહેના બનાવનારનું નાંમ જણાવેઆમાં આવેલું નથી, તે સબબને લીધે એ દોઆનો દરજ્જો વધારવા સારૂં દસતુર મોબદોની તરફથી તેહેના બનાવનાર તરીકે દશતુર આદરબાદનું નામ વપરાએઉં હોએતો તેહેને તેહકીક કીધા વગર તેમાં વપરાએલી ગલતીનો બોજો તે માહ વીદવાંન દશતુર ઉપર મેલનો જોઈતો નથી.

• હમોએ હમારાં ઉપલાં લખાંણમાં જણાવેઉંછે કે "વહેશતોઈશતોઈશ ગાથીઆડ" પદ હમસપથમેદેમ ગાહંબારને લગતા અસલ અ

---

‡ હમોએ ૧૯—૧૨ અને ૫) ભા નંબરવાલી એટલી એમારતનું જે લખાણ કરેલું છે તે હમારા આગલાં લખાંણ મધે લખેઆમાં આવેલું નથી.

વસતામાંછે, તેહેને બદલે આફરીનનાં બનાવનારે "સપેંતીઆડ વંધુ હીઆડ ગાથાબીડ" હેવી એબારત પોતાની તરફથી વધારેલીછે, તે લખાંણને દશતુર જામાસપજીએ કોઈબી રીતે દાખલાઓ બતલાવીને રદ કરેઉં નથી; પણ પોતાની તરફથી જે લખાંણ કરેઉંછે, તેમાં વાંચનારાઓને હેવું સમજાવવાની પેરવી કીધીછે કે આફરીનનાં લખનાર ઉપર હમોએ ખોટું તોહોમત મેલેઉંછે; પણ તેમ હમારી તરફથી કરેઆમાં આવેલું નથી. "સપંતી આડ વંધુયાડ ગાથાબીઓ" એ પદો ખરેખર અસલ અવસતાના નથી, તે વેઆકરણને કાએદે તપાસતાં આપણને ચોકસ જણાઈ આવેઆછે. અને હમોએ વેઆકરણની રીતીથી ઉપલાં પદોની જે ગલતી હમારાં ઉપલાં લખાંણમાં બતલાવી હતી, તેનો ભાઈ જામાસપજીથી કસ્સો ઉતર વાલી સકાએઓ નથી. એજ સાબેતી સફંદારમદ મહીનો ગાથાના દીવસોમાં નહી પઢવાની તરફેનમાં બસછે. તારે હવે ભાઈ જામાસપજી એ પદોનો આધાર સા કારણસર પકડવા માંગેછે? હમોએ હમારાં ઉપલાં લખાંણમાં આફરીનની અંદર "સપેંતીઆડ વંધુયાડ ગાથાબીઓ" નાં અધુરા પદો દાખલ કરનાર તરીકે ગાહંબારની આફરીનના બનાવનારને ઠેડવેઓછે, પણ હમો હમારી વધારે સોધ ઉપરથી હમારા તે વીચારને ફેરવીએછે. કેમકે આએ પદો આફરીનના બનાવનારે પોતાની તરફથી આફરીનમાં દાખલ કરેલાં નથી; પણ પાછલથી કોઈ દશતુર ઈઆ મોબદની સહમજથી તે અસલ આફરીનમાં દાખલ થાએલાંછે. આએ વીચારની સાબેતીમાં આપણને બે મજબુત દલીલો મલેછે. તેમાંની પેહેલી દલીલ એછે કે આફરીનમાં "સપેંતીઆડ વંધુયાડ ગાથાબીઓ" ના પદો દાખેલ કરતી વખતે તેહેમાં જે અસલ "વહેશતોફ્શતોફ્શ ગાથીઆડ" ના પદો હતાં તેહેને ઉપલાં પદો દાખેલ કરનારે કાહાડી નાખેઆંછે; પણ "વેહેશતોફ્શતોફ્શ ગાથીઆડ" ના તરજુમા દાખલ "વેહેશતોફ્શતગાહ" ના બોલો આફરીનમાં લખેલા હતા તેહેને કાહાડી સકેઓ નથી; તેથી તે બોલો આફરીનમાં રહી ગએઆછે. તે ઉપરથી આપણને સેહેલાઇથી જણાએછે કે "સપેંતીઆડ વંધુયાડ ગાથાબીઓ" ના પદો અસલ આફરીનના બનાવનારની તરફથી લખાએલાં નથી, પણ પાછલથી બીજાની તરફથી તેમાં દાખલ થાએલાંછે. અને બીજી દલીલ એછે કે

કામાવોહોરાની રવાએતમાં "જંદે આફરીનગાંને ગાહંબાર" હેવાં મ થાલાં હેડલ ગાહંબારને લગતી જે શરેહ હાદોખ્ત નુસકના અવસતા ની શાહદત ટાંકીને ફારસીમાં લખી જણાવીછે, તે ગાહંબારની આફરી નને ઘણેએક દરજજે બરોબર મલતીછે, તેમાં છઠા ગાહંબારના અવ સતા તથા શરેહમાં સફંદારમદ મહીનાનું નામ મુતલક વાપરેલું ન થી; પણ અવસતામાં જેમ "વેહેશતોફશતોફશ ગાથીઆ૬" ના પદોછે, તેમજ તેના તરજુમાં મધ્યેભી "વેહેશતોફશતગાહ" કરીને લ ખેલુંછે, માટે આફરીનમાં સફંદારમદ મહીના વીસે થાએલો ફેરફાર ગએઆં બસો વરસની અંદરનો ધારેઆમાં આવેછે.

હમોએ "ફરમાનેદીન" કેતાબનાં ઉપલાં લખાંણમાં ગાહંબારનાં આફરંગાંનની પેહેલવી શરેહ મધ્યેથી છઠા ગાહંબારને લગતા અવ સતા અને તેહેની પેહેલવી શરેહ ટાંકી બતલાવીછે, તે વીસે દશતુર જામાસપજી મીનોચેહેરજી જાંમાસપઆસાવાલા પોતાના લખાંણને ૨૪ અને ૨૫ મે સફે લખેછે કે "આએ અવસતા તથા પેહેલવી ફેકરો ગાહંબારના આફરગાંનની પેહેલવી શરેહમાં મુતલક આવેલો નથી; પ ણ તે હમારી તરફથી પેહેલવી તરજુમો કરનારને નામે અમસથો લખે આમાં આવેઓછે." દશતુર જામાસપજીએ આએ લખાંણ પુરતી શોધથી કરેલું હોએ હેવું નથી. કારણ કે જે અવસતા અને તેહેની પેહેલવી શરેહનો ફેકરો હમોએ "ફરમાનેદીન" કેતાબમાં હમારી ત રફથી લખી જણાવેઓછે, તે ખોરદેહ અવસતાના પેહલવી તરજુમાં ની નકલોમો આપણને મલેછે, અને તેજ ઉપરથી દશતુરાંન દશતુર ને રીઓસંઘે ગાહંબારના આફરગાંનનો સંસકરત તરજુમો કીધોછે તેહે માં તે અવસતા ટાંકીને તેહેનો પેહલવી શરેહ સાથનો તરજુમો પો તાના ખુરદેહ અવસતાના સંસકરીત તરજુમાંના પુશતક મધ્યે આસરે ૧૦૦૦) વરસ ઉપર આપેઓછે; અને તેજ મુજબ નોશારીવાલા મર હુમ દશતુર ફરાંમજી સોહોરાબજી મેહેરજી રાણાવાલાએ ખોરદેહ અ વસતાના પેહલવી તરજુમાં ઉપરથી સને ૧૧૮૭ ઇઅજદજરદીના વર સમાં છપાવી પરગટ કરેલા ખોરદેહ અવસતાના ગુજરાતી તરજુમાંની કેતાબમાં તે અસલ અવસતા ટાંકીને તેહેની પેહેલવી શરેહ સાથનો તરજુમો કરેઓછે.

વલી હમોએ હમારાં ઉપલાં લખાંણમાં પરોફેસર વેશટરગા

૨ડના પુશતકને સફે ૩૨૦ થી તે કાબેલ પરોફેસરે છઠા ગા હુંબારને લગતા અવસતાનો ફકરો ટાંકેઓછે, અને તે ઉપર થી "વહેશતોઇશતોઇશ ગાથીઆડ" ને બદલે ગાહુંબારની આફ્રીનમાં "સપેંતીઆડ વધુંયાડ ગાથાબીઓ" નાં. પદો વ પરાએલાંછે હેવું જણાવેઉંછે; તે વીચારને લગતો અસલ ઈંગરેજી ફેક રો ટાંકી બતલાવેઓછે, તેમાં હમોએ હેવું કસું લખેઉં નથી કે પરો ફેસર વેશટરગેઆરડે જે અવસતા પોતાની કેતાબને સફે ૩૨૦) મે ટાં કેઆછે તે તેણે ગાહુંબારનાં આફ્રગાંનની પેહલવી શરેહમાં થી લીધેલાછે; પણ હમોએતો હમારા લખેલા અવસતાની હ સતી તથા તે અવસતાની મોતેબરીની સાબેતીમા વેશટરગેઆરડનો ફકરો ટાંકી બતલાવેઓ હતો, અને તે કાબેલ ગરંથકારે આફ્રીનમાં આવેલા "સપંતીઆડ વંધુયાડ ગાથાબીઓ" ના પદ અસલ અવસતાના નહી હતાં પણ "વેહેશતોઇશતોઇશ ગાથીઆડ" ને બ દલે તે પદો આફ્રીનમાં પછવાડેથી મેલાએલાં હતાં, હેવું પોતાનું મ ત આપેઉંછે, તે મત હમારા વીચારને મલતું હોવાથી હમોએ તેહે નો દાખલો આપેઓ હતો. એટલું છતાં એ ભાઈએ પોતાના વાંચના રાઓને હમારે નામે ઉલટું સમજાવવાની પેરવી કરીછે કે હમોએ લ ખીઉંછે કે વેશટરગેઆરડે તે અવસતા ગાહુંબારના આફ્રંગાનની પે હેલવી શરેહ મધેથી લીધાછે. પણ એ રીત તેવણુના અધીકારને જે બ દીએ તેવી નથી.

એક ગાહુંબારના વખતથી બીજા ગાહુંબારની હદ કેટલા દીવશ નીછે, અને તેહેનું જશન કરનારને તેમ કરવાથી કેવી રીતનો બદ લો આવતી દુનીઆમાં મલનારછે. તે વીસેનાં હાદોખત નુશકના અ વસતા ગાહુંબારના આફ્રંગાંનની નીચે લખની વખતે જેમ તે અ વસતા ગાહુંબારના આફ્રંગાંન મધે છએ ગાહુંબારના જશન કરવા ની જીકરમાં દરએક ગાહુંબારના ફેકરાને મલતાછે, તેમ તે ગાહુંબાર ના આફ્રંગાંનના ફેકરાને મલતા આંકો તે અવસતાના ફેકરાઓને મથાલે પરોફેસર વેશટરગેઆરડે મેલેઆછે. અને જેમ ગાહુંબાર છ છે તેમ તેહેને લગતા તે ફેકરાઓબી છ છે. અને તે ૭) થીતે ૧૨) માં આંક શુધીછે. આએ ફેકરાઓ પરોફેસર વેશટરગેઆરડે પારીશની આઠમા નંબરવાલી ખોરનુફની શંશકરીત તરજુમાં સાથેની પેહેલા નં

બરવાલી અને કોપનહેગનની ૧૯) મી તથા ૧૨) મી અને પેહેલા નં બરવાલી ખોરદેહ અવસતા ઉપરથી લીધાછે, હેવું તેણે તે ફેકરાઓને મથાલે લખેઉંછે જે એબારત આએ રીતનીછે:—

P. 8 and B, with the Sanskrit translation insert before the six sections 7—12 the following passages:—

1 C 8. r. also the Pázend Afrin Gahambár in k 19-12 kh. 1.

હવે આએ પાંચે કેતાબોમાં ૭) થીતે ૧૧) માં આંકવાલા ફેકરા શુધીના અવસતા વેશટરગેઆરડને બરાબર મલેઆછે; પણ છડા ગા હંબારને લગતા અવસતામાં તેહેનેબી ગુંચવારો પડેઓછે, તેથી તેણે જણાવેઉંછે કે બોરતુફના શંશકરીત તરજુમા સાથની પેહેલા નંબર વા લી કેતાબમાં "વેહેશતોઇશ ગાથીઆડ" લખેલુંછે. અને પેરીશની નકલમાં તે પદો ભુલથી લખાએલાં નથી. તથા કોપનહેગનની ૧૯) અ ને ૧૨) માં નંબરવાલી નકલમાં તથા પેહેલા નંબરની ખુરદેહ અવ સતા મધે ગાહંબારની આફરીનમાં "વેહેશતોઇશતોઇશ ગાથીઆડ" ને બદલે "સપેંતીઆડ વંઘુહીઆડ ગાથાબીઓ" છે; પણ દશતુર જામાસપજી મીનોચેહરજી જાંમાસપ આસાવાલાએ પોતાની તરફના લખાએલા અવસતાવાલી કેતાબની વધારે શંખીઆ જોઈને તે ઉપરથી લખી જણાવીઉંછે કે તેવણુની તરફેનમાં ઉપલી નકલોછે; પણ આએ છેલી તરણ નકલો પાછલા વખતની લખાએલી અને થોહોજ ભરોસો રાખવાજોગછે. કેમકે તે વીસે વેસટરગેઆરડે પોતે જે ખોલાસો કરે ઓછે. તે આએ રીતનોછે:—

"K. 19. fragment, without date but modern.

K. 12, khordeh Avasta, copied very carelessly by Herbed Rustam son of H. Darab son of Framruz. Bombay A. Y. 1170 A. D. 1801.

Kh. 1-3, Editions Printed in Bombay of the khordah Avesta, the text in the Gujráti characters. kh (1842) is a very copiuss collection of texts alone.—

"કોપનહેગનની ૧૯) મી નકલ (ખુરદેહઅવસતા) નો થોડોએ ક ભાગ તરતની નકલ કરેલોછે અને તેહેમાં લખાંણનો દાહાડોવાર નથી."

"કોપનહેગનની ૧૨) મી ચોપડી મુંબઈ ખાતે ૧૧૭૦ ઈઅજદ જરદી તથા ૧૮૦૧ ઈસવીના વરસમાં હેરબદ રૂશતમ બીન દારાબ બીન ફરાંમરજે વગર ચોકસીએ કરેલી ખોરદેહ અવસતાની નકલછે.

"પેહેલા આંકથી તે તરીજા આંક શુધીની ખોરદેહ અવસ્તા મુંબઈ ખાતે ગુજરાતી હરૂફે છપાએલી ખુરદેહ અવસતાઓમાંનીછે, તેમાં પેહેલા નંબરવાલી ખોરદેહ અવસતા શને (૧૮૪૨) ઈસવીમાં છપાએલીછે, અને તે અવસતાનાં ઘણાએક લખાંણોનો સંગરહ કરીને છપાવેલું એક દફતરછે."

આએ ઉપલા ખોલાસા ઉપરથી આપણને જણાએછે કે પરોફેસર વેશટરગેઆરડે સંસકરીત તરજુમાં સાથની ખુરદેહઅવસતાને વધારે વજનદાર ગણીને તે ઉપરથી છડા ગાહંબારના અવસતા લીધાછે, અને ઉપલી તરણ નકલો જે તુરતની અને થોડું વજન આપવા જોગ હતી તેહેમાં ગાહંબારની આફરીન મધે "સપંતીઆઙ વંધુપાઙ ગાથાબીઓ" ના નાકિસ પદો લખાએલાં હતાં, તેહેને પાછલા જમાનામાં ફેરફાર થાએલો સમજીને નોટમાં તેહેનો એશારો આપેઓછે કે, તે પદો "વહેશતોઇશતોઇશ ગાથીઆઙ" ને બદલે લખાએલાંછે; માટે દશતુર જામાસપજી મીનોચેહેરજી જાંમાસપઆસાવાલાએ જેમ પોતાની ચોપડીમાં લખાંણ કીધુંછે, તેમ વેશટરગારડે તેવણના "સપેંતીઆઙ વંધુહીઆઙ ગાથાબીઙ" ના પદોને વજન આપેલું નથી; પણ ખરા અવસતા તરીકે "વેહેશતોઇશતોઇશ ગાથીઆઙ" ને ગણેલાછે.

એ પછી ભાઈ જામાસપજીએ હમોને એક સવાલ કરેઓછે તેની મતલબ હેવીછે કે આપણ જરતોશતીઓનું વરસ ૧૨) મહીનાનુંછે અને હમોએ તથા હમારા મરહુમ મુરબી દશતુરજી એદલજી સંજાણાએતો ગાથાના પાંચ દાહાડાઓને સફંદારમદ મહીનાથી એલાહેદા રાખવાને જણાવેઆછે તારેતો વરસ ૩૬૦ દાહાડાનું જોઈએ, અને હમસપથમદેમ ગાહંબાર જે વરસની અંદર કરવાને ફરમાવેઓછે તે તો જુદો પડી જાએછે; અને તે ગાથાના દીવસો નહી આએ વરસમાં કે નહી આવતાં વરસમાં ગણાતા તો તેહેનુ કેમ ? આએ સવાલમાં ભાઈ જામાસપજીની મતલબ હેવીછે કે ગાથાના પાંચ દાહાડા મહીનામાં નહી ગણાએઆ, માટે તે ચાલુ વરસમાં કે તે પછી આ

વનારા વરસમાં ગણુતા નથી; પણ તેમ નથી. ગાથાના પાંચ દીવસો પુરા થાએઆ પછી ફરવરદીન મહીનો અને હોરમજદ રોજથી આપણું નવું વરસ ચાલુ થાએછે; માટે જાંહાંસુધી નવાં વરસની શરૂઆત થાએ નહી તાંહાંશુધીનો વખત તેહેની આગમચના વરસને લગતોછે, તેથી હમસપથમદેમ ગાહંબાર તે વરસમાં નહી ગણાએ હેવું કાંઈ નથી. કારણકે પાક પરવરદેગારે આસમાંનની અંદર ખોરશેદને ફરવાને વાસતેનો જે દોર બનાવેલોછે, તે દોરને ઉગમન પરાંતના વીદવાંનોના કોલ પરમાંણે ખુરશેદ ૩૬૫ા દાહાડાની મુદતે પુરો કરી શકેછે. આગ્મે દોરની અંદર બાર સરહદ કરેલીછે, કે જેહેને આપણ બાર રાસીને નામે ઓલખીએછે, અને તે દરએક સરહદને વરસના બાર મહીનામાના દરએકની સાથે નીસબત આપેલીછે, અને તે દરએક મહીનો ૩૦) દાહાડાનો મુકરર કરેલોછે; પણ ખોરશેદની ઉપલી બાર મંજલો બરોબર ૩૦) દાહાડે પુરી થતી નથી; તેમાંની કોઈ મંજલ ૩૦) દાહાડાની ઉપર કેટલોએક વખત ગુજરેઆ પછી પુરી થાએછે, અને કોઈ મનજલ તેહેની હદ પરમાંણે અથવા હદની અંદર પુરી થાએછે; તારે જે ખોરશેદને ચાલવાની મંજલ, ૩૦) દાહાડાની હદ ગુજરતાં બાકી રેહેછે, તે ઉપર જે વધારાનો વખત ગુજરેછે, તે વખત આફતાબની બારેં મંજલ ઉપર મુકરર કરેલા બાર માસ ઉપરાંત દંન પાંચ ને કલાક છ નો થાએછે. માટે તે વધારાના વખતને જો છેલ્લા સફંદારમદ મહીનાની અંદર દાખલ કરેતો સવાલ ઉઠેછે કે તે પાંચ દાહાડા અને છ કલાકનો વખત કાંઈ સફંદારમદ મહીનાંને લગતી આફતાબની છેલ્લી મંજલ જે મીન રાસીને નાંમે ઓલખાએછે, તે **મનજલની હદને લગતો નથી** કે તે વખતને તે છેલ્લા મહીનાંની અંદર દાખેલ કરેઆમાં આવે ? તેઆરે હવે તેહેનું સું કરવું ? તેહેનો ખોલાસો આપણને આપણાં ધરમને લગતાં પુસતક ઉપરથી હેવો મલી આવેછે કે તે બારે મંનજલમાનાં ખુરશેદની ચાલનાં વધારાનાં વખતનાં જે સવા પાંચ દાહાડાછે તેહેમાનાં પાંચ દાહાડાને દર વરસ સફંદારમદ મહીનો પુરો થવા પછી અલાહેદા રાખવા, અને તેહેને મહીનાંના તરીસે રોજથી એલાહેદે નાંમે બોલવા; અને પા દાહાડાની કસરને ૧૨૦) વરસે બરોબર એક મહીનો પુરો થવાથી ગણતરીમાં લેવી.

વલી દશતુર જામાસપજી મીનોચેહરજી જામાસપ આસાવાલા "હમસપથમેદેમ" ગાહંબારને લગતા અવસતાની તકરારને લગતું લખાંણ કરતાં "વજરકરદદીની" નાંમની પેહલવી કેતાબ વીસે લખેછે કે:—"પેલી બનાવટ થાએલી "વજરકરદદીની"ની મોઆફેક ચોડી મુદત રહીને બીજી નવી બનાવટ નહી થાએ." તેના જવાબમાં હમો એ ભાઈ સાહેબને જણાવીએછે કે—"હમસપથમેદેમ" ગાહંબારને લગતા "વહેશતોઈશતોઈશ ગાથીઆક" નાં અવસતાનાં પદો ખોરદેહ અવસતાનાં પેહલવી તરજુમાં મધેથી મરહુમ દશતુરાંન દશતુર નેરીઓસંગ ઢવલે ૧૦૦૦) વરસ ઉપર પોતાના ખોરદેહ અવસતાનાં શંસકરીત તરજુમાં મધે લખેલાછે, અને તેમજ તે અવસતા ઈરાંનથી આવેલી દશતુર બરજોર કાંમદીનની અને કાંમાવોરાની રવાએતોની અંદર તથા મરહુમ દશતુર ફરાંમજી સોહોરાબજી મેહરજી રાંણાવાલાએ છપાવી પરગટ કરેલી ખોરદેહ અવસતા બામાએનીની કેતાબમાં તથા દશતુર અસપંદીઆરજી ફરાંમજી રબાડીએ શને ૧૨૧૮ ઈઅનદજરદીનાં વરસમાં છપાવી પરગટ કરેલી "ઈજરાને બા માએની" ની કેતાબમાં ગાહંબારનું આફરંગાંન માએની સાથે પરગટ કરીઉંછે તેમાં, અને તેમજ બીજી કેતાબોમાં નોધાએલાંછે, પણ જે "**સપેંતીઆક વંધુચાક ગાથાબીઓ**" **ના અધુરાં અને ખાંમી ભરેલાં પદો** અવસતાને નામે ઉભાં કરીને આફરીનમાં દાખલ કરવામાં આવેઆંછે, તેનો આધાર કોઈબી ઠેકાંણેથી મલતો નથી; માટે એ કીઆ અવસતાનાં પદોછે? અને તેહેની શાહાદત કીઆ અવસતાથી મલેછે? અને તે આફરીન સેવાએ બીજા કાંહાં આવેલાછે? તે તેવોથી બતલાવી સકાવાનું નથી. "વજરકરદદીની" વીસે જે કાંઈ પોતાની હદની બાહેર જાઈને ભાઈ જામાસપજીએ લખાંણ કીધુંછે, તેના જવાબમાં વધારે લંબાંણ કરવા કરતાં ટુકમાં એટલુંજ જણાવીએછે કે "વજરકરદદીની" નાંમની પેહેલવી કેતાબને પરથમતો ભાઈ જામાસપજીનાં બુજરગ નીઆગાંનોએ પોતાના અંતકરણથી દીનની કેતાબ તરીકે ગણેલી હતી, અને તેહેના દાખલાઓને પોતાના લખાંણમાં વાપરેઆ હતા પણ પાછલથી એ કેતાબ છપાઈ પરગટ થાએઆ પછી પોતાના કેટલાએક નાપાએદાર ફતવાઓની સાંહાંમગે એ કેતાબનું લખાંણ જોવાથી, તે કેતાબની વીરૂધ પોતાનું મત આપવાની, અને આલમનાં લોકોને તે કેતાબ વીસે શકમંદ કરવાની છુપે અથવા જાહેર નામે

ઈઉકતી કરેઆમાં આવી હતી; તે વીસેનો દાખલો હવે પછી આએ પુ શતક મધે આગલ ભાઈ જાંમાસપજીના મરહુમ મુરબીજીનાં લખાંણના ખોલાસામાં જેએઆમાં આવસે.

વલી ગાહંબારનાં આફરીનગાંનની પેહલવી શરેહમાંથી "હમસપ થમેદેમ" ગાહંબારને લગતો જે પેહલવી ફકરો હમોએ હમારા લખાં ણમાં પરગટ કરેઓછે, તે વીસેબી ભાઈ જામાસપજીએ પોતાના લખાં ણને ૨૮) મે સફે બીલકુલ ઈનકાર કરેઓછે; અને તે વીસે આએ પર માંણે લખેઉંછે કે—

" દશતુર પેશુતનજી સાહેબ, આએ ઉપર લખેલો પેહલવી ફકરો
" તમોએ કેઈ અવસતાની કેતાબ મધેથી અને તે કોઆ અવસતાની
" માએની અથવા શરેહ મધેથી ઉતારેઓચ તે વગર ઢીલ કરવે, તે અ
" વસતા તથા તેહેની પેહલવી સાથે જણાવવું ! પેશોતનજી સાહેબ
" તમોને હાવી રીતે જાંણી બુજીને લોકોને ખોટાઈ રાહમાં ભુલાવો
" દેવાની શું જરૂર ! તે હમોને સહમજ પડતી નથી."

આએ ઉપલા સવાલનાં જવાબમાં ભાઈ જામાસપજીને હમો ખો લાસો કરીએછે કે ખોરદેહ અવસતામાં જાંહાં ગાહંબારનું આફરંગાં ન તેહેની પેહલવી શરેહ સાથે લખેઆમાં આવેલુંછે, તે જગોએ ઉપ લો પેહલવી ફેકરો લખેઆમાં આવેલોછે. અને હમારી પાસે જે નકલો છે તે એકસોઓથી વધારે વરસ ઉપર મરહુમ દશતુર રૂશતમજી બેહેરાં મજી સંજાણાને હાથની કરેલીછે, અને તેજ ઉપરથી હમોએ ઉપલો ફે કરો ટાંકીને બતલાવેઓછે. જારેબી તે ફેકરો ભાઈ જામાસપજી પોતા ની ખાતેરીને વાસતે જેવા માંગશે, તે વખતે દેખાડવામાં આવસે, એ ટલુંજ નહી પણ ઈરાંનના દશતુર સાહેબોએ "હમસપથમેદેમ" ગા હંબાર વીસે જે ફારસીમાં શરેહ કરેલીછે તે શરેહનો આધારબી એજ ઉપલો પેહેલવી ફેકરોછે.

વલી "દીનકરદ" અને "બુનદેહશને" કેતાબ મધેથી ગાથાના દીવસો સફંદારમદ મહીના સાથે તાલુકો રાખતા નથી, તે વીસેનાં દા ખલાઓ હમોએ બીજીવાર પરગટ કરેલી "ફરમાને દીન" ની કે તાબના હમારાં લખાંણમાં હમોએ બતલાવેઆછે, તે મધે "દીનકરદ" કેતાબનાં લખાંણમાંથી "બીના" નો પેહલવી બોલ કાંઈએક ગફલતી થી નીકલી જવાને લીધે તેના તરજુમા મધે પણ તેનો અરથ કરવાનો ર

હી ગએલોછે, તે ઉપર ભાઈ જામાસપજીએ લંબાંણથી લખાંણ કરેઉંછે, પણ તેમ કરવાની એ ભાઈ સાહેબને કસી જરૂર નહી હતી; કારણ કે તે "દીનકરદ" કેતાબનો ફેકરો અસલ ફરમાને દીન કેતાબની અંદર મરહુમ દશતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાણાએબી પરગટ કરેલોછે, મારે જેમ ભાઈ જામાસપજીએ પોતાના વાંચનારાઓને જણાવેઉંછે, તેમ જો હમોએ જાંણી બુજીને તે લોગત કાહાડી નાખેઓ હતેતો અલબતે મરહુમ દશતુરજીનાં અસલ ફેકરામાંથી પણ તે લોગત હમોએ કાહાડી નાખેઓ હતે, પણ તેવું કસું નથી; અને "**બીના**" નો લોગત એબારતમાં રેહેવાથી તે એબારતની મતલબ કોઈબી રીતે ફરી સકતી નથી. એ સેવાએ ઉપલા ફેકરાઓનાં અરથમાં ભાઈ જામાસપજીએ પોતાની મતલબનો ફેરફાર પોતાના મુરબીજીના કરેલા અરથ ઉપરથી કરેઓછે, તેથી તે તરજુમો અસલ ફકરાનાં લખાંણને બરોબર મલતો નથી.

વલી હમારા ભાઈ સાહેબ જામાસપજી પોતાના લખાંણને સફે ૪૮) મે લખેછે કે—"ખોરેહવહીજક કેતાબ ખોટી બનાવટથી ઉભી ક" રેલીછે, એ વીસેનો વીગતે ખોલાસો એ "ખોરહવહીજક" અને " "ફરમાને દીન" એ બંધે ચોપડીનું સરવાઈઉં હમોએ લેવા માંડે" ઉચ તે છપાવી આલમની હજુરમાં મેલસું તારે તમારી તથા જર" તોશતી આલમની ખાતરી થશે."


તેના જવાબમાં હમો એ નેકબખત ભાઈને તેવણનાં હેતુ દાખલ ચેતવણી આપીએછે કે જે કાંમ તેવણે માથે લીધુંછે તે તેવણની શકતીની હદ ઉપરાંતછે; તોએપણ હમો એ ભાઈ સાહેબને જણાવીએછે કે તે સરવાઈઆંની અંદર પોતાના મરહુમ મુરબીજીની તરફ મોહોબત બતલાવીને **તેવણનાં બનાવેલાં "બુનદેહશને" તથા "આવાં ઈઅશત બા માઅની" નાં પુશતકનું શરવાઈઉં લેવાનેબી ચુકતું નહી.** કેમકે પાછલથી કોઈ ભુલ કાહડે તે કરતાં આપણેજ બતલાવવું સારૂંછે.

એ પછી ભાઈ જામાસપજી મીનોચેહરજી દશતુર જામાસપ આસાવાલાએ ઉગમણ પરાંતની ભાષાના ઈઉરોપખંડના વીદેઆરથીઓને નામે કેટલાએક દાખલાઓ પરગટ કરેઆછે, અને તે દાખલાઓ વીસ તેવણે જણાવેઉંછે કે તે તેવોને ઉગમણ પરાંતની ભા

ષાના એક વીદવાંન ગરહસથની મદદથી મલેઆછે. આએ દાખલાઓ મધે **થીઓદર બેનફી**, અને **મોરીજ એ સ્ટરન** નામના વીદવાંનોની બનાવેલી "વેબર ડી મોનાટસનામન" કેતાબને સફે ૧૪૧ થી ઉતારી લીવેલા ફેકરાઓને નામે જે ફેકરાઓ બાઈ જામાસપજીએ પોતાનાં લખાંણને ૫૩) મે સફે પરગટ કરેઆછે તે નીચે જણાવેઆ પરમાંણેનાછે.

"કે જે ઘહંમબારનાં જશનો વીશે મેં કહેલુંછે, અને તે વીશે "ચોકશ લખેલુંનીછે કે તે **ગાથાના વધારાના દાહાડાઓ કે તે એ "સફંદારમદ મહીનાની અંદરજ આવેછે** ઈતીઆદી."

"**તે ૯) ઘહંબારના મોહોટાં જશનો વધારાનાં દાહાડા સુધી "કાએમ કીધેલાંછે તે મધેનાં વધારાના દાહાડાઓનું જશન એ "સફંદારમદ મહીનાની અંદરછે** તેના જંદ અવસતા નીચે "પરમાણેછે.



"તે ૬) જશનોની કીરીઆઓ કાએમ કરેછે, **તે** કીરીઆ ગાથા "**ઓમાં અથવા એ સફંદારમદ મહીનાનાં વધારાનાં દાહાડા "ઓમો** પણ તેજ પરમાણે લાગુ પડેછે. (તે વીસે) પાજંદ શરેહમાં "આએ રીતે શબદો આવેલાછે. નેહાદશપેંદારમદમાહ વેહેશતુફશત "ગાહ અહુનવદગાહ. કે આએ જશન મેં **શફંદારમદ મહીનામો** "કાએમ કીધુંછે **ઘાહા હોનવદથી વેહુશતોફશત સુધી.**

"તે પાંચ વધારાના દાહાડાઓ હમેશે પુરાતમ જમાનાથી **સફંદા "રમદ મહીનામોજ** વધારવામાં આવેલાછે."

વાંચનારા દાનેશમંદ જરતોશતીઓને હમોએ જણાવવું જોઈએ છે કે આએ ઉપલા ફકરાઓમાંનો એકબી ફકરો ઉપલી કેતાબમાં જોતાં આપણને મુતલક મલતો નથી, પણ તેહેને બદલે તે કેતાબને ૧૪૦) મે સફે સુલતાંન જલાલુદીને આપણી તારીખ ઉપરથી પોતાની તારીખ બનાવીછે, તે વીસે લખતાં આપણાં વરસ વીસે આએ રીતે લખેલુછે કે—

"Das gemeine Jahr besteht aus 365 Tagen, nemlich aus "12 dreissigtägigen Monaten und 5 Ergänzungstagen, die "am Ende des Jahres angehängt werden."

" સાધારણ વરસ જુમલે ૩૬૫ દાહાડાનુંછે, તેહેમાં **૧૨ મહીના**
" **પુરા તીસ દાહાડાનાછે,** અને પાંચ ઉપલગ દાહાડાઓ વરસને
" છેડે વધારેઆમાં આવેલાછે."

એજ કેતાબને ૧૪૧) મે સફે તેહેના કાબેલ લખનારે પેહેલાં પોતાની તરફથી ચેઆર સવાલો કરીને તે ઉપર પોતાના વીચારો આપેઆછે, તેમાનો ચોથો સવાલ જારે ૧૨ મો સફંદારમદ મહીનો કબીસાને લગતો આવે તેઆરે ગાથાના પાંચ દાહાડાઓને તે બે સફંદારમદ મહીનામાં કીઆ મહીનાંની ઉપર મેલવા તે વીસે કરેલોછે તે આએ રીતેછે :—

"4 An welchen Monat des Jahres wurden die fünf Er-
"gänzungstage angehängt?

" તે છેલ્લા પાંચ દાહાડા વરસના કીઆ મહીના ઉપર મેલેઆ
" માં આવેલાછે ?"

આએ ઉપલા સવાલનો કેટલાએક વીચારો જણાવીને એજ કેતાબને ૧૫૨) મે સફે તેના બનાવનારે પોતાની તરફથી ખોલાસો કરેઓછે તે આએ રીતનોછે :—

"Die Ergäzungstage durften mithin niemals vom
"Anfange des folgenden Jahres getrennt werden. Sollte
"also ein Schaltmonat am Ende des Jahres eingeschoben
"werden, so musste er Zwischen dem Ende des letzten
"Monats Asfendarmed und den Ergänzeungstagen ange-
"bracht werden."—

" એ પરમાણે (ગાથાના) ઉપલગના દાહાડાઓને નવાં અથવા
" બેસતાં વરસની શરૂઆતમાંથી કોઇબી રીતે છુટા પાડી સકાતા ન
" થી; એટલા સારૂં વરસને છેડે જો કબીસાનો મહીનો હોએતો આ
" ટલુંતો અગતનુંછે કે (૧૨ માં) સફંદારમદ મહીનાના છેડા અને
" (ગાથાના) ઉપલગના દાહાડાઓની વચ્ચે તે (કબીસાના) મહીનાને
" મુકવો જોઇએ."

વલી એજ કેતાબના બનાવનારે પોતાની કેતાબને સફે ૧૪૬) મે " સપેંતીઆક વંધુહીઆક ગાથાબીક" ના વાંધા ભરેલાં પદો પોતાની કેતાબમાં ટાંકીને તે વીસે પોતાની તરફથી જે વીચાર આપેછે તે આએ રીતનોછે :—

"Paūkâka haptâitîm hamaçpathmaêdhajahê çpentajâo
"vaghujâo gâthâbjô ;"

"Wir übersetzen diese stelle nicht, weil sie dieselbe
"unvollkommene construction."

" આએ જગો આપણ (ઉપલાં પદોનો) તરજુમો કરી સકતા ન
" થી, કેમકે તેહેની પોતાની **જોડણી કાએદા પરમાણેની નથી.**"

હવે વાંચનારા સાહેબોએ દરીઆફત કરવી જોઈએછે કે ભાઈ જા**માસપજીએ** " વેબર ડી મોનાસનામન" હેવે નાંમની જરમન ભાશા**મા સને ૧૮૩૬ ઈસવીમાં છપાઈ પરગટ થાએલી કેતાબને નામે જે દાખલાઓ કોટેશનમાં ટાંકી** બતલાવેઆછે, તે દાખલાઓ મુતલક તે કેતાબ મધે આવેલા નથી, પણ તેહેને બદલે ભાઈ જામાસપજીના વીચારની વીરૂધ અને હમારા વીચારને મલતા દાખલાઓ તે કેતાબમાં નોધાએલાછે, તેઆરે તે કેતાબને નાંમે ભાઈ જામાસપજીએ કાલા હરૂફે કોટેશનમાં જે લખાંણ કરેઉછે તે કેટલુ વજનદારછે તેની તપાસ તમોએ પોતે કરવી.

એ પછે ભાઈ જામાસપજીએ પોતાના લખાણને ૫૪) મે સફે પરોફેસર સ્પીગલને નામે જે બેએ ફેકરા ટાંકી બતલાવેઆછે તે ફેકરાઓ કાંઈ તે કાબેલ પરોફેસરના પોતાના વીચાર નથી; પણ ગાહંબારની આફરીનમાં પાછલથી દાખેલ થાએલા "સપેંતીઆઉ વંઘુયાઉ ગાથાબીઓ" ના વાંધા ભરેલ પદોનો તેણે તે તરજુમો કરેલોછે, અને તેહેમાં કસી નવાઈ નથી; કેમકે પરોફેસર સ્પીગલને જેવો ખાંમી ભરેલો ફેકરો આફરીનમાં મલેઓછે, તેનો તેહેનો તરજુમો તેણે કરેઓછે, માટે તેથી તે કાબેલ પરોફેસરનું તે મતછે હેવું ગણાએ નહી.

એ પછી ભાઈ જામાસપજી મીનોચેહરજી દશતુર જામાસપ આસાના લખેછે કે :—

" લાટીન, જરમન, અને ફરેંચ ભાશામાં જે પુશતકો છપાએલાં
" છે, **તે સરવે** પુશતકોના બનાવનારાઓનો હેવોજ વીચારછે **કે** પાંચ
" વધારાના ગાથાના દાહાડાઓ **અસફંદારમદ મહીનામાજ આ**
" **વવા જોઈએ.**"

આએ ઉપલાં લખાંણની શાહદતમાં ભાઈ જામાસપજીએ પરોફેસ**ર ઠામસ હાઈડે** ૧૭૦૦ ઈસવીના વરસમાં બનાવેલાં **વીટરમ પ્રસા**

રમ નામના લાટીન ભાશાના પુશતકને સફે ૧૬૪ થી તે ૧૬૬ સુધી, તથા ૨૬૬ મે સફે વાંચવાનો હવાલો આપેઓછે, પણ એ ઉપલાં પુશતકમાં ભાઈ જામાસપજીએ બતલાવેલા સફામાં "ગાથાના પાંચ દાહાડા સફંદારમદ મહીનામાજ આવવા જોઈએ" હેવું કસુ લખેલું નથી; પણ તેહેને બદલે ઉપલાં પુશતકમાં ૧૬૪ થીતે ૧૬૬ માં સફા સુધી છએ ગાહંબારનુ વરણન કરેલુંછે, તેમા છઠા ગાહંબાર વીશે તે પુશતકના કાબેલ બનાવનારે જે વીચાર જણાવેઓછે તે આએ રીતનોછે.

"VI. Sextum tempus est همسپتمدم *Hamespitâmidim*, "75 dierum, quibus creatus est Homo.

"છઠો હમસપથમેદેમ (ગાહંબાર) નો વખત ૭૫) દાહાડાની "મુદતે આદમીઓને પેદા કરવા વીસેનોછે."

એજ ઉપલી લાટીન કેતાબને (૨૬૬) મે સફે પાદશાહ જલાલુદીન મલેકશાહાએ આપણી તારીખને મલતી પોતાની તારીખ બનાવી હતી, તે વીસેનું વરણન કરેલુંછે, તેહેમાં જણાવેલુંછેકે જેમ આપણે વરસના ૧૨ મહીના દર ૩૦ દાહાડાના ગણીએછે, અને ગાથાના પાંચ દાહાડાને સફંદારમદ મહીનાંની પછવાડે રાખીએછે, તેમ ઉપલા પાદશાહએ પોતાની તારીખ મુકરર કરી હતી, અને તેહેમાં ફેર માતરે એટલોજ હતો કે આપણ જરતોશતીઓ ગાથાના પાંચ દીવસોને ઘણુ માંન આપીએછે, તેમ તે દાહાડા જલાલી તારીખમાં ઈજતદાર ગણાતા નહી હતા. એ સેવાએ "સફંદારમદ મહીનાંની અંદરજ ગાથાના દાહાડા જોઈએ." હેવો જે ફેકરો ઉપલી કેતાબને નામે ભાઈ જામાસપજીએ કોટેશનમા કાલા હરૂફે લખી જણાવેઓછે તે મુતલક તેહેમાં લખેલો નથી; પણ તેહેની વીરૂધ એજ કેતાબને સફે ૨૬૭ મે ગાથાના દીવસો વીસે પરોફેસર હાઈડે નીચે જણાવેઆ પરમાણે પોતાનો વીચાર આપેલોછે.

Apud Alpherganium fat commodo nomine appellantur اندرجاهات *Anderjâhât*, quod magis Persicè dicendum esset اندرگاهان *Andergâhân*, i. e. *intermedia tempora*, seil inter Veterem annum and novum.

"(ગાથાના પાંચ દાહાડાને) જરતોશતીઓ اندرگاهان અંદરગાહાંન, કરીને કેહેતા હતા, જેહેને સેડેલા ઉચ્ચારથી اندرجاهات અં

“ દર જાહાત, કરીને આલફરજાંનીએ વાંચેઉંછે, અને તેહેનો અરથ
“ નવાં તથા પુરાં થાએલાં વરસની વચેનો વખત હેવો થાએછે.”

વલી ઉપલીજ લાટીન કેતાબને ૧૯૦ તથા ૧૯૧ મે સફે આપણા બારે મહીનાઓના નાંમોની સાથે તેહેના દીવસોની સંખી આ જલાલુદીનની તારીખ મુજબ બતલાવીછે, તેહેમાંબી તેણે ૧૨ મો સફંદારમદ મહીનો ૩૦ દાહાડાનો લખેલોછે, તે વીસેનો જે કોઠો તેણે આપેઓછે તે આએ રીતનોછે.

માએની.

فروردین	Phervardin,	XXX	Mart··	ફરવરદીનં,	૩૦,	મારચ.
اردیبهشت	Ardibehisht,	XXX	April··	અરદીબેહેશત,	૩૦,	એપરેલ.
خرداد	Churdâd,	XXX	Majus··	ખોરદાદ,	૩૦,	મેએ.
تیر	Tir,	XXX	Junius·	તીર,	૩૦,	જુન.
مرداد	Murdâd,	XXX	Julius·	મરદાદ,	૩૦,	જુલાઈ.
شهریور	Shahrivar,	XXX	August.	શેહેરેવર,	૩૦,	આગસટ.
مهر	Mihr,	XXX	Sept···	મેહેર,	૩૦,	સપટેમબર.
آبان	Aban,	XXX	October.	આબાન,	૩૦,	અકટોબર.
آذر	Adur,	XXX	Nov.···	આદર.	૩૦,	નવેમબર.
دی	Dey,	XXX	Dec.···	દએ,	૨૦,	ડીસેમબર.
بهمن	Bahman,	XXX	Jan.····	બેહમન,	૩૦,	જાનેવારી.
اسفندارمز	Isphendarmaz	XXX	Feb.····	અસ્ફંદારમદ,	૩૦,	ફેબરવારી.

દશતુર જામાસપજીએ જે છેલલાં જરમન પુશતકના ૨૪) મા સફાનો એશારો બતલાવેઓછે, તે ડાકટર જાંન એ આંગસટ વલરસના બના

વેલા "**ફ્રાગમેંનટ વેબર ડી રીલીજીઓન ડેસ જોરોઆસટર**" એવે નામનાં પુશતકનોછે. આએ પુશતકના ૨૪) મા સફા મધે તે ગરંથકારે "બુરહાને કાતે" નામની ફારસી ફરહંગમા છએ ગાહંબારની તફસીલ ભુલ ભરેલી રીતે આપેલીછે તે મુજબ તેહેની અસલ ફારસી એબારત પોતાની કેતાબમાં ટાંકીને તેનો તરજુમો આપેલોછે, તેહેમાં છઠા હમસપથમેદેમ ગાહંબાર વીસે તેણે જે ફારસી ફેકરો પરગટ કરીને તેહેનો તરજુમો આપેઓછે તે આએ રીતનોછે:—

کاهنبار ششم همسپتمیدیم نام دارد و آن اهنود روز است که روز اول خمسه مسترکه قدیم باشد گویند که یزدان ازین روز تا هفتاد و پنج روز آفرینش آدم علیه السلام کرد و مبادی این ایام بر تقدیری است که خمسه مسترقه را در آخر بهمن ماه افزایند و بهمن ماه را سی و پنج گیرند.

"6 Hemeschpetemehdim am Tage Ahnud, dem ersten "der 5 Ergänzungstage des Jahres. Dieser Zeitraum begreift "75 Tage in sich, in welchem Gott den Adam erschaffen "hat. Diese 5 Tage entstehen daher, dass man dem. Monate "Behmen einen Zusatz von 5 Tagen gab, wodurch dieser "35 Tage Zählte.—

"૬) ઠો હમસપથમેદેમ ગાહંબાર અહુનવદ ગાથાને દાહાડે "છે, જે વરસના છેલા પાંચ દાહાડાનો પેહેલો દીવસછે. આએ વખ "તે ૭૫) દાહાડાની મુદતે ખોદાએતાલાએ આદમને પેદા કરેઓ "હતો. આએ ૫) દાહાડાઓની શરૂવાત હેવી રીતનીછે કે તેઓને "બેહમન મહીનાની સેવટે વધારેછે, જેથી આએ મહીનાને ૩૫) દા "હાડાનો ગણેછે."

આએ ઉપલાં લખાંણમાં સફંદારમદ મહીનાનું નાંમ મુતલક આવેલું નથી, પણ ઉપલી કેતાબના લખનારે "બુરહાંનેકાતે" નામની ફારસી ફરહંગના આધાર ઉપરથી હમસપથમેદેમ ગાહંબારની જે હદ બેહમન મહીના સાથે જણાવેલીછે તે બીલકુલ ખોટીછે. સરવે જરતોશતીઓ જાણેછે કે "હમસપથમેદેમ" ગાહંબાર બેહમન મહીનામાં આવતો નથી; પણ સફંદારમદ મહીનાની આખેરીએ આવેછે. તેવું ખોલું છતાં ભાઈ જામાસપજીએ ઉપલી કેતાબને નામે વાંચનારા

ઓને સમજાવેઉંછે કે ઉપલા ફકરામાં ગાથાના પાંચ દાહાડા સફંદારમદ મહીનાની અંદરછે હેવું લખેલુંછે; પણ હમોએ જણાવવું જોઈએછે કે ગાથાના પાંચ દાહાડા સફંદારમદ મહીનાની સેવટે અને વરસની આખેરીએ આવેછે હેવું ઉપલીજ કેતાબને સફે ૨૬ મે ખોલ્લું લખેલુંછે. અને તે આએ રીતછે:—

"Unter den 5 Ergänzungstagen versteht man den Zusatz
"von 5 Tagen, welche an das Ende des lezten Monats
"Isfendermuds im alten persischen Sonnen Jahre hinzuge-
"fügt wurden.—

"તે (ઈઆને ફરવરદેગાંનના ૧૦ દાહાડા) માં છેલલા ૫)
"દાહાડા મુકરર કરેલાછે, તે પાંચ દાહાડાઓને આગલા પારસીઓના
"સાધારણ વરસના છેલલા સફંદારમદ મહીનાની આખેરીએ મેલેઆ
"માં આવેલાછે."

એ ઉપરાંત ભાઈ જામાસપજીએ આંકુઈટીલ ડુ પેરોન તથા જાન ફરેડરીક કલુકરના ગરંથોના સફા ટાંકીને વાંચનારાઓને સમજાવેઉંછે કે તેહેમાં ગાથાના દીવસો સફંદારમદ મહીના સાથે તાલુકો રાખેછે હેવું જણાવેલુંછે. તેમાં પણ હમારા એ ભાઈ સાહેબે ઉપલીજ રીતે પોતાના વાંચનારાઓને ઉલટું સહમજાવીઉંછે; પણ હેવી રીતે પોતાની મતલબને વાસતે જરતોશતી આલમને તેના એક ખરાં ધરમનાં ફરમાંનથી ઉલટી રીતે ચલાવવા સારૂ અણઘટતી રીત વાપરવી ઘટારત નહી હતી.

હવે મરહુમ દશતુર એદલજી દારાબજી જામાસપઆસાનાએ બનાવેલાં "રદીઅએ કેતાબે ફરમાંનેદીન" એવે નામનાં પુશતક મધે તે બેહેશતી દશતુરે સફંદારમદ મહીનો ગાથાના દીવસોમાં પઢવાને સારૂં જે દલીલો પોતાની તરફથી બતાવીછે, તેની હમો તપાસ કરીએછે.

વાંચનારા દાનેશમંદ સાહેબોએ જાંણવું જોઈએ કે મરહુમ દશતુર એદલજી આસાવાલાએ પોતાના દીબાચાને ૨) જે સફે સરવે જરતોશતીઓ ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢતા નથી, અને ફકત તેવણનાજ ખાંનદાંનવાલા ગરહસથો ગાથાના દીવસોમાં સફંદા મદ મહીનો પઢેછે, તે વીસે આએ રીતનો ખોલાસો કરેઓછે કેઃ—

" આગલ આપણાં લોકો ઉપર ઘણાએક હાદેસાઓ પડવાથી આપણી
" દીનની કોરીઆઓમાં કેટલીએક ભુલ ચુકો થાઇછે, તેમજ ગાથા
" ના દાવસોમા સફંદારમદ મહીનો પઢવાનેબી દશતુર જામાસપ
" આસાના ખાંનદાંન વગેરે સરવે જરતોશતીઓ ભુલી ગએઆછે;
" એટલુંજ નહી પણ સઘલા દશતુર, મોબદો ગાથાઓ સાથે મહીનો
" પઢવાને દીનના હોકમ પરમાંણે કબુલ કરેછે; તોપણ તેઓના વડવા
" ઓ તે ખરે રસતે ચાલી ગીઆ નથી, માટે તેઓને તેમ કરવાને શ
" રમ લાગેછે." આએ લખાંણમાં મરહુમ દશતુર એદલજી આસાવા
લાએ પોતાની એક નાપાએદાર તકરારને વજંનદાર કરવા સારૂં આ
ખી જરતોશતી આલમ ઉપર એક ઘણોજ ગેરવાજબી ઠપકો મેલેઓછે.
જો એ દશતુરજીએ એમ કહીઉં હતે કે જરતોશતીઓના એક અથ
વા બે પંથકના દશતુર, મોબદો અને બેહેદીનો સફંદારમદ મહીનો પ
ઢવાને ભુલી ગીઆછે તો કદાચ આપણને હેવો ખેઆલ આવતે, કે તે
પંથક ઉપર વડીઅલ તરીકે મોટાઇ ભોગવનાર કોઈ વગ અને કાબુવા
લા દશતુર ઇઆ ધરમગુરૂના ફતવા ઉપરથી તે પંથકના લોકોએ ભુલા
વો ખાયો હોએ; અને તેમ ચાલેઆ હોએ; પણ દશતુર એદલજીતો
ઇરાંન અને હીંદુસથાન ખાતે વસનારી સઘલી જરતોશતી આલમ વી
સે તેમ કેહેછે; તારે આપણથી તે મુતલક કબુલ રાખી સકાતું નથી.

વલી ઉપલીજ રીતનો એક વીચાર મરહુમ દશતુર એદલજી આસા
વાલાએ પોતાની કેતાબના દીબાચામાં હમારા જુનતગુજીન મુરબી દશ
તુરજી એદલજીને લાગુ પાડેઓછે, તે હેવી રીતનોછે કે "દશતુર એદલજી
આસાવાલાને મરહુમ દશતુર રૂશતમજી બેહેરાંમજી સનજાણા તથા દ
શતુર નવરોજજી રૂશતમજી સંજાણાને હાથની લખેલી આફ્રીનની કે
તાબો જીનતનશીન દશતુર ટેમુલજી નવરોજજી સંજાણાના કેતાબ
ખાંના મધેથી મલી હતી; પણ મરહુમ દશતુરજી સાહેબ એદલજી દા
રાબજી સંનજાણાએ જે જે જગોએ તેવણના બુજરગોના દશતાવેજો
લખેલા હતા તે સરવે ઠેકાંણે લખી વાલીઉં હતું કે તે ઓચરો હરગે
જ થાઈને કોઈના હાથમાં નહી જાએ, અને બનીઉં તાંહાં સુધી મરહુ
મ દશતુરજી એદલજી સંજાણાએ પોતાના નીઆગાંનોને હાથના તથા
પોતાને હાથના ઓચરો તેવણના કબજામાં લીધાં તેથી આએ મજકુર
દશતુર પાસે નકલ રહી ગઇછે;" હવે આએ મરહુમ દશતુર એદલજી

જામાસપ આસાવાલાનું બોલવું કેટલું વજનદારછે તે આપણે તપાસી વું જોઇએછે. મરહુમ દશતુર રૂશતમજી બેહેરાંમજી સંજાંણા તથા તેવણના નેકબખત બેટા દશતુર નવરોજજી રૂશતમજી સંજાંણા, તથા ભતરીજા દશતુર શાપુરજી માંણેકજી સંજાણા અને નબીરા દશતુર ટેમુલજી નવરોજજી સંજાંણા જેવણનું કાંમ શુરત ખાતે હમેશાં દીનની કેતાબો લખીને પરસીધ કરવાનું, દશતુર, મોબદો, તથા બેહેદીનોને દીનની બાબતોથી વાકેફ કરવા સારૂં દીનના દફતરોના તરજુમાંઓ લખી આપવાનું, અને નોશારી તથા ભરૂચ અને શુરત ખાતે વસનારા દશતુર, મોબદોને આપણી દીનને લગતો એલમ સીખવવાનું હતું, તે વાત સરવે અથોરનાંનોને તથા શુરત ખાતે વસનારા ઘણાખરા બેહદીન સાહેબોને જાંણીતીછે; એટલુંજ નહી, પણ ઉપલા દીનઆગાહ દશતુરોનું લખાંણ સુરત, નોશારી, અને ભરૂચ ખાતેતો ફેલાઈ ગએલું હતું, પણ ઇઉરોપખંડ જે આપણથી હજારો કોસ દુરછે તાંહાંબી તે નેકબખત દશતુરોનાં હાથના લખેલા દશતાવેજો ગએલા હતા, જેની સાબેતી હાલમાં ઇઉરોપખંડ ખાતે મરોરદાર ટાઈપથી છપાએલાં પરોફેસર સ્પીગલના જંદ અને પેહલવી પુશતકો, તથા બોરનુફના બનાવેલાં "કામનટેરીસુરૂલ ઇઅશનો" નાં દફતરો આપણને બતલાવેછે, કારણ કે મજકુર પુશતકોમા જે પેહલવી અને જંદના ટાઇપો વપરાએલા છે તે ટાઈપ મરહુમ દશતુર રૂશતમજી બેહેરાંમજી સંજાણાંના દસતખતની વલાંણના આકાર ઉપરથી પાડેઆમાં આવેલાછે, અને પરોફેસર સ્પીગલે ઉપલા મરહુમ દશતુરજીએ વંદીદાદની દરએક પરગરદની શરૂઆતમાં પોતાની તરફથી જોડેલાં ફારસી બેતો લખી જણાવેલાં છે તે બેતો પોતાના જરમન તરજુમા મધે નોટમાં ટાંકેલાંછે તેમા વંદીદાદની ૧૮ મી તથા ૧૯ મી પરગરદ મધે દશતુર રૂશતમજી સંજાણાંનું ખોલલું નામ વપરાએલુંછે અને તે અસલ બેત આએ રીતનાંછે—

هزدهم فرگرد را میخوان تو ای رستم بکام
تا تو رازی از سروش و هم هیشم یابی تمام
نوزدهم فرگرد را میخوان تو ای رستم تمام
بر گجسته کن شکست و زن چو پیغمبر بکام
فکرهای این دو امشاسفندان کن ز جان
تا روانت جای یابد در بهشت جاودان

મા એની.

"એ રૂશતમ અઢારમી પરગરદને તું ઉલટથી પઢ કે સરોશ અને હેશમને લગતા સઘલા ભેદને તું જાણે.

"એ રૂશતમ ઓગનીસમી પરગરદને તું તમાંમ પઢ અને પેગમબરની ઈચ્છા મુજબ ગજસતે ઉપર તું ફતેહ મેલવ, તથા આએ બે અમેશાસપંદની અંતકરણથી તું જેકર કર કે તારૂ રવાંન હમેશનાં બેહશતની જગો પાંમે."

એજ વાત દશતુરજી એદલજી સંજાણાંના નીઆગાંનોના લખાંણો કેવી રીતે ફેલાએલાંછે તેહેની આપણને સાબેતી બતલાવેછે, તારે હવે મરહુમ દશતુર એદલજી આસાવાલાના કેહેવા મુજબ હમારા મુરબી દશતુરજી એદલજી સંજાંણાં પોતાના નીઆગાંનોના દસતાવેજો કેટલાએક એકડા કરી શકે ? અને સંજાણાંવાલા દશતુરોને હાથનાં પુશતકો કાંહાં કાંહાંછે તેહેની નોધ મરહુમ દશતુરજી એદલજી સંજાંણાને કોણથી મલે કે તેજ ઠેકાણેથી તેઓ પોતાનાં વડીઅલોનાં લખાંણને મેલવી સકે ? માટે એ ઉપરથી મરહુમ દશતુર એદલજી આસાવાલાનું ઉપલું બોલવું કેટલું વજનદારછે તેહેનો તોલ કરવાનું કાંમ હમો શેઆંની જરતોશતી આલમને સોંફીએછે.

એ પછી મરહુમ દશતુર એદલજી આસાવાલાએ "રદીઅએ ફરમાને દીન" ને નામે જે લખાંણ કીધુંછે તેહેમાં શઘલા મલીને ૧૧૨) સફા માનવંતા દશતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાણાં અને તેમજ નોશારી, શુરત, અને ભરૂચના દશતુર સાહેબો જેઓએ મરહુમ દશતુર એદલજી આસાવાલાની વીરૂધ સફંનદારમદ મહીનો ગાથાના દીવસોમા પઢવાની મનાઈમાં પોતાનો વીચાર લખી જણાવેઓ હતો તેઓને ગેરવાજબી રીતે હલકા પાડવાનાં લખાંણમાં રોકેઆછે, અને તેહેમાં જે પંથમાં મજકુર દશતુરજી પોતે હતા તેજ પંથનાં મોબદોની ધરમ સંબંધી કીરીઆને વગર દલીલે ભુલ ભરેલી ઠેરવીછે, પણ તેવાં લખાંણથી મરહુમ દશતુર એદલજી આસાવાલાની સફંદારમદ મહીનો ગાથાના દીવસોમાં પઢાવવાની તકરારને કસો ટેકો મલી સકતો નથી. માટે તે સઘલાં લખાંણને પડતું મેલીને મજકુર દશતુરનું જે લખાંણ તેવણની તરફની દલીલ ત

રીકે ૧૨૩) મે સફેથી જોવામાં આવેછે તે ઉપર હમો હમારા વાંચના રા દીનદાર જરતોશતીઓનું ધેઆંન પોહોચાડવા માગીએછે.

નેકબખત જરતોશતીઓએ જાંણવું જોઇએછે કે ગાહંબારના આ ફરંગાંનની પેહલવી શરેહમાં અવસતાનો પેહલવી તરજુમો કરનાર કાબેલ દશતુરોએ હાદોખત નુસકના પાક અવસતાના દાખલાઓથી આપણા વરસના છહે ગાહંબારનો વખત જણાવેલોછે તેહેમાં " મેદી આરેમ " સુધીના પાંચ ગાહંબારના વખત સાથે તેહેના મહીનાઓ જ ણાવેઆછે; પણ " હમસપથમદેમ " ગાહંબારના અવસતામાં તેમ ક રેલું નથી; તે અવસતામાં **સફંદારમદ મહીનાનું નામ મુતલક આ વેલું નથી**; પણ ફકત હમસપથમદેમ ગાહંબારનો વખત વેહેશતો ફશત ગાથા સુધીનો જણાવેલોછે, તે અવસતાનો દાખલો મરહુમ દશ તુરજી શાહેબ એદલજી સંજાંણાએ " ફરમાનેદીન " કેતાબમાં આપે લોછે, અને તેમજ તેહેની સાબેતીમાં તે ફેકરાનો તરજુમો કાબેલ દશ તુર નેરીઓસંગ ઢવલે ૧૦૦૦) થી વધારે વરસ ઉપર શંસકરીતમાં કરેઓ હતો તેહેનો, તથા નોશારીવાલા મરહુમ દશતુર ફરાંમજી સોહો રાબજી મેહેરજી રાણાવાલાએ સને ૧૧૮૭ ઈઅજદજરદીના સાલમાં છપાવી પરગટ કરેલા ખોરદેહ અવસતાના ગુજરાતી તરજુમાનો આ ધાર બતલાવેઓછે, તે દાખલાઓ કબુલ રાખતાં મરહુમ દશતુર એદલ જી આસાવાલાની તકરારનો આધાર બીલકુલ રહી સકે નહી, અને તેવણના ગાહંબારની આફરીન મધેના " સપેંતીઆક વંધુયાક ગા થાબીઓ " ના પદો તદંન નકાંમાં થાઈ પડે, તેથી આએ મરહુમ દ શતુરજીએ તે અવસતાના પદો ગાહંબારના આફરંગાતની પેહલવી શરેહમાં મુતલક નથી હેવો ઈનકાર કરેઓછે; પણ મરહુમ દશતુર ફરાં મજીએ મજકુર દશતુરજીની સફંદારમદ મહીનાની તકરારની આગમ ચ પોતાની કેતાબમાં તે અવસતાનો તરજુમો આપેલો હતો તેહેનેતો મુનકેર જવાએ નહી; તારે " પંચામ હપતાફતીમ હમસપથમફદી અહે વેહેશતોફશતોફશ ગાથીઆક " ના પદોની બનાવટ કરવાનો ગેરવાજબી ઠપકો બીચારા નોશારીવાલા મરહુમ દશતુરજી ફરાંમજી ઉપર તેવણે મેલેઓછે; તે વાત મરહુમ દશતુર એદલજી આસાવાલાની તર ફ માનની નજરે જોતાં હમોને ઘણી નાપસંદ લાગીછે. જોકે બેહે શતનશીન દશતુર ફરાંમજીએ પોતાની તરફથી જે અવસતાનો તરજુ

મો કરેઓછે તે અવસતા ખરેખરા ગાહંબારના આફરંગાંનની પેહેલવી શરેહમાં આવેલાછે, અને તેમજ તે અવસતા ૧૮૫૨ ઈસવીમાં છપાએલાં વેસટરગેઆરડના જંદ અવસતાના પુશતકને સફે ૩૨૦) મે તથા મરહુમ દશતુરાંન દશતુર નેરીઓસંઘે કરેલા ખોરદેહ અવસતાના સંસકરીત તરજુમાં મધે તથા દશતુર અસપંદીઆરજી ફરાંમજી રબાડીનાએ છપાવી પરગટ કરેલી ઈજશને બા માએનીની અંદર શરેહ સાથના ગાહંબારના આફરીગાંનમાં પરગટ થાએલાછે; તે છતાં મરહુમ દશતુર એદલજી આસાવાલાએ તે પાક અવસતાનો ઈનકાર કીધોછે; પણ દશતુર નેરીઓશંઘ જે મરહુમ દશતુર એદલજી આસાવાલાના કેહેવા પરમાણે ૧૦૦૦) વરસ ઉપર થાઈ ગએઓછે તેણે ખોરદેહ અવસતાના કરેલા શંસકરીત તરજુમાં મધે ઉપલા અવસતા હમસપથમદેમ ગાહંબારને લગતા ગાહંબારના આફરંગાંનની પેહલવી શરેહમાંથી લખી જણાવેઆછે, તે બરોબર મરહુમ દશતુર ફરાંમજી સોહોરાબજી મેહેરજી રાણાવાલાએ પોતાની કેતાબમાં પરગટ કરેલા અવસતાને મલતાછે; માટે બેહેશતનશીન દશતુર ફરાંમજી ઉપર જે અનઘટતો ઠપકો મરહુમ દશતુર એદલજી આસાવાલાએ મેલેઓછે તે તદંન ગેરવાજબી ઠરેછે.

વલી દશતુરાંન દશતુર નેરીઓસંઘે ખોરદેહ અવસતાનો પેહલવી ઉપરથી શંસકરીત ભાશામાં તરજુમો કીધોછે તે તરજુમાં મધે ગાહંબારના આફરીગાનની શરેહમાંથી છઠે ગાહંબારના વખતોને વાસતે આવેલા હાદોખત નુસકના અસલ અવસતા ટાંકીને તેહેનો અરથ શંસકરીત ભાશામાં કરેઓછે, તે અવસતામાં છઠા ગાહંબારને સારૂં આવેલા અવસતા ગાહંબારની આફરીનમાં પાછલથી ફેરફાર થાએલા અવસતાની વીરૂધછે, અને તે અસલ અવસતામાં '**વહેશતોફશતોફશગાથીઆ**' સેવાએ સફંદારમદ મહીનાનું નામ મુતલક આવેલું નથી. તે દાખલો જીનતનશીન દશતુરજી સાહેબ એદલજી સંજાંણાએ "ફરમાનેદીન" નામની પોતાની કેતાબમાં મરહુમ દશતુર એદલજી આસાવાલાને બતલાવેઓછે, તે દાખલાને મજકુર દશતુર કોઈ પણ રીતે રદ કરી સકેઆ નથી; તેઆરે હમારા મરહુમ મુરબીજીને પોતાની કેતાબને સફે ૯૭) મે સવાલ કીધોછે કેઃ—"મરહુમ દશતુર આદરબાદે ૧૮૦૦ વરસ ઉપર ગાહંબારની આફરીનમાં જે અવસતા લખેઆછે,

અને તે ઈરાંન અને હીંદુસતાનના દશતુર મોબદો પઢતા આવેઆછે તે અવસતા ખરા કે દશતુર નેરીઓશંગે ૧૦૦૦) વરસ ઉપર લખેલા અવસતા ખરા ?" આએ સવાલમાં મરહુમ દશતુર એદલજી આસાવાલાએ લખેઉંછે કે ગાહંબારની આફરીન જરતોશતી દીનના બુજોરગ પેશવા દશતુરાંન દશતુર આદરબાદ એબને મારાસપંદની બનાવેલી છે, અને તે મરહુમ દશતુર ૧૮૦૦) વરસ ઉપર થાઈ ગએઓછે તથા ઈરાંનના જરતોશતીઓ એ આફરીન ગાહંબારના દીવસોમાં પઢે છે, તે વાત તદંન માનવા જોગ નથી; કેમકે દશતુરાંન દશતુર આદરબાદ મારાસપંદ અરદેશીર બાબકાંનના નબીરા હોરમજદની હકુમતના વખતમાં ઈરાંન મધે થાઈ ગએઓછે, તેહેની હદ ૧૬૦૦) વરસ સુધીની ગણાઈ સકેછે; તોપણ ગાહંબારની આફરીન મુતલક દશતુર આદરબાદ મારાસપંદની બનાવેલી નથી, અને તેમજ તે આફરીન જેમ એ મરહુમ દશતુરજી જણાવેછે તેમ ઈરાંનમાં મુતલગ જણાએલી નથી, અને તેમજ તાંહાં ગાહંબારના દીવસો પર કોઈબી જરતોશતીઓ એ આફરીન પઢતાબી નથી. ઈરાંનમાં જે આફરીન ગાહંબારના દીવસોમાં પઢવામાં આવેછે તે "આફરીનેપંજી" છે, જેહેને આપણા ઘણાખરા દશતુર મોબદો રપીથવનની આફરીનને નામે ઓલખેછે. ગાહંબારની આફરીનની ઉતપંતી કેહારે અને સા ઉપરથી થાઈછે તેહેનો ખોલાસો હમોએ આગલ સફંદારમદ મહીનો ગાથાના દીવસોમાં નહી પઢવો જોઈએ તે વીસે બીજીવાર છપાવેલી "ફરમાંનેદીન" કેતાબના લખાનમાં હમારી તરફથી જણાવેલોછે.

સફંદારમદ મહીનો ગાથાના દીવસોમાં પઢવો જોઈએ હેવું મત મરહુમ દશતુર એદલજી દારાબજી જામાસપ આસાવાલાનું અને તેવણના ખાંનદાંન વાલાઓનુંછે તેહેની સાબેતીમાં મજકુર દશતુરે ૩૩ દલીલો પોતાની તરફથી બતલાવવાની પેરવી તેવણના પુશતકને સફે ૧૩૬) થી કરીછે તે દલીલો કેટલી વજનદારછે તેહેની આપણ હવે તપાસ કરીએ.

ઉપલી દલીલોમાં મરહુમ દશતુર એદલજી આસાવાલાએ જીનતગુજીન દશતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાંણાએ સને ૧૧૯૭ ઈઅજદજરદીનાં સાલમાં "ખોરેહવહીજક" નામની કેતાબ છપાવીને પરગટ કરીછે તે કેતાબ મધેથી ૧૩) દલીલ ટાંકી બતલાવીછે, તે આએ પરમાંણેનીછે.:—

"ખોરેહવહીજક" કેતાબની પેહેલી દલીલ અને તેનો ખોલાસો.

મરહુમ દશતુરજી સાહેબ એદલજી સંજાંણાએ "ખોરેહવહીજક" કેતાબને સફે ૧૩૨) મે વંદીદાદની પેહેલી પરગરદ મધેના અવસતા ટાંકીને તેહેનો તરજુમો આએ રીતે કરેઓછે કે—"સાત મહીના હામીન (ઇઆને રપીથવન) નો અમલછે અને પાંચ મહીનાં જેમસતાંન (ઇઆને બીજી હાવન) નો અમલછે." આએ એબારતનો ખોલાસો તે દીનઆગાહ દશતુરે પોતાની એજ કેતાબને ૧૩૧) મે સફે "બુનદેહશને" ના આધાર ઉપરથી આએ રીતે કરેઓછે કે—"રોજ ૧ લો અને માહા ૧ લેથી તે રોજ ૩૦) મો ને માહા ૭ મે શુધી રપીથવનનો અમલછે, અને રોજ ૧ લો માહા ૮ મેથી તે પાંચમા વેહેશતોઇશત ગાથા શુધી બીજી હાવનનો અમલછે." આએ એબારતમાં મરહુમ દશતુરજીએ હેવું કશું લખેઉં નથી કે તે ઉપરથી સફંદારમદ મહીનાની અંદર ગાથાના દીવસોછે હેવું ધારવાને આપંણને બની આવે; તે છતાં દશતુર એદલજી આસાવાલાએ ઉપલી એબારતને ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાની સાબેતીમાં પોતાની પેહેલી દલીલ ઠેરવીછે, તે વાત ઘણી અજાએબ જેવી લાગેછે. જો એ મરહુમ દશતુર હેવું કેહેવા માંગતા હોએ કે અવસતામાં બીજી હાવનના પાંચ મહીના લખેલાછે તે છતાં બુનદેહશને કેતાબવાલાએ બીજી હાવનનો વખત વેહેશતોઇશત ગાથા સુધી કેમ જણાવેઓ ? તો તેહેનો ખોલાસો એટલોજછે કે અવસતામાં સાધારણ રીતે વરસના બાર મહીના લખેલાછે; અને તેમજ ખોરશેદને તેહેનો દોર પુરો કરવાની ૧૨) મંજલ મુકરર કરેલીછે; પણ તે મંજલ ૩૦) દાહાડાનાં બાર મહીના અને સવાપાંચ દાહાડાની મુદતે પુરી થાઈ સકેછે, તેથી "બુનદેહશને" કેતાબના બનાવનારે ખોલાસો કરેઓછે કે બીજી હાવનની હદ "વેહેશતોઇશત" ગાથા સુધીની ગણવી; તો તે ઉપરથી મરહુમ દશતુરજી સાહેબ એદલજી સંજાણાએ સફંદારમદ મહીનો ૩૫) દાહાડાનો લખેઓછે હેવું જેમ દશતુર એદલજી આશાવાલાએ જણાવીઉંછે તેહવો અરથ મુતલક નીકલી સકતો નથી.

"ખોરેહવહીજક" કેતાબની બીજી દલીલ અને તેહનો ખોલાસો.

ઉપલી કેતાબનો ૪૭) મો સફો અને પાંચમી સેતરને નામે બીજી દલીલ દશતુર એદલજી આસાવાલાએ મરહુમ દશતુરજી એદલજી

સંજાણુંને નામે આપીછે તે આએ રીતનીછે—" અસપંદારમદ મહી
નો પુરો થાએચ તાંહાં લગી જેમસતાંન (ઈઆને બીજી હાવન) ત
માંમ જેહાંનમા રેહેચ." આએ એબારત ઉપરથી મજકુર દશતુરે
જરતોશતી આલમને હેવું સહમજાવેઉછે કે મરહુમ દશતુરજી એદલ
જી સંજાંણાએ બારમો મહીનો વેહેશતોઈશત ગાથાએ તમાંમ થવા વી
સે લખેઉછે, પણ તેમ નથી; એ દશતુરે "ખોરેહવહીજક" કેતાબમાં
થી જે ઉપલી એબારત લખી જણાવીછે તે એબારત જીનતનશીન દશ
તુરજી એદલજી સંજાંણાની પોતાની નથી, પણ "બુનદેહશને" કેતા
બની પેહલવી એબારતનો તે તરજુમો આપેલોછે; અને "બુનદેહશને"
કેતાબના લખનારે તેહેનાં ઉપલાં લખાંણમાં સફંદારમદ મહીનો પુરો
થાએચ તાંહાંસુધી જેમસતાંન તમાંમ જેહાંનમાં રેહેચ કરીને લખેઉં
છે, તેમાં સાધારણ રીત વાપરેલીછે, અને ગાથાના દીવસો વીસે લખ
વાનું સંખશેપમાં રાખેઉંછે; માટે હેવાં લખાંન ઉપરથી સફંદારમદ મ
હીનો ૩૫) દાહાડાનો ઠરી સકતો નથી.

"ખોરેહવહીજક" ને નાંમે મરહુમ દશતુર એદલજી આસાવા
લાએ તરીજી દલીલ બતલાવીછે તે પેહેલી દલીલને બરોબર મલતીછે,
તેથી તેહેનો જવાબ વાંચનારે પેહેલી દલીલને મલતો સહમજવો.

"ખોરેહવહીજક" કેતાબને નાંમે બતલાવેલી ચોથી દલીલનો ખોલાસો.

મરહુમ દશતુરજી સાહેબ એદલજી સંજાંણાંએ ઉપલી કેતાબને
સફે ૪૨ ની સતર ચોથીએથી "બુનદેહશને" કેતાબના તરજુમા મધે લ
ખેઉંછે કેઃ—"આફતાબી આવાં મહીનો ને ખોરદાદ રોજથી તે
આફતાબી અસપંદારમદ મહીનો તથા દંન (૫) ગાથાના સુધાં અ
સપંદારમદ મહીનો તમાંમ થાએ તાંહાં લગી પાંચ મહીના જેમસતાં
ન (ઈઆને બીજી હાવન) નાછે." આએ એબારતનો ખોલાસો તેજ
જગોએ સફે ૪૩) મે નોટ મારીને તે દીનઆગાહ દશતુરજીએ આએ
રીતે પોતાની તરફથી કરેઓછે કેઃ—"આંવાં મહીનો ને ખોરદાદ
રોજથી તે અસપંદારમદ મહીનાની પછાતના ગાથાના પાંચ દાહા
ડા સુધાં પાંચ મહીના જેમસતાંન (ઈઆને બીજી હાવન) નાછે".
આએ એબારતમાથી ૩૫) દાહાડાનો સફંદારમદ મહીનોછે હેવી ક
સી મતલબ નીકલતી નથી, પણ તેહેમાં સફંદારમદ મહીનો તથા

દંન પાંચ ગાથાના હેવું ખોલલી રીતે લખી જણાવેલુંછે, તથા પાંચ મહીના બીજી હાવંનનાછે, હેવું લખાંણ કરતાં "બુનદેહશને" કેતા બના લખનારે ગાથાના દીવસોને સાથે લખેઆ નથી તેહનો ખોલાસો કરેઓછે, તે છતાં દશતુર એદલજી આસાવાલા કેહેછે કે તેહેમાંથી ૩૫) દાહાડાનો સફંદારમદ મહીનોછે હેવી મતલબ નીકલેછે, માટે તે વીસેની મુનસફી કરવાનું કાંમ હમો દાંનેશમંદ વાંચનારને સોંફીએછે.

ઓરેહવહીજક કેતાબની પાંચમી દલીલનો ખોલાસો.

ઉપલી કેતાબને સફે ૪૦ મે નોટ મારીને મરહુમ દશતુરજી શાહેબ એદલજી સંજાંણાએ લખેઉંછે કે:—"અસપંદાર મહીનાની ૫ છાતમાં (૫) દાહાડા ગાથાના મલીને મહીનો પુરો થાએ તેવારે રાત દાહાડો બરોબર થાએછે એ રીતે (ઉપલી બુનદેહશને કેતાબમાં) લખે છે, તેહેનું જાંણવું એજે જો કમીસો નહી કરેતો અસપંદારમદ મહીનાની પછાતના (૫) દાહાડા ગાથાનાં તમાંમ થાએઆથી રાત દાહાડો બરોબર આવે નહી." આએ એબારતનું લખાન આપણને ખોલલી રીતે બતલાવેછે કે આપણા મજહબને લગતી કેતાબોમાં સાધારણ રીતે વરસના બાર મહીના લખીને તેહેમાંના સાત મહીના રપીથવન, અને પાંચ મહીના બીજી હાવનના જણાવેઆછે, અને તે છેલા પાંચ મહીના પુરા થતાં રાત દાહાડો બરોબર થાએછે કરીને લખેઉંછે, તેહેના ખોલાસા તરીકે ઉપલી એબારત આવેલીછે; અને તે એબારત ખોલલું કરેછે કે ફકત બારમો સફંદારમદ મહીનો પુરો થવાથી રાત—દંન બરાબર થતો નથી; પણ સફંદારમદ મહીનો અને તે પછીના ગાથાના પાંચ દીવસો પુરા થાએઆ બાદ રાત—દંન બરાબર થાએછે. માટે દશતુર એદલજી જામાસપ આસાવાલા ઉપલાં લખાંણ ઉપરથી મરહુમ દશતુરજી સાહેબ એદલજી સંજાણાંને નાંમે સફંદારમદ મહીનો ૩૫) દાહાડાનો તે જીનતનશીન દશતુરે લખીઆછે કરીને સમજાવીઉંછે તે ઉપલા ખોલાસા ઉપરથી તદન નકાંમું ઠરેછે.

"ઓરેહવહીજક" કેતાબની છઠી દલીલનો ખોલાસો.

ઉપલી કેતાબને ૩૬) મે સફે મરહુમ દશતુરજી એદલજી સંજાણાએ "બુનદેહશને" કેતાબના તરજુમો ગુજરાતીમાં આએમ રીતે કરેઓછે કે:—"દાદાર અહુરમજદે દીનનાં કાંમ કરતા બાબે દીનમાં એમ ફ

રમાવેઉછે કે મેં દુનીઆંની પેદાએશને (૩૬૫) તરણસેહને પાંહાંસેડ દાહાડાનાં નાકેસ વરસે પેદા કીધી, જે વરસ એક નાકેસમા (૬) ગાહંબારના વખત કીધાછે". આએ લખાંનમાં ૩૬૫ દાહાડાના વરસમાં દાદારે પેદાએશની ઉતપંતી કોધી હેવી મતલબ આવીછે, તેહેને ગાથાના દીવસો સફંદારમદ મહીનાંની અંદરછે કે નહી ? તે સાથે કસસો સંબંધ નથી, તે છતાં ઉપલી એબારતને મરહુમ દશતુર એદલજી આસાવાલાએ પોતાની એક દલીલ વધારવા સારૂં વાપરેલીછે.

સાતમી દલીલ મરહુમ દશતુર એદલજી આસાનાએ "ખોરેહ વહીજક" કેતાબને નાંમે બતલાવીછે તે નવી નથી, પણ પાંચમી દલીલને બરોબર મલતીછે, માટે તેહેનો ખોલાસો પાંચમી દલીલમાં હમોએ કરેઓછે તેથી અતરે ફરીને કરવાને મુનાસેબ જોએઉં નથી.

"ખોરેહવહીજક" ની આઠમી દલીલનો ખોલાસો.

ઉપલીં કેતાબને ૪૪) મે સફે "બુનદેહશને" કેતાબનો તરજુમો કરતાં મરહુમ દશતુરજી સાહેબ એદલજી સંજાંણાએ લખેઉંછે કેઃ— "જેમસતાન (ઇઆને બીજી હાવન) નો હીંગાંમ પાંચ મહીનાનોછે" તે ઉપરથી દશતુર એદલજી આસાનાએ હેવું બતલાવવાની કોશેશ કરીછે કે સાત મહીના રપીયવનના અને પાંચ મહીના બીજી હાવંનનાછે તારે વરસના ૧૨) મહીના થાએઆ માટે છેલો સફંદારમદ મહીનો ૩૫) દાહાડાનો નહી કાંએ થાએ ? પણ તેહેનો ખોલાસો ઘણો સેહેલો છે કે "બુનદેહેશને" કેતાબના બનાવનારે જેમ અવસતામાં સાધારણ રીતે સાત મહીના રપીથવન અને પાંચ મહીના બીજી હાવનના જણાવેલાછે તેમ તેણે પોતાના ઉપલાં લખાંણમાંબી લખેઉંછે; પણ બીજીગંમ આએ પોતાના લખાંણનો ખોલાસો તેણે ખોલલી રીતે કરેલોછે કે બીજી હાવનના પાંચ મહીના ગાથાના ઉપલગ દીવસોની ગણતરી સાથે ગણવા. તેઆરે તકરારતો કાંઇ રહી નહી; કેમકે જે ધણીએ બીજી હાવનના પાંચ મહીના લખેઆછે, તેણે પાંચ મહીના ઉપરાંત ગાથાના પાંચ દાહાડાને બીજી હાવનના વખત સાથે તાલુકો રાખનારા ઠેરવેઆછે.

"ખોરેહવહીજક" ની નવમી દલીલનો ખોલાસો.

ઉપલી કેતાબને ૫૨) મે સફે "દીનકરદ" કેતાબની પેહલવી એ

બારતનો મરહુમ દશતુરજી સાહેબ એદલજી સંજાણાએ તરજુમો આ પેઓછે, તેમાં વરસની ચેઆર રૂતુનું બએઆન કરેલુંછે; અને તે દરએક રૂતુની હદ આફતાબની દર તરણ મંજલ મુજબ તરણ મહીનાંની જણાવેલીછે, તે હીસાબે આફતાબની બારમી મંજલ સફંદારમદ મહીના સાથે જણાવેલીછે, તે ઉપરથી મરહુમ દશતુર એદલજી આસાવાલા કેહેછે કે "જેઆરે વરસનાં બાર મહીનાં ખોરશેદની ચાલને લગતી બારે મંજલ સાથે સંબંધ રાખેછે, તારે મીન રાશીને લગતો સફંદારમદ મહીનો ૩૫) દાહાડાનો નહી કાંએ હોએ ?" પણ તેહેનો ખોલાસો હમોએ આગલ કરેઓછે કે ગાથાના પાંચ દાહાડાનો વખત કાંઈ એકલી મીન રાશીને લગતો નથી, પણ બારે રાશીને લગતોછે, માટે તે વખત એકલી મીન રાશીમા નહી લેવાઈ શકાએ, અને તેજ કારણસર ગાથાના પાંચ દાહાડાઓને સફંદારમદ મહીનાંની હદ પુરી થાએઆ પછી એલાહેદા રાખેઆમાં આવેલાછે.

"ખોરહુવહીજક" કેતાબની ૧૦) મી દલીલનો ખોલાસો.

આએ દલીલ ખોરેહવહીજક કેતાબને સફે ૨૫) ની સતર ૧૪) મીથી મરહુમ દશતુર એદલજી આસાવાલાએ લખી જણાવીછે તે આએ રીતનીછે:—"પાંચ દાહાડા ગાથાનાછે તેબી ખોરશેદની કસરોનાંછે તેહેને એ કબીસાના મહીના સાથે નહી મેલવેઆ જોઈએ, તેહેનો હોકમ જેમકે ઉપર લખેઓછે તે પરમાણે છેલલો અસપંદારમદ મહીનાની પછવાડે હમેશ વધારવા અને **વધારાનો મહીનો પઢવામાં કાંઈ ધીલ નહી કરવી.** એ બલી દીનની નશીહત અને હોકમછે તે મુજબ પોતાના દેલમાં દાહાડાવો તથા મહીનાઓ તથા વરસોને કબુલ રાખવા". આએ ફેકરો મરહુમ દશતુર એદલજી આસાવાલાએ "ખોરેહવહીજક" કેતાબમાંથી ટાંકી બતલાવેઓછે તે અધુરોછે, અને તેમજ મોહોટે દસતખતે **વધારાનો મહીનો પઢવામાં કાંઈ ધીલ નહી કરવી** હેવું લખીને તેહેની ઉલટી મતલબ વાંચનારી આલમને જણાવીછે કે મરહુમ દશતુરજી એદલજી સંનજાણાંએ લખેઉછે કે ગાથાના પાંચ દીવસોને કબીસાનાં મહીનાની પછવાડે નહી વધારવા પણ આપણાં વરસનાં છેલલા મહીના સફંદારમદની પછવાડે વધારવા, અને તે સાથે વધારાનો મહીનો પઢવામાં ઢીલ નહી કરવી; પણ અમસલ "ખોરેહવહીજક" કેતાબમાં તેહેવી મતલબનું લખાંણ મુતલ

ક આવેલું નથી. મજકુર કેતાબને સફે ૨૫) ની સેતર ૧૧) મીથી ઉપલી એ બારતની શરૂઆત થાએલીછે, અને તે મરહુમ દશતુરજી સાહેબ એ દલજી સંજાણાનું પોતાનું મત નથી; પણ " દીનકરદ " કેતાબની પે હલવી એબારતનો તે તરજુમોછે; અને તે વાકીઅ આએ રીતનોછે—

" વેહીજક (ઈઆને કસર) ના દાહાડાનો જાંહાં લગી મહીનો એક પુરો એકઠો નહી થાએ તાંહાં લગી (કબીસો) નહી કરવો. પાંચ દાહાડા વગેરે (ઈઆને પાંચ દાહાડા ગાથાનાંછે તેબી ખોરશેદની સાલ ની કસરોનાંછે તેહેને એ કબીસાના મહીના સાથે નહી મેલવેઆ જો ઈએ તેહેનો હોકમ જેમકે ઉપર લખેઓછે તે પરમાણે છેલા અસફં દારમદ મહીનાની પછવાડે હમેશે વધારવા) અને વધારાનો મહીનો (પઢવા) માં કાંઈ ઢીલ નહી કરવી. "

આએ એબારત ખોલલી રીતે આપણને જણાવેછે કે મરહુમ દશતુરજી સાહેબ એદલજી સંજાણાએ વધારાનો મહીનો કરીને જે એબારત લખીછે તે સફંદારમદ મહીનાને વાસતે નથી, પણ ક બીસાના મહીનાને વાસતેછે, અને ગાથાના દીવસો વીસે ખોલલું લ ખેઉંછે કે તે દાહાડાઓને કબીસાના મહી સાથે રાખવા નહી, પણ હમેશ સફંદારમદ મહીનાની **પછવાડે વધારવા.** તેવું ખોલલું હોવા છતાં દશતુર એદલજી આસાવાલાએ **વલાઓઆમાં** આવેલી એબાર તના **વલાએઆ કાહાડી નાખીને** પોતાની મતલબ મુજબ વાંચનારી જરતોશતી આલમને સમજાવવાની તજવીજ કરીછે.

એ પછી મરહુમ દશતુર એદલજી જામાસપ આસાવાલાએ " ખોરહવહીજક" કેતાબને નામે જે ૧૧ મી, ૧૨ મી અને ૧૩ મી દ લીલો બતલાવીછે તે દલીલો દશતુર મજકુરની તકરાર સાથે સંબંધ રા ખતી નથી; અને જે થોડો ઘણો સંબંધ રાખેછે તેહેનો ખોલાસો આ ગલી દલીલોમાં હમારી તરફથી કરેઆમાં આવેઓછે, માટે તેહેને પ ડતી મેલવાને હમોએ દુરસત વીચારેઉંછે.

આએ વાત હમારા વાંચનારાઓને એક અચરતી ઉપજાવનારીછે કે, મરહુમ દશતુર એદલજી આસાવાલાએ "ખોરહવહીજક" કેતાબમાંથી પોતાની તરફેનમાં ૧૩) દલીલ લખી જણાવીછે, તે દલીલો એ દશતુ રજીના વીચારની તરફેનમાંતો નહી; પણ વીરૂધ હોવા છતાં આએ દ શતુરજીએ " ખોરેહવહીજક " કેતાબમાં સહી કરનારા સઘલા દશતુર

અને અકાબર સાહેબોના નામો પોતાની કેતાબને સફે ૧૫) મે ટાંકી તેઓ વીસે લખીઉંછે કે, તે સઘલા ગરહસથોએ "ખોરેહવહીજક" કેતાબમાં સહી કરીછે; અને ખોરેહવહીજક કેતાબની ૧૩) દલીલમાં સફંદારમદ મહીનો ગાથાના પાંચ દાહાડાઓ સાથે લખેઓછે; માટે તે સઘલા દશતુર તથા અકાબર સાહેબો ગાથા સાથે સફંદારમદ મહીનો પઢવાને કબુલ થાઈ ચુકાછે. તેઆરે હમારી તરફથી જણાવવું જોઈએછે કે "ખોરેહવહીજક" કેતાબમાં મજકુર દશતુર એદલજીના કાકા દશતુર ખુરશેદજી જમશેદજી જામાસપઆસાના તથા ભાઈ ફરેદુતજી દારાબજી આસાનાએ અને પીતરાઈ ભાઈ માણેકજી રૂશતમજી જામાસપ આસાનાએબી સહીઓ કરીછે; અને તે કેતાબને ૧૦) મે સફે લખેઉછે કે—"**દરએક મહીનો દીન ૩૦) તરીશનો અને દંન પાંચ આફતાબની કસરના વધારાનાછે, જે ખોરશેદ ૧૨) મહીના લગી બારે બુરૂજમાં ફરવું કરેછે તે મધેની કસરનાછે.** . તેહેને છેલલા આખેરના (અસપંદારમદ) મહીનાની પછવાડે રાખેલાછે." તેઆરે ઉપલા મરહુમ દશતુરોનુ મતબી ગાથાના દીવસો સફંદારમદ મહીના સાથે તાઅલુકો રાખતા નથી હેવું નહી કાંએ ગણાએ ? જો એમજ ગણીએતો મરહુમ દશતુર જામાસપ આસાના ખાંનદાંનના સઘલા ગરહસથો જેમ દશતુર એદલજી આસાવાલા કેહેછે તેમ તેવણનાં મત પરમાણે નહી ચાલતા હતા, પણ ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાને બદલે તેહેનો ઈનકાર કરતા હતા હેવું ઠરેછે.

એ પછી મરહુમ દશતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાંણાંની "ખોરેહવહીજક" કેતાબને ૩૨) મે સફે બુનદેહશને કેતાબની નીચે જણાવેઆ મુજબની પેહલવી એબારત લખેઆમાં આવેલીછે.—

[illegible]

[illegible]

તેહેનો તરજુમો "ખોરેહવહીજક" કેતાબને ૪૨ મે સફે સતર ૪ થીએથી મરહુમ દશતુરજી સાહેબ એદલજી સંજાણાએ આએ રીતે કરેલોછે કે:—

"આફતાબી આંવાં મહીનો ને હોરમજદ રોજથી તે આફતાબી અસપંદારમદ મહીનો તથા દંન પાંચ ગાથાના તમામ થાએ તાંહાં લગી પાંચ મહીના જેમસતાન (ઈઆને બીજી હાવન) ના છે."

આએ ઉપલા તરજુમાં મધે "પછાત" નો બોલ મુતલક આવેલો નથી; તે છતાં દશતુર એદલજી આસાવાલાએ વાંચનારી આલમને સમજાવેઉંછે કે તે બોલ મરહુમ દશતુરજી સાહેબ એદલજી સંજાંણાંએ અસલ પેહલવી એબારતમાં નહી હોવા છતાં પોતાની તરફથી વધારેલોછે, અને તેમજ "તથા" નો બોલબી વધારેલોછે. જોકે ઉપલા પેહલવી ફેકરામાં "તથા" બોલનો લોપ થાએલોછે, તોપણ બે નાંમની વચે કાએદાસર તે આવવો જોઈએછે; તે ઉપરથી મરહુમ દશતુરજી એદલજી સંજાણાએ તેહેને તરજુમાં મધે લખેઓછે; માટે તે બોલ વધારેલો ઠરી સકતો નથી. જો "તથા" નો બોલ કાહાડી નાખીને ઉપલી પેહલવી એબારતનો તરજુમો મરહુમ દશતુરજી એદલજી સંજાણાએ કીધોછે તેહેને આપણે તપાસી જોઈએતો તે આએ પરમાંણેનો થાએછે.

"આફતાબી આંવાં મહીનો ને હોરમજદ રોજથી તે આફતાબી અસપંદારમદ મહીનો, દંન પાંચ ગાથાના તમામ થાએ તાંહાં લગી પાંચ મહીના જેમસતાંન (ઈઆને બીજી હાવન) નાછે."

આએ ઉપલો તરજુમો "તથા" ના બોલ વગર અસલ મતલબથી કોઈબી રીતે ઉલટો જતો નથી; પણ મરહુમ દશતુર એદલજી આસાવાલાએ તેહેની મતલબ નીચે જણાવેઆ મુજબ વાંચનારી આલમને સહમજાવીછે :—

"આફતાબી આવાં મહીનો (ને) હોરમજદ રોજથી (તે) આફતાબી એસફંદારમદ મહીનો દંન પાંચ ગાથાના સુધાંનો (છે) તે (એસફંદારમદ મહીનો) તમાંમ થાએ તાંહાં લગી પાંચ મહીના જમેસતાંન (ઈઆને બીજી હાવનનાછે)."

આએ તરજુમો પેહેલવી ફેકરાની અસલ મતલબથી જુદી રીતે કરેઆમાં આવેલોછે, પેહેલવી ફેકરામાં [illegible] હેવી એબારત આવેલીછે તેનો અરથ "સફંદારમદ મહીનો (અને) ગાથાના પાંચ દીવસો તમાંમ થાએ" હેવો થાએછે, તેહેને બદલે મજકુર દશતુરે તેહેનો તરજુમો "એસફંદારમદ મહીનો દંન પાંચ ગાથા સુધાંનો (છે) તે (એસફંદારમદ મહીનો) તમામ થાએ" કરીને કીધોછે તે તેવણની મતલબસર કરેલોછે. અને તેજ રીત "બુનદેહશને" કેતાબનો બીજો ફકરો "બોરેહવહીજક" ને સફે ૩૧ મે અને સતર ૧૩ મીથી ઉતારી લઈને તેહેનો તરજુમો આપેઓછે તેહેમાં પણ વપરાએલીછે.

એ પછી મરહુમ દશતુર એદલજી આસાવાલાએ પોતાની કેતાબને ૧૫૧ મે સફેથી તે ૧૮૨) સુધી સાત દલીલો બતલાવીછે, તે કાંઈ નવી નથી; પણ ગાહંબારની આફરીનમાં છેલા "હમસપથમદેમ" ગાહંબારને વાસતે પાછલથી ફેરફાર થાઈને લખેઆમાં આવેલા "સપંતીઆ વંધુહીઆ ગાથાબીએો" ના ફેકરાનો જીનતનશીન દસતુરો રૂશતમજી બેહેરામજી સંજાંણા, નવરોજજી રૂશતમજી સંજાંણા,† મુલ્લાં ફીરૂજજી કાઉશજી, દારાબજી સોહોરાબજી મેહેરજી રાંણા અને બેહેદીન પેશતનજી મુનશીએ કરેલો તરજુમો બતલાવેઓછે. જોકે તે અસલ લખાંણોમાંના મરહુમ દશતુર ફીરૂજજી અને મરહુમ દશતુર રૂશતમજી બેહરાંમજી તથા નવરોજજી રૂશતમજી સંજાંણાના લખાંણ સેવાએ બીજા ગરહસથોના લખાંણ હમોને મલતાં નથી કે તે તપાસવાને બની આવે; તોપણ મરહુમ દશતુર એદલજીએ લખી બતલાવેલા દાખલાઓને આપણે કબુલ રાખીએતો, તેથી મજકુર દશતુરના મતને તે દાખલાઓ કસો ટેકો આપી શકતા નથી; કેમકે ઉપલા કાબેલ ગરહસથોએ અસલ ફેકરા મુજબ તેહેનો તરજુમો કરેઓ હોએ; પણ તે ફેકરોજ પાછલથી મતલબસર આફરીનમાં દાખલ થાએલોછે, માટે તેહેના અરથ ઉપર કસો આધાર રેહેતો નથી. આફરીનનાં ફેકરામાં જેવી એબારત આવેલીછે તેવો ઉપલા દીન આગાહ દશતુરોએ તેનો તરજુમો કરેઓ હોએતો તે ઉપરથી તે દશતુરોનું મત ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવા વીસે હતું હેવું ગણાએ નહી; કેમકે એક ગરહસથનું મત કોઈ લખાંણને મલતું નહી હોએ, પણ તે પેલાં લખાંણનો તરજુમો કરેતો તેથી તે તરજુમો કરનાર તે લખાંણનો માલેક અથવા જવાબદાર ઠરતો નથી.

આઠમી દલીલ મરહુમ દશતુર એદલજી આસાવાલાએ પોતાની કેતાબને ૧૮૩) મે સફે બતલાવીછે, તેહેમાં તેવણ હેવું જણાવેછે કે

---

† હમોએ હવે પછી હમારાં લખાંણના છેલા ભાગમાં મરહુમ દશતુરો રૂશતમજી બેહેરાંમજી અને નવરોજજી રૂશતમજી સંજાંણાએ ગાહંબારના આશરંગાંનની શરેહના અવસતા ઉપરથી હમસપથમદેમ ગાહંબારને લગતા અવસતાનો જે તરજુમો કરેલોછે, તેની અસલ મરહુમ દશતુર તેહમુલજી સંજાંણાના પુશતકખાંના મધેથી હમોને મલીછે, તે ઉપરથી તેની નકલ આપીછે, તે સાથે સરખાવતાં દશતુર રૂશતમજી અને તેવણના સાહેબજાદા દશતુર નવરોજજીના લખાંણને નામે જે બાબત અતરે લખેઆમાં આવીછે, તે વાંધા ભરેલી ઠરેછે.

બેહેશતી દશતુરજી સાહેબ એદલજી સંજાણાએ બેહદીન ફરાંમજી પેશ તનજી બેહેલી હોમજીનાંને ખુરદેહ અવસ્તાનો ગુજરાતીમાં તરજુમો કરી આપેઓછે તે કેતાબમાં એ મરહુમ દશતુરજીએ લખેઉંછે કે:— "દરએક નીઆએશ તથા ઇઅશતની પછવાડે રોજ માહ તથા ગેહ "શાહેદીને વાસતે પઢવી જોઇએ." માટે એ ઉપરથી સાબેત થાએછે કે "ગાથાનાં દીવસોમાં સફંદારમદ મહીનો પઢવા વીસે મરહુમ દશતુરજી "એદલજી સંજાણાએ લખેઉંછે." મરહુમ દશતુરજી એદલજી આસા વાલાની આએ દલીલબી કેટલી વજનદારછે તે વાંચનારા સાહેબોને માલુમ પહેઉં હસે. દશતુરજી સાહેબ એદલજી સંજાણાએ કોઈ કેતાબમાં હેવું લખેઉં હોએ કે દરએક જરતોશતીએ પોતાની બંદગીની સેવટે રોજ—માહ—અને ગેહ પઢવી, તો તે ઉપરથી ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાનુંબી તે દશતુરજીએ ફરમાંન આપેઉંછે હેવું આપણથી કેમ કબુલ રાખી સકાએ ?

નવમી દલીલ સુરતવાલા મરહુમ દશતુર જમશેદજી બરજોરજી અને દશતુર કેખુશરો દાદાભાઈ વચ્ચે તેવણનાં સુરતનાં પંથકને લગતા કોલકરારનાં એક લખતને નામે આપીછે, અને તેહેની મતલબ હેવી છે કે મજકુર દશતુરોની તરફથી તેઓનાં ભાગ હીસ્સાને લગતું લખત થાઈઉં હતું તેમાં આએ રીતે લખેઉં હતું કે:—"રોજ પેહેલો ને માહા પેહલેથી તે ગાથા પાંચમો અને માહા ૧૨ સુધી વરસ એકછે." આએ લખાંણ પોતાની કેતાબમાં ટાંકીને મરહુમ દશતુરજી એદલજી આસાવાલાએ પોતાના ફતવાની સાબેતીમાં તે એક દલીલ તરીકે બતલાવેઉંછે પણ તે દલીલ કબુલ રાખવા જોગ નથી.

૧૦) મી દલીલ મજકુર દશતુર એદલજી આસાવાલાએ કોઈ રેવાએતની ચોપડીને "પંદનામએ દીનેબીહી" હેવું નામ આપીને તેહેમાંથી આપીછે જેની મતલબ આએ રીતનીછે. "છઠો ઘહંબાર એસફંદારમદ મહીના મધેનો અહુનવદ ગાથા રોજથી તે વેહશતોઇશત રોજ સુધીનોછે." આએ કેતાબની નાકિસ એબારતજ તેહની હસતી વીસે આપણને શકમંદ કરેછે; માટે જે કેતાબનું વજુદ નથી તે વીસે હમો વધારે લખી સકતા નથી.

૧૧) મી દલીલમાં વંદીદાદની પેહેલી પરગરદમાં "સાત મહીના રપીથવન અને પાંચ મહીનાં બીજી હાવનનો અમલછે" હેવી મત

લબનાં અવશતા આવેલાછે તે ઉપરથી મરહુમ દશતુરજી એદલજી આ
સાવાલાએ હેવી તકરાર લીધીછે કે બીજી હાવનનો અમલ સફંદારમદ
મહીનો અને ગાથાના પાંચ દીવસો સાથે માસ પાંચનોછે, માટે સફં
દારમદ મહીનો ૩૫) દાહાડાનો ગણાવો જોઈએ, પણ દશતુરજી એદલ
જી આસાવાલાની આએ તકરાર ઘણો વખત સુધી ટકી સકે હેવી
નથી; કેમકે વંદીદાદની પેહેલી પરગરદનાં અવસતામાં આફતાબનાં દો
રની બાર મંજલ મુજબ સાધારણ રીતે વરસનાં બાર મહીના ફરમાવે
લાછે, તેહેમાં કસરનાં દીવસો વીસે કસું બએઆંન કરેલું નથી, પણ
ગાહંબારનાં આફરંગાનમાં દરએક ગાહંબારની હદ બતલાવવા સારૂં
આવેલા હાદોખત નુસકનાં અવસતા આપણને ખોલલી રીતે બતલા
વેછે કે વરસનાં ૩૬૫ દાહાડાછે, અને છહે ગાહંબારનાં વખતની હ
દ ૩૬૫) દાહાડે પુરી થાએછે, તે અવસતા મધે પાંચ ગાહંબાર જેમ
મહીનાઓની હદની અંદર આવેલાછે તેમ તેઓને તેનાં મહીના સા
થે જણાવેલાછે, અને છેહલો "હમસપથમેદેમ" ગાહંમબારનો વખત
જેમ મહીના સાથે તાલુકો રાખતો નથી તેમ તેમાંબી મહીનો જણાવે
લો નથી, અને તેજ મુજબ આપણી દીનની કેતાબોમાં ખોલલી રીતે
જણાવેલુંછે કે ફરવરદીન મહીનો અને અહોરમજદ રોજથી તે મેહેર
મહીનો ને અનેરાંન રોજ સુધી રપીથવનનો અમલછે; અને આવાં
મહીનો ને અહુરમજદ રોજથી તે ગાથા વેહેશતોઇશત શુધી બીજી
હાવનનો વખતછે, તે મુજબ રપીથવન અને બીજી હાવનનો વખત
આપણ ગણીએછે; માટે વંદીદાદનાં અવસતામાં સાત મહીના રપીથ
વન અને પાંચ મહીના બીજી હાવનનાંછે કરીને સાધારણ રીતે જણા
વેઉંછે તેહેનો ખોલાસો આપણને ઉપલા અવસતા તથા બીજી દીનની
કેતાબો ઉપરથી મલેછે; તારે મરહુમ દશતુર એદલજી આસા વાલા ગા
થાનાં દીવસો સફંદારમદ મહીનાની અંદરનાછે અને સફંદારમદ મ
હીનો ૩૫) દાહાડાનોછે હેવું વંદીદાદની પેહેલી પરગરદનાં અવસતા
નાં વરસનાં બાર મહીનાનાં સાધારણ લખાંણ ઉપરથી બતલાવવા માં
ગેછે તે વાત કબુલ રાખવા જોગ નથી.

૧૨) મી દલીલ ભરૂચવાલા મરહુમ દશતુર અસફંદીઆરજી કાં
મદીનજીએ કબીસાની જેકરમાં ૧૧૯૫ ઈઅજદજરદીનાં સાલમાં સુરત
માં છપાવી પરગટ કરેલી કેતાબ ઉપરથી બતલાવેલીછે તે આએ રીત

નીછે :—"હકતાલાએ ૩૫) ફરેશતા ઘણાં બુજોરગ પેદા કીધાછે, તેમાં થી ૩૦) જુદા કાહાડીને મહીનાનાં ૩૦ રોજ ઉપર મવકુલ કીધાછે અને હરએક મહીનો જે આફતાબીછે તેજ પરમાંણે તરીશ રોજબી આફતાબની ચાલ ઉપર ફરતાછે, અને જે બાકી ફરેશતા પાંચ રહેઆ તે છેલ્લા મહીના સાથે લગાડીને તેહેનું નાંમ 'અંદરગાહ' રાખેઉં અને એને ગાથાબી કેહેછે." આએ દલીલબી મરહુમ દશતુર એદલજી આસાવાલાને મદદ કરી સકતી નથી; કેમકે ભરૂચવાલા દશતુરજીએ પોતાનાં લખાંણુમાં મહીનાના ૩૦ દાહાડા ખોલ્લા લખેઆછે, અને ગાથાનાં પાંચ દાહાડાને કાંહાં મેલવા તે વીસે ખોલાસો કરેઓછે કે વરસના છેલા **મહીના સાથે લગાડવા.** એટલે જે સફંદારમદ મહીના પછી ગાથાના દીવસોની શરૂઆત ગણવી. એ ઉપરથી કાંઈ ગાથાના દીવસો સફંદારમદ મહીનાંની હદની અંદરનાછે હેવું ઉપલા દશતુરજીએ લખેઉછે, એમ કોઈબી રીતે પુરવાર થાઈ સકતું નથી, કેમકે મજકુર દશતુરે પોતાની ઉપલી કેતાબને ૧૦૦) મે સફે સતર ૧૭ મી એથી આએ પરમાણે લખેઉછે કે:—"તેહકીક આફતાબી વરસ ૩૬૫ા તરણસોને સવાપાંસેટ દાહાડાનુછે અને ૩૬૦ તરણસો સાહાઠ દાહાડાના ૧૨) મહીનાં લીધાછે, અને પાંચ દાહાડા વરસની પછવાડે વધારેલાછે તેહેને "ખુમશે મુશતરકે" કેહેછે અને પાઆ દાહાડાને માહેથી નાખી દઈને એકડા કરેછે તે કાંહાંસુધી કે એક મહીનો તમાંમ થાએ."

૧૩) મી દલીલમા મરહુમ દશતુર એદલજી આસાવાલાએ ઈજશનેના પેહેલ્લા હામાં વરસના છએ ગાહંબારની ફકત ઈઆદ કરેઆમાં આવેલીછે, એ સેવાએ તેહમાં ગાહંબારના વખતને મલતી કોઈ જેકર આવેલી નથી તે છતાં તે અવસતા તથા તેહેનો તરજુમો ટાંકીને પોતાની તરફેનમાં તેહેને દાખલા તરીકે બતલાવેઓછે, પણ તે દલીલ મજકુર દશતુરની તકરારને મુતલક નહી લાગુ પડે હેવીછે અને તેહેમાંથી ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પડવા વીસેની કસી સાબેતી મલતી નથી.

૧૪) મી દલીલમાં મરહુમ દશતુર એદલજી આસાવાલાએ "દીન કરદ" કેતાબનાં તરીજાં દફતરમાંથી એક ફેકરો ટાંકીને તેહનો અધુરો તથા નહી સહમજ પડે હેવો તરજુમો આપેઓછે, અને તેમાંથી ગા

થાના દીવસોને સફંદારમદ મહીનામાં બતલાવવાની તજવીજ કરીછે, પણ તેવો અરથ અસલ એબારતમાંથી નીકલતો નથી; માંટે મરહુમ દશતુરે કરેલો તરજુમો કેટલે દરજજે ખરોછે તે વીશે વીસતારીને લખવા કરતાં હમો તે પેહલવી ફેકરાનો તરજુમો અસલ મુજબ હમારા આએ પુશતકના હવેપછીનાં લખાણમાં આપનાર છઈએ, તે સાથે મેલવતાં હમારા વાંચનારાઓને સેહલાઈથી જણાસે.


૧૫) મી દલીલ "ખોરેહ વહીજક" કેતાબ ઉપરથી મરહુમ દશતુર એદલજી આસાવાલાએ બતલાવેલી નવમી દલીલછે અને તેહેનો સાર એટલોજછે કે "દીનકરદ" કેતાબમાં વરસની ચેઆર ફસલો જણાવેલીછે, અને તે ફસલોને આફતાબની દર તરણ મંજલની હદ સાથે તાઅલુકો આપેલોછે, તે રૂતોમાંની છેલ્લી રૂત બારમી મંજલ મીન રાસીની જે સફંદારમદ મહીના સાથે તાઅલુકો રાખેછે તે પુરી થવાથી તમાંમ થાએછે હેવું લખેલુંછે, તે ઉપરથી ગાથાના પાંચ દીવસોને સફંદારમદ મહીનામાં દાખલ કરવાની મરહુમ દશતુરે કોશેશ કરીછે, પણ તે વીસેનો ખોલાસો હમોએ આગલ કરેલોછે તેથી અતરે ફરીને કરવાની અગત જોતા નથી.

૧૬) મી દલીલ મરહુમ દશતુર એદલજી આસાવાલાએ "બુનદેહશને" નામની પેહેલવી કેતાબ ઉપરથી બતલાવીછે તે આએ રીતનીછે:— કે "મેં દુનીઆની પેદાએશને ૩૬૫ દાહાડાના નાકેસ વરસમાં પેદા કીધીછે, જે નાકેસ વરસમાં છ ગાહંબારના વખત કાએમ કીધાછે." આએ એબારત ઉપરથી દશતુર મજકુર હેવી તકરાર ઉઠાવેછે કે નાકેશ વરશ એકના ૩૬૫ દાહાડાછે તારે એ ઉપરથીતો ખોલલું માલુમ પડેછે કે પાંચ દાહાડા વરસથી અલાહેદા નથી. મજકુર દશતુરની આએ તકરારબી વજન સાથની નથી, કારણ કે કોઈબી જરતોશતી ગાથાના પાંચ દીવસોને વરસથી અલાહેદા ગણતા નથી; પણ તેહેને બદલે તે પાંચ દાહાડાઓ પુરા થાએઆ પછી વરસને પુરૂ થાએલું સમજેછે. તેઆરે આએ દલીલને પોતાની તકરારની સાબેતીમાં લાવવાની એ મરહુમ દશતુરને કસી અગત હતી નહી.

૧૭) મી દલીલ મરહુમ દશતુર એદલજી આસાવાલાએ ઉપલીજ પેહલવી કેતાબમાંથી લખી જણાવીછે તે એબારતની ખરેખરી માએની આએ રીતનીછે કે:—"એજ પરમાણે "હમસપથમેદેમ" ને વ

ખતે કે જે (હમસપથમેદેમ ગાહંબારના) પાંચ દાહાડા સફંદારમદ મહીનાની આખેરીએછે, (તેઆરે) રાત દાહાડો પાછો બરોબર થાએ છે." તેહેનો મજકુર દશતુરે પોતાની તરફથી જે તરજુમો કરેઓછે, તે આએ રીતનોછે—"સફંદારમદ મહીનામાં હમસ પથમેદેમ ગાહંબારના પાંચ દાહાડાછે તે પુરા થાએ તેવારે પાછો રાત દંન બરોબર થાએછે." આએ તરજુમો કરવામાં મજકુર દશ તુરજીની તરફથી તેહેની વાકીઅ રચના ઉપર કસુ ધેઆન આપેઆ માં આવેલું નથી; તેહેને લીધે એ દશતુરજીને તેવણના કરેલા અરથ માં ગલતી શુંછે તે મુતલક દેખાઈ નથી, મારે ઉપલો અરથ જાહેરમાં મેલવાની તેવણે ચલાવેલી હીમત વીસે આપણથી તેવણનો વાંક કાહાડી સકાતો નથી.

૧૮) મી દલીલબી મરહુમ દશતુર એદલજી આસાવાલાએ ઉપર જણાવેલી "બુનદેહશને" કેતાબ મયેથી આપેલીછે. આએ દલીલમાં જે પેહલવી એબારત ટાંકી બતલાવીછે તે આએ રીતનીછે:—



આએ એબારતનો ખરો અરથ આએ રીતે થાએછે કે:—

"જેમકે આફતાબી ચાલને લગતો ફરવરદીન મહીનો અને રોઝ હુરમજદરોજથી તે મેહેર મહીનો ને આફતાબની ચાલને લગતા અનેરાં નરોજ સુધી સાત મહીના "હામીન," (ઈઆને રપીથવન) નાછે; અને આફતાબી ચાલનો આંવાં મહીનો અને રોઝ હુરમજદરોજથી આફતાબી સફંદારમદ મહીનો અને (ગાથાના) પાંચ દાહાડા પુરા થાએ તાંહાં સુધી પાંચ મહીના જેમસતાન (ઈઆને બીજી હાવન) નાછે." આએ એબારતમાં "આફતાબી સફંદારમદ મહીનો અને (ગાથાના) પાંચ દાહાડા પુરા થાએ તાંહાં સુધી" હેવું લખાંણ પેહેલવીમાં આવેલુંછે તેહેનો અરથ મરહુમ દશતુર એદલજી આસાવાલાએ પોતાની તરફથી આએ રીતે કીધોછે કે:—"આફતાબી અસફંદારમદ મહીનો

પંજી જેનો છેડો થાએછે તાંહાં તલક." પણ અસલ પેહેલવી એબારતમાં દશતુરજીએ પોતાના અરથમાં સફંદારમદ મહીનાને સારૂં વાપરેલું સંબંધી સરવનામ મુતલક આવેલું નથી; તેમજ [illegible] હેવી એબારતનું પેહેલવી લખાંણ થાએલુંછે તેહેનો તરજુમો એ દશતુરજીએ ફક્ત "છેડો" કરીને કીધોછે તે કબુલ રાખવા જોગ નથી, જો—**ઔના વર** સેવાએ અમસથો [illegible] **સર**નો બોલ ઉપલી પેહલવી એબારતમાં આવેલો હતેતો મજકુર દશતુરની મતલબ બર આવતે, પણ તેમ નથી માટે દશતુરજીનો અરથ કબુલ રાખી શકાતો નથી.

૧૯) મી દલીલબી મરહુમ દશાતુર એદલજી આસાવાલાની તરફથી "બુનદેહશને" કેતાબમાંથી બતલાવેઆમાં આવીછે તે દલીલની મતલબ હેવીછે કે:—"વરશનાં ૧૨) મહીનાછે તેહેમાં ફરવરદીનથી તે ખોરદાદ શુધી તરણ મહીનાં બાહારની રૂતછે, તીરથી તે સેહેરેવર શુધી તરણ મહીનાં ગરમીની ફસલછે, મેહેરથી તે આદર સુધી તરણ મહીના ખેજાંનની રૂતછે, અને દેએથી તે સફંદારમદ સુધી જેમસતાંનની રૂતછે. ખુરશેદ મેશ રાશીથી તેહેના (દોરના) છેડા સુધી ચાલેછે અને ૩૬૫) દાહાડા અને છ કલાકનું જે એક વરસ પુરૂ થાએછે તેઆરે તેહેની જગો ઉપર પાછો આવેછે."

આએ દલીલ ઉપરથી મરહુમ દશતુર એદલજી આસાવાલા ગાથાના દીવસોને સફંદારમદ મહીનાની અંદરનાં ગણવા માંગેછે; પણ તેહેવી કસી મતલબ ઉપલી એબારતમાંથી નીકલી શકતી નથી. જો એ મરહુમ દશતુર ખુરશેદની બાર મંજલોમાંની અગીઆર મંજલને ૩૦) દાહાડાની બરોબર ગણીને બારમી મંજલ જે સફંદારમદ મહીના સાથે તાલુકો રાખેછે તેહેને ૩૫) દાહાડાની ગણવા માંગતા હોએ તો તે વીચાર ભુલ ભરેલોછે, કારણ કે આપણને આફતાબની ચાલને લગતો જે એહવાલ "દીનકરદ" અને બીજી કેતાબો ઉપરથી મલેઓછે તે ઉપરથી જણાએછે કે આફતાબ પોતાની દરએક મંનજલ બરોબર ૩૦) દાહાડે પુરી કરી શકતો નથી; પણ તેહેમાં કાંઈએક વધારે અથવા ઘટારે વખત રોકાએછે, તે વધારાનાં વખતનાં ગાથાનાં પાંચ દીવસોછે, માંટે તે સફંદારમદ મહીનાની અંદર કોઈ પણ રીતે દાખેલ થાઈ સકતા નથી.

૨૦) મી દલીલ મજકુર દશતુરજીએ ચાંદા નામના કોઈ મોબદે

તેવણુના લખવા પરમાંણે શંવત ૧૬૨૩ મા શંસકરીત ભાશામાં રપી થવનનો હીંગામ સાત મહીનાં અને બીજી હાવનનો વખત પાંચ મહીનાછે કરીને લખેઉંછે તે ઉપરથી બતલાવીછે; પણ તે વીસેનો ખોલાસો હમોએ આગલ "ખોરેહવહીનક" ની દલીલના જવાબમાં કરેલોછે માંટે અતરે ફરીને લખવાની જરૂર રહી નથી.

૨૧) મી દલીલ દશતુર બરજોર કાંમદીનની રવાએતને નામે આપીછે તે આએ રીતનીછે.

ششم گهنبار همسپتمدیم در آخر ماه سفندارمد باشد از روز اهنود گاه تا وهشتویشت گاه

તેહેની માએની આએ પરમાણે થાએછે કે:—

"છહો ગાહંબાર હમસપથમેદેમ સફંદારમદ મહીનાંની આખેરીમાં અહુનવદ ગાથાથી તે વેહેશતોએશત ગાથા સુધીછે."

આએ એબારતમાં **સફંદારમદ મહીનાંની આખેરીમાં હમસપથમેદેમ ગાહુંબારછે** હેવી મતલબનું લખાણ આવેલુછે, તેહેની મતલબ સફંદારમદ મહીનાંની હદ પુરી થાએઆ પછીના વખતમાં હમસપથમેદેમ ગાહંમબારનો વખતછે હેવી ઉઠેછે, તેહેને બદલે મરહુમ દશતુર એદલજી આસાવાલા હમસપથમેદેમ ગાહંબારના દીવસોને સફંદારમદ મહીનાંની અંદર દાખેલ કરવા માગેછે, પણ ઉપલી એબારત ઉપરથી તે અરથ નીકલતો નથી; કારણકે જો મજકુર દશતુર કેહેછે તેમજ અરથ થતો હતેતો શેહેરેવર અને મેહેર મહીનાના બે ગાહંબારો તે મહીનાઓની હદની અંદરના છેહલા દીવસોછે તે વીસેબી કેતાબોમાં "દર આખેરે શેહેરેવરમાહ" તથા "દર આખેરે મેહેરમાહ" કરીને લખતે પણ તે ગાહંબારો વીસે તેહેવું કસ્સું લખેઆમાં આવેલું નથી, માટે "દર આખેરે સફંદારમદ માહ" હેવી એબારત ઉપરથી દશતુર મજકુર ગાથાના દાહાડાઓને સફંદારમદ મહીનાંની અંદર દાખલ કરવા માગેછે તે નહી બની સકે હેવુંછે.

૨૨) મી દલીલમાં મરહુમ દશતુર એદલજી આસાવાલાએ બેહેશતનશીન દશતુર દારાબ પાલણે બનાવેલી ફારસી "ખોલાસેદીન" નામની કેતાબમાંથી નીચે જણાવેલી મતલબનું એક બેત ટાંકીને તે ઉપરથી સફંદારમદ મહીનાંની અંદર ગાથાના દીવસોછે હેવું બતલાવવાની તજવીજ કીધીછે, જે બેત આએ રીતનુંછે:—

قريب هال پيدا كرد دنيا بشش كاهو بوقت خود مهيا

માઅેની—"નજદીક વરસ દાહાડે છ ગાહંબારના મુકરર વખત ઉપર દુનીઆંને પેદા કીધી."

ઉપલી એબારતમાંથી દશતુર મજકુર ગાથાના દાહાડાઓમાં સફંદારમદ મહીનો પઢવા વીસેની જે દલીલ બતલાવવા માગેછે તે મુતલક મલી સકતી નથી માંટે એ દલીલનેબી નકાંમી સહમજવી જોઈએછે.

૨૩) મી દલીલ દશતુર એદલજી આસાવાલાએ આપીછે તે કાંઈ નવી દલીલ નથી, પણ એકવીસમી દલીલ જે દશતુર બરજોર કાંમદીનની રવાએતને નામે આપીછે તેજ ફારસી એબારત પાછી ટાંકીને એક નવી દલીલ ઉભી કીધીછે.

એ પછી ૨૪—૨૫—૨૬ અને ૨૭ મી દલીલો દશતુર બરજોર કાંમદીન, સદદરે બુનદેહશને, દશતુર દારાબ હુરમજદીઆર અને દશતુર એસફંદીઆર રૂશતમની લખેલી રવાએત ઉપરથી આપેઆમાં આવેલીછે, તેહેમાં "હમસપથમેદેમ" ગાહંબાર સફંદારમદ મહીનાની આખેરીએછે હેવું લખેલુંછે, તેનો આધાર મરહુમ દશતુર એદલજીએ પકડીને, ગાથાનાં દીવસોને સફંદારમદ મહીનામાં દાખેલ કરવાની કોશેશ કીધીછે; પણ તે દાખલાઓ દશતુર મજકુરનાં વીચારની સાંહાંમણેછે, અને તે વીસેનો ખોલાસો ૨૧) મી દલીલનાં રદ જવાબમાં હમોએ કરેઓછે.

૨૮) મી દલીલ મજકુર દસતુરે એક મુસલમાંન ગરંથકારે બનાવેલી "નેસાબુસ્સેબીઆં" નામની કેતાબમાંથી આપીછે, તે કેતાબમાં તે ગરંથકારે "ફરવરદીન" થી તે "સફંદારમદ" મહીના સુધીનાં આપણા ૧૨) મહીનાઓનાં નાંમો લખી જણાવેલાંછે તેહેમાં લખેઉંછે કે:—"બેહમન ઉપર સફંદારમદ મહીના સેવાએ વધારે નથી." તેહેની મતલબ હેવીછે કે સફંદારમદ સેવાએ કોઈ બીજો મહીનો નથી. તેહેને બદલે મજકુર દશતુરે તેહેનો અરથ વાંચનારાઓને હેવો સમજાવેઓછે કે એ એબારતમાંથી ગાથાનાં દીવસો સફંદારમદ મહીનાની અંદરછે હેવી મતલબ નીકલેછે; પણ તેમ ઉપલા ગરંથ કરતાનું કસ્સું લખાંણ નથી. કારણ કે ઉપલી બેત લખેઆ પછી તેહનીજ નીચે ચાલુ એબારતમાં તે ગરંથ કરતાએ લખેલુંછે કે, و پنج روز زايد
را در آخر اسفندار مد ماه جلالي كه آخر سال است مي افزايد و

آنرا خمسه مسترقه خوانند અને વધારાનાં પાંચ દાહાડા કે જે વરસને છેડેનાછે તેહને જલાલી સફંદારમદ મહીનાની સેવટે વધારેછે અને તેહને "ખમસે મુસ્તરકે" કરીને કેહછે. પણ આ એ એબારત મરહુમ દશતુર એદલજીએ પોતાનાં લખાંણમાં જણાવી નથી.

૩૦) મી દલીલ સુરત વાલા મરહુમ શેઠ મીનોચેહરજી ખુરશેદજી ઉપર ઈરાંનનાં દશતુર મોબદોની તરફથી ફારસીમાં એક મેહજર લખાઈને આવેઓ હતો તેહેનો ગુજરાતી તરજુમો મરહુમ દશતુર મુલ્લાં કાઉશજીએ કરેઓછે તેહેમાંથી બતલાવીછે, તે દલીલ આએ રીતનીછે:—

"ઈજન દેઉંચ પુર મનશનીએ કરી જે ગાહંબારનું વરશછે ઈ આને ફરવરદીન મહીનો અને અહુરમજદ રોજથી તે સફંદારંમદ મહીનો અને વેહેશતોઇશત ગાથાનાં દીન પાંચ સુધી એ તમાંમ વરસમાં છએ ગાહંબાર આવેછે તેહેને."

આએ ઉપલી દલીલ ઉપરથી દશતુર મજકુર ગાથાના પાંચ દીવસોને સફંદારમદ મહીનાની અંદર લેવા માંગેછે, પણ અસલ દલીલતો તેહેની વીરૂધછે કેમકે તેહેમાં ખોલલું જણાવેલુંછે કે **સફંદારમદ મહીનો અને પાંચ ગાથાના દંન સુધાં વરસ તમાંમ થાએછે, અને તેહેમાં છ ગાહંબાર આવેછે,** તેઆરે દશતુર મજકુરને ઉપલી દલીલ પોતાનાં મતનાં ટેકામાં લેવાની કસી જરૂર નહી હતી.

૩૧) મી દલીલ મરહુમ દશતુર મુલ્લાં ફીરૂજજીની બનાવેલી "રેસાલે એસતેશહાદ" નામની કેતાબમાંથી બતલાવીછે તે પણ ઉપલી દલીલને બરોબર મલતીછે.

૩૨) મી દલીલ પેહલવી ભાષાના સીખાઉ બચ્ચાંઓને સારૂં આંમદન તથા ફારસીઆતને મલતી એક નાધલી ચોપડીમાંથી બતલાવીછે, તે કેતાબમાં તેહેના બનાવનારે સીખાઉ બચ્ચાંઓને સહમજવા સારૂ આપણા તીસે રોજ, બારે મહીના, અને પાંચે ગાથાના દીવસોનાં નામો લખી જણાવેઆંછે અને તરણસોને પાંસટ દાહાડે વરસ પુરૂં થાએછે તેહેની સહમજ આપીછે, તેહેમાં તેહેના બનાવનારે લખેઉછે કે—"સફંદારમદ મહીનો અને ગાથાના પાંચ દાહાડાઓ સાથે તરણસોને પાંસેટ દાહાડે વરસ એક પુરૂં થાએછે," તો તેહેને કીઓ જરતોશતી નાકબુલ રાખેછે? સરવે કોઈ ૩૬૫ દાહા

ડાનું વરસ કબુલ કરેછે, અને આએ દલીલ ગાથાના દીવસો સફંદાર મદ મહીનાથી એહલાદાછે હેવું બતલાવેછે તેઆરે એ દલીલ દશતુર મજકુરને પોતાની તરફ ખેંચવાનું કસ્સુ કારણ નહી હતું.

૩૩) મી અથવા છેલલી દલીલ મરહુમ દશતુર એદલજી આસાવા લાએ આપીછે, તે કોઈ મોબદને તાંહાંના ગુજરેલાં રવાનોનાં નામગર ણુના કાગજ ઉપરથી ઉતારેલીછે, અને જણાવીઉછે કે સંવત ૧૭૨૩ માં તે નામગરણુની ચોપડી લખાઈ હતી, તેમાં લખેલુંછે કે:—"ધે હ ૧ માહ ૧૨ મે ડુા૦ કુકા એ૦ કેરશાસપ તે દાજીકાકા દોડીઓ" હવે આએ તે દીનના પુશતકની મોતેબર દલીલ કેહવાએ? હમોને ઘણું અજાએબ જેવું લાગેછે કે ઉપલી હલકાં વજનની દલીલ લખતી વખતે મજકુર દશતુરજીને કાંઈબી વીચાર નથી આવેઓ, પણ એ મ રહુમ દશતુર શું કરે તેવોએ ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાનો ફતવો આપેઓતો ખરો પણ તે બીલકુલ ખોટો હતો તેહેને આધાર મલે કાંહાંથી! તેઆરે હાવા નામગરણુના કાગજો ઉભાં કરવા ની તેવણુને જરૂર પડે તેહેમાં નવાઈ શું? એટલું છતાં આએ મરહુમ દશતુરજીએ ભોલા લોકોને દેખાડવા સારૂં પોતાનાં પુશતકના છેલ્લા ભાગમાં હમારા મરહુમ મુરબીજી દશતુરજી એદલજી સંજાંણાને માં ણેકજી સેડની વાડીમાં અનજુમન ભરીને પોતાનો ફતવો ખરો કરી આપવાની કબુલાત આપીછે, તે કબુલાત કેટલી વજંનદાર અને એોસતવારછે તે વીસે દરીઆફત કરવાનું કાંમ હમો દાંનેશમંદ વાંચ નારાઓને પોતાનેજ સોંફીએછે.

મરહુમ દશતુર એદલજી આસાવાલાએ જરતોશતીઓને સફંદાર મદ મહીનો પટવાની જે રેહનોમાઈ કરી હતી તેહેની દલીલો વીસે મજકુર દશતુરે અને તેવણુનાં નબીરા ભાઈ જામાસપજીએ જાબજા લ ખેઉંછે કે "મોએતેબર દલીલો" તે દલીલોતો આપણુને હમોએ ઉપર લખી જણાવેઆ પરમાંણેની નબલી અને કમજોર જણાઈછે; અને ૩૨) દલીલોમાંની એકબી દલીલ એ ભાઈઓનાં મતને કોઈબી રીતે ટેકો આ પી શકી નથી, તારે તે વીસે આટલું મોહોટું પુશતક કરવામાં અને તેહેને હાલનાં વખતમાં ભાઈ જામાસપજીએ છપાવવામાં જરતોશતી આલમને શું ફાએદો કીધો અને પોતે શું કીરતી મેલવી? તેહેની હમોને સહમજ પડતી નથી. હમોતો ખરેખર ધારીએછે કે એ ગ

રહસથોએ ખોદાતાલાની તરફથી મલેલા વખતની કીમતને પીછાંની નથી અને પોતાનો વખત નકાંમો જાએઆં કરેઓછે.

હવે મરહુમ દશતુર એદલજી આસાવાલાએ તેવણુની સહમજ મુજબ મરહુમ દશતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાણાંને હલકા પાડવાની ધારણાથી તે જીન્નતનશીન દશતુરજી ઉપર તેવણનાં આએ દુનીઆંથી ગુજર કીધા પછી કેટલાંએક અનઘટતાં, ધીક્કારવા જોગ તોહોમતો મેલેઆંછે તેહેમાં તે પરહેજગારીનું ડોલ ઘાલનાર દશતુરજીએ કેહેવી સચ્ચાઈ વાપરીછે, તે વીસે વાંચનારી આલમની ખાતેરી કરવા સારૂં એકજ બાબતનો અતરે ખોલાસો કરીએછે.

મરહુમ દશતુર એદલજી આસાવાલા પોતાની કેતાબને ૧૮૦) મે સફે સેતર ૨૪ મીથી લખેછે કે :—

" એજ એદલદારૂ સંજાણાએ સને ૧૮૪૦ ઈસવીના વરસમો પા
" રસીના ટોલાના ગુજરેલાં રવાંનોનાં જુદદીનવાલાઓ પાસે બેધરક
" પેટ ચીરાવેઆનો **અવલમો** પંચાતવાલા અકાબર સાહેબોને **ફતવો**
" **આપેઓ હતો**, અને તેજ ધણીએ તેઆરપછી જારે તમામ જરતો
" શતી ફેરકાના સાહેબોની તે વીસે નાખુશી જોઈ તારે તે વાતને સા
" રૂં વલી ના કહેઆમો કસ્સો વીલમ લગાડેઓ નહી કે ગુજરેલાં ર
" વાંનોના પેટ ચીરવાં નહી ઘટે. તે વાતનાં લખતમો એ એદલદારૂ
" ની સહી સાથે બીજા ૪) દશતુરોની શહીઓછે, અને તે લખતો
" તથા એ એદલદારૂએ જે એજવીસે પંચાતવાલા સાહેબોને હા કહી
" ઉં હતું તે સરવે બીનાં સને ૧૮૪૦ ઈસવીનાં સાલના મેએ મ
" હીનાના ચાબુક તથા સમાચાર નામનાં જાહેર વરતમાંન પતરો મધે
" છપાઈછે તે જે સાહેબોની નીશાં નહી થાતી હોએ તેઓએ ઉપલા
" મહીનાનાં પતરો વાંચેઆથી પોતાની ખાતેરી કરી લેવી."

મરહુમ દશતુર એદલજી આસાવાલાએ ઉપલું લખાણ બીલકુલ ગલતી ભરેલું કરેઉંછે, અને પોતાના એક હમનશીન દીનદાર દશતુર ઉપર જુઠું તોહોમત મેલેઉંછે; કારણ કે મુંબઈની ગવરનર ઈન કાંઉનસલની તરફથી મુંબઈની પોલીસનાં સીનીઅર મેજેસટરેટ પી. ડબલીઉ લીજેટ ઈશકોએરની તરફથી તારીખ ૧૪ મી એપરેલ સને ૧૮૪૦ ઈસવીની તેરીખે લખેલો પતર એક આ પણી પંચાએતનાં અકાબર સાહેબો જોગ આવેઓ હતો, તે પ

છી પંચાતનાં અકાબરોએ તા૦ ૨૮ મી એપરેલ સને ૧૮૪૦ ને દી ને મીટીંગ કરીને પછી મુંબઈનાં પરખેઆત દશતુર સાહેબો ઉપર પ તર લખેઓ હતો અને તેહનો જવાબ તેઓએ તારીખ ૧૨ મી મેએ સને ૧૮૪૦ ને દીને મોકલેઓ હતો, તે અસલ દસતાવેજ દસતુરોની સહી સાથનો વાંચનારા દાનેશમંદ જરતોશતીઓની વાકેફકારીને મા ટે હમો અતરે પરગટ કરીએછે.

અસલ નકલ. †

"શદા શરફરાજ શદા મેહેરબાંન ફેજ રસાંન શેઠજી સાહેબ શ્રીપા૦
" વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજી તથા પંચાતનાં અકાબર
" શાહેબો તથા શમશત અનજુમનની હજુરમાં દોવાગોઓ નીચે સ
" હીના કરનારાવોની દોવા આફરીનબાદ કબુલ કરવી, જત ગવરનર
" કુનશલની તરફથી પી. ડબલીઉ. લીજેટ ઈશકોએર પોલીસનો વડો
" માજેશટરેટે શેઠજી નવરોજજી જમશેદજી ઈશકોએર તથા પારસી
" ની પંચાતનાં અકાબર શેઠીઆવોને નામનું તા૦ ૧૪ મી એપરેલ
" સને ૧૮૪૦ ઈશવીની તેરીખનું લખેલું કાગજ ૧ આવેઉ હતું તે
" ઉપરથી તમો સાહેબોએ હમારી ઉપર સવાલ કીધો જે આપડી જર
" તોશતી દીન મધેનો કોઈએક શખશ કમોહોતે મરણ પાંમે તે મા
" ણસની લોથની કારોનરની જુરીથી તપાશ કરવાની બાબતમાં મેજી
" સતરેટો એમ ચાહેછે કે તેહેનું પેટ ચીરીને તેહેની ખરી ખોટી ત
" પાસ કરે તે બાબે આપંડી દીનને કાંઈ મુજાંહેમત હોએ અથવા ન
" હી હોએ તે દીનના દફતરોથી તેહેનું બએઆંન તફસીલવાર લખી
" ને હમોને વાકેફ કરવા.

" તેહેનો જવાબ એજે આપણી જરતોશતી દીનનાં હોકમ મુજબ
" મુવેલાં આદમીનું પેટ ચીરવું અને તેહેની સાથે આલુદે થવું એથી
" આપણી દીનમાં ઘણી મોજાહેમત પોહોચેછે; અને અજીમ ગુનાહ
" છે, તેહેનો સબબ એછે જે પરથમ પેહેલું આપડી ભલી દીનમાં એ

---

† આએ પતર દશતુર સાહેબોએ જેમ પંચાતનાં અકાબર સાહેબો ઉપ ર મોકલેઓ હતો તેમજ તેની એક ખરી નકલ મરહુમ શેઠ જાંહાંગીરજી એદ લજી (પાંડોંચા) અને બીજા આસરે ૯૦) ગરહસથોનાં માંગવાથી તેઓના ઊપર મોકલી હતી, તેઓએ આએ નકલ ૧૮૪૦ ઇસવીનાં એપરેલ મહીનાનાં મુંબઇ સમાચાર નામના વરતમાન પતર મધે છપાવી પરગટ કીધીછે.

" હુવું ફરમાવેછે કે જે કોઇ આદમી મરવાની નજદીક પોહોચે તેહે
" ને શેતાબીથી તેહેની હએઆતીમાંજ દીનનાં હોકમ મુજબ પર
" થમ ગોસલ કરાવવું અને પુરાણાં પાક કપડાં તેહેને પેહરાવ
" વાં તેવાર પછી તેહેની હએઆતીમાંજ જણુ ૨ બેએ પાદીઆ
" બ કુશતી કરી જોડ વલગી સરોસબાજ લઇને તેહેની નજદી
" ક બેશે પછી જેવારે તેહેનો દંમ આખેર થાએ તે ખુબ તપા
" સીને દીનનાં ફરમાંન પરમાંણે તેહેને સંજોગે અને એક પાક
" જગો ઉપર તેહેને મુકીને કસ ૩) તરણ તેહેની આસપાસ ખેંચે પ
" છી તે મોરદાંની સાથે નસાસાલાર શેવાએ કોઈ બીજો આલુદેહ ન
" હી થાએ ઇઆને અડકે નહી. અગર એમ કરતાં કોઈ શખસ
" અનજાણથી આલુદેહ થાએ ઇઆને અડકેતો તે શખસ રીમન થા
" એ તેહેની ગવાહી વંદીદાદની તરીજી પરગરદમાં જાહેરછે તે અવ
" સતાનાં પદો માએની સાથે લખીને નીચે પરગટ કીધાંછે."

વંદીદાદની તરીજી પરગરદનાં અવસતાનાં પદો.

" મા ચેથ બરો અફઊઓ ઇઅદ ફરસતેમ આગ્રદ ઇઝ્જેથે બરાદ અઇ
" ઊઓ ઇગ્રદ ફરેથતેમ ઠપ વા નગુસ રેથવાદ."

ઉપલા અવસતાનો ગુજરાતી તરજુમો.

" માં લેઇ જાતો કોઇ એખલો જે મુવેલું આદમી હોએ તેહેને
" (ઇઆને જેવારે જાંણે કે એક આદમી ગુજરેલુંછે તેહેને જોડ થાએ
" આ વગર અડકવું અને ઉઠાવવું નહી જોઇએ.) અગરજો કબી
" જે ગુજરેલું આદમીછે તેહેને એકજ જણ એખલો લઈ જશેતો તે રી
" મન થાશે (ઇઆને કબી જોડ થાએઆ વગર એખલો મોરદાંને આ
" મેખતે થશેતો તે ઉપર નશશ આલુદેહ થાશે) ઇઆને રીમનની
" તથા નાપાકી તેહેને પોહોચશે અને તે રીમન થાએલાં આદમી સા
" થે જો કોઈ વાત કરે અને આમન સાંમન સખુંન બોલેતો તે બો
" લનારબી રીમન થાએ."

" હવે એ ઉપલા અવસતાની ગવાહી પરમાણે દાનાઇથી દરીઆ
" ફત કરવી કે એક ગુજરેલાં આદમીને ઉપર લખેઆ પરમાણે પાકી
" પરહેજગારોથી કપડાં પેહેરાવી સંજોગીને બંધ જે તેહેને બાંધેલાછે,
" અને તેહેને એક જગોએ મુકેલોછે તેહેને કોઈ એખલો આમેખતે

" નહી થાએ અને તે બંધ તથા કપડાંને, તે મોરદાંને દુખમાંની અંદ
" ર મુકવા સેવાએ ચાક કરવાનો દીનનો હોકમ નથી અને તે કપડાં
" ચાક કીધા પછી નસસાલારોને દશતુરી પઢવાનો હોકમછે તેહેની ગ
" વાહી કેતાબ એક (વજરકરદદીની) નામનીછે તે મધે પેહલવીમાં
" લખેલુંછે કે તે પેહલવી એબારતને સરવે સાહેબોને વાંચવા સારૂં
" હીંદવી હરૂફે લખીને નીચે પરગટ કીધીછે :—

વજરકરદદીની કેતાબની પેહલવી એબારત હીનદવી હરફમાં.

" ઈઅક ઈન કુ નશા સોદાર અંદર અજાન પ આને વાજ જમ
" લુનંદ પ ગાહે કે આં રીશતે જાંમે શીકુનદેહ બ અનાતુનંદ ઈન કે
" બુમે શપંદોમદ અમશાશપંદ ગાહાંન અવર દાશતેમ અઈઓખશશત
" રસાંનીદેમ હમચુંન કે ફરમુદેદ વાદુન દેમ અહોરમજદ વ અમે
" શાશપંદાંન રૂએ પ તો કુનંદ."

ઉપલી પેહલવી એબારતનો ગુજરાતી તરજુમો.

" અને નસસાલારોને દીનનો હોકમ એછેજે દુખમાંને અંદર
" જેવારે મુરદાંને કપડાં ચાક કરીને પાવીમાં મુકે તે વેલાએ બાજમાં
" (દશતુરી) પઢે તે એછે કે 'અશપંદારમદ અમશાસપંદની જમીન ઉ
" પરથી અમોએ એ ગુજરેલાનાં તનને બુલંદી તથા બુજોરગીથી ઉ
" ઠાવીને ગેહાંન ઉપર મુકીઉં અને તે અઈઓખશશત ઈઆને ધાત
" ની ગેહાંન ઉપર લાવીને એ દોખમાં મધે પોંહોંચાડીઉં જેમકે અમો
" ને દીનનો હોકમ ફરમાવેલો હતો તે મુજબ અમોએ એ કાંમ કીધું
" હવે દાદાર અહોરમજદ તથા અમશાસપંદો તાહારી પાશબાંની ત
" થા નગેહબાંની કરે.' "

" હવે જેવારે કારોનરની જુરી થાએ તારેતો તે શંજોગેલાં કપડાં
" જે દુખમાં મધે ચાક કીધાં જોઈએ તે કપડાં તેજ જગો ઉપર ફાડી
" નાખે તેવારે દીનનાં હોકમ મુજબ જે કીરીઆ કીધીછે તેતો સઘલી
" અપરમાંણુ થાએછે, પછી જેવારે તે મુરદાંનું પેટ ચીરીને તેહની અં
" દરનાં રોગ તથા જેગર વગેરે હરએક ચીજને બાહેર કાહાડીને પે
" લા જે કશ આસપાસ કાહાડેલાછે તેહેની બાહેર નાખે અને તેહેની
" રસી તથા પીપ તથા હરએક આલાએશ તેહેનાં બદન મધેથી જમી
" ન ઉપર પડેઆથી તે જમીન રીમન થાએછે તે જમીન દીનનાં હો

" કમ મુજબ માશ ૧૩) તેરની મુદત થાએઆ વગર પાક નહી થાએ
" તાંહાંસુધી તે જમીન કોઈ મજદીઅશની દીનનાઓનાં વાપરવામાં
" આવે નહી. એ પરમાંણે આપણી દીનમાં મોહોટું નુકસાંન થાએ
" તેહેની ગવાહી વંદીદાદની છઠી પરગરદમાં જાહેરછે તે અવસતાનાં
" પદો માએની સાથે નીચે પરગટ કીધાંછે.

વંદીદાદની છઠી પરગરદનાં અવસતાના પદો.

" અંતરાદ નેમાદ ઇઆરે દરાજો નસુશપેમ પસચેતે આસતરીઆડઅંતે
" અફતે ઇઓ મજદીઅયન અપશચ જેમસચ ડુરુઅરાડસચ."

એ ઉપલા અવસતાની માએની.

" પછી તે જમીન શાલ દરાંતાની મુદતની અંદર ઇઆને (૧૩)
" તેર મહીનાની અંદર તે જમીન વાપરવા અને ખેતીવાડી કરવા
" તથા તે જમીનમા પાંણી નાખવા તથા જાહાડ રોપવાથી માજદી
" અશની દીનનાંઓ નશાને જમીનમાં દાટેઆ બરોબર ગુનેહગાર
" થાએ."

" વલી બીજુ એજે આપણી ભલી દીનમાં એક આદમી ગુજરે
" લું હોએ તેથી આતશ તથા પાંણીને દુર રાખવાનો હોકમછે તેહેની
" ગવાહીના પદ વંદીદાદની તરીજી પરગરદમાં જાહેરછે તે પદ નીચે
" લખેઆંછે.

વંદીદાદની તરીજી પરગરદનાં પદો.

" થરેસત ગાએમ હચ આથરદ થરેસત ગાફમ હચ અપદ."

માએની.

" દાદાર અહુરમજદ હજરત જરતોશતને કેહેછે જે "નસાની
" ચીજથી (૩૦) તરીસ કદંમ આતશને દુર રાખે અને (૩૦) તરીસ
" કદમ પાંણીને દુર રાખે, દીનમાં ફરમાવેછે." હવે એ જગો ઉપર
" દાનાઇથી નેગાહ કરવી કે જેવારે મોરદાંની ઉપર પાંણીનો એક ક
" તરો લગાડેઆથી મરગરજાંની ગુનેહગાર થાએછે, તેવારે કારોનર
" ની જુરીતો પેલાં મુરદાંનુ પેટ ચીરીને તેહેની તમાંમ પલીદી તથા
" રોદાઓને પાંણીથી ધોએછે અને રીમન પાંણીનાં કતરાવો જમીન
" ઉપર પડે તે જમીન રીમન થાએ અને પેલો પેટનો ચીરનાર મર
" ગજાંની ગુનેહગાર થાએ."

" વલી બીજું શખત મુશકેલ એજે હમારા સાંભલવામાં હેવું આ
" વેઉંછે જે તે જે રોદાઓને ધોએલાં રીમન પાણીને પાક આતશ ઉપર
" ચહડાવેછે તથા તે ઉપર આતશ મુકીને તેહેની ધુંવાની બોએ લીએછે,
" તે વાતની આપણી ભલી દીનને ઘણી મુજાંહેમતછે, અને હેવાં કાંમ
" નો કરનાર શખશ મરગરજાંની ગુનેહગાર થાએછે તેહેની ગવાહી
" વંદીદાદની સાતમી પરગરદમાં જાહેરછે તે એછે કેઃ—

વંદીદાદની સાતમી પરગરદનાં પદો.

" તે હુચંઘહો અઊઇઆશતરહે ડગજદસતેમ યઊઅંતે ઇઓ નસુકરેતે દરૂઅંતો."

માએની.

" કે જે શખસ નશાને આતશ અને પાંણીમા નાખનાર તથા
" ભેલનાર દોજખી થાએ અને તે શખસ ખુશકીનો ચાહનાર ઈઆ
" ને કેહેત અને દુકાલનો અને બુરી ચીજોને મદદનો કરનારછે અ
" ને તે શખશ હમેશે લગી નાપાક અને રીમન રેહે.

" હવે એ કારોનરની જીરી પેલાં મુરદાનું પેટ ચીરીને તેહનાં
" પેટમાહેની પલીદીને ઉપર લખેઆ પરમાંણે જગોએ જગો પરાગંદેહ
" કરે તેવારે હેવાં મુરદાંને દીનના હુકમ મુજબ ફરીથી સંજોગવું અ
" ને દીનની કીરીઆ કરવી તે શો રીતે બને. વલી ભલી દીનમાં
" એમબી હોકમછે કે જેવારે એક શખશ આએ દુનીઆંથી ગુજરી
" જાએ તેવારે તથા તેહેને દુખમે લઈ ગએઆ પછી તે ઘરમાં આત
" શ રોશન રાખે અમે આતશ ઉપર ખુશબોઈ મુકવી જોઈએ કે તેજ
" વેલા સરોશ ઈજદ તેહેનાં રવાંનની દસતગીરી કરે તેહેનો ગવાહી
" વંદીદાદની (૮) આઠમી પરગરદમાં જાહેરછે તે એછેકેઃ—

આઠમી પરગરદના અવસતાના પદો.

'ડપ અઇતેમ નમાનેમ બુદીઆંન ડરૂઆસનીઆડ વા વોહુ ગુનકે વા."

ઉપલા અવસતાનાં પદોની માએની.

" સેતાબીથી તે ગુજરનારનાં ઘરમા પાક આતશ ઉપર ખુશબોઈ
" જેહવીકે સુખડ તથા અગર તથા લોબાંન તથા તેહેવીજ બીજી હ
" રએક નેક ખુશબો મુકવી જોઈએ" તે ખુશબોને ઠેકાણે તે ઘરમાં
" આતશ નશા ઉપર મુકે ને તેહેનો ધુંઈ લીએ જેવારે હેવું મરગર

" જાની ગુનાહનું કાંમ (કારોનરની) જુરીને લીધે થાએ તેવારે આ
" પણી દીનને ઘણીજ મુજાંહેમત પોહોચેછે. કાંએજે વંદીદાદની એ
" જ આઠમી પરગરદમાં ફરમાવેછે કે નશાને આતશ ઉપર પકાવના
" ર અથવા બાલનાર તથા રાહુજંન ઈઆને વાતપાડા તથા કુનમરજી
" કરનાર એ તરણે શખસોને જે કોઈ એહવાં ગુનાહના કાંમ કરતો
" જો કબી નજરે દેખેતો તેહેને ઘટેચ કે તેહેનાં ગવાહ શાહેદીથી બ
" રોબર ઈનસાફ જાણીને દશતુર તથા દાવરના હોકંમ લીધા વગર
" તેઓને મારી નાખે અને એ બાબતનીબી ગવાહી વંદીદાદની એજ
" આઠમી પરગરદમાં અવસતાના પદે ફરમાવેલીછે તે એછે કે:—

વંદીદાદની આઠમી પરગરદના અવસતાના પદો.

" અઊઇ અફતેમ નસુપાકેમ જનફતે અઊઅહે જનીફન."

ઉપલા અવસતાના પદોની માએની.

" જેવારે કોઇએક શખસ કોઇ શખસને આતશ ઉપર નશાને
" બાલતો અથવા પકાવતો દેખે તો તે નશાનાં પકાવનારને તરત મા
" રી નાખે" એહેવું અવસતામા ફરમાવેલુંછે કાંએજે નશાનો પકાવ
" નાર મોહોટો મરગરજાંનીછે."

" હવે દીનનાં કાએદા મુજબ હમો જાહેર કરીએછે કે જે કોઈ શ
" ખસ પેલાં મુરદાનું પેટ ચીરે અને તેહેના પેટમાહેનાં રોદા તથા
" મવાદ હાથે કરીને બાહેર કાહાડે અને વલી હાથે કરીને પાછું તેહે
" નાં પેટમાં અંદર મુકે તે શખસ હમેશે લગી રીમંન તથા મરગર
" જાંન રેહે તેહેની સાથે મજદીઅમની દીનનાંવો હમગરજે ઈઆને
" આમેખતે નહી થાએ અને તેહેને તમાંમ પાક જગોથી વેગલો રા
" ખવો ઘટારતછે તેહેની ગવાહી વંદીદાદની તરીજી પરગરદમાં જા
" હેરછે તે અવસતાના પદો માંએની સાથે નીચે લખેઆંછે."

વંદીદાદની તરીજી પરગરદના અવસતાના પદો.

" અઈડુજદીઅ પસચેતે બઊઅફતે ઈફઊઇચ ઈફઊપતાતેચ."

ઉપલા અવસતાના પદોની માએની.

" પછી તે શખશ નાપાક થાએ હમેશે લગી જારી ઈઆને ઘણો
" રીમંન અને પલીદી ભરેલો રેહે." હવે એ બાબતમાં દાખલો ૧)

" એક આપીએચ કે જેવારે નસસાલારો દુખમુ પરહેજવા સારૂં જા
" એછે, તે વેલ્લા તે લોકો પોતાનાં હાથમાં ચોવડા દસતાનાં પેહેરેછે
" તથા પગમાં મોજાં પેહેરેછે, અને વલી તે સાથે પરહેજને વાસતે
" લોહોડાંની ચમચો લાંબા હાથાની પોતાના હાથમાં રાંખીને નશો
" જે ખુશક અને સુકાએલો હોએચ તેહેને ઉડાવીને ભંડારમાં પરહે
" જેછે, અગરચે એ રીતે નશો ઉડાવતાં અંનજાણુપણાંથી કબીતર ન
" શો રસી ભરેલો હોએ તેહેને ઉડાવતાં તેહેનાં બદનને એક છાંટો લા
" ગો હોએતો તેહેને વાસતે દીનમાં એમ ફરમાવેછે કે તે નસાસાલાર
" નવ રાતનું બરશનુમ લીએતો તે નસાસાલારીના કાંમમાં પાછો લા
" ગુ થાએ, નહીતો તેહેને તે કાંમથી દુર રાખવો જોઈએ, અગરજો ન
" સાસાલ્લારનેભી દુખમાં મયે કીરીઆની કાંઈ ચુક પડેતો તેહેને એહે
" વી સજા ફરમાવીછે કે તેહેની સાથે કોઈ અડકે નહી."

" હવે સાહેબો જુવો કે નસાસાલારતો નસાનો પેશેવરછે તેહેને
" જો કીરીઆ કરતાં કાંઈ ચુક પડેતો તેહેને એહેવી સજા ફરમાવેલી
" છે, તારે પેટના ચીરનારનું બદંન શી તરેહથી પાક થાએ, તે શખ
" શ નીસચે રીમન અને મરગરજાંની થાએછે.

" વલી બીજો દાખલો એજે પેગંમબર સાહેબ અશો જરતોશતના
" જમાનાથી તે આજ દંન સુધી ઘણીએક લાંમબી મુદત થાઈ એહવી પે
" ટ ચીરવાની વાત કાંઈ સાંભલેઆમાં આવી નથી અને આદમી ગુ
" જરી ગએઆપછી તેહેની કાએઆને કોઈએ મુજાહેમત પોંહોંચાડી
" નથી. એ બાબે દાખલો (૧) એક આપીએચ કે કેતાબ એક (રાસતે)
" નામનીછે કે તે શ્રી ઈરાંન સરજમીનનો પાદશાહ શાહાપુરશાહા બી
" ન અરદેશેર બાબકાંનનાં જમાનામાં બનેલીછે કે શ્રી રૂમનો પાદશાહ
" (કેશર) નામનાએ પોતાની તરફથી દાના હકીમોને કેતાબો લઈને
" શ્રી ઈરાંન તરફ રવાના કીધા અને ફરમાવેઉં જે હકીમાના એલમની
" અજમાએશ ઈરાંનનાં દાના દશતુરો સાથે કરે અને સવાલ જવા
" બ કરે કે હકીમાનો એલમ કાંઈ અવસતાઝંદમાછે કે નહી તેહેને
" નીશચે કરવા સારૂ એક દાના હકીમ "અખીનુશ" નામનો હ
" તો તેહેની સાથે બીજા દાનાવોને હમરાહ કરીને શ્રી ઈરાં
" નમા શાહાપુરશાહાની હજુરમાં મોકલેઆ તેવારે શાહાપુરશાહે શ્રી
" ઈરાંન શેહેર મધે મોબદાન મોબદ એક "દાદાર બીન દાદદોખ

"ત" નામનો હતો તે અવસતાના એલમમાં ઘણો દાના હતો
" તેહેને જવાબ સવાલ કરવાને સારૂં બોલાવેઓ, તેવારે તેણે રૂમ
" ના દાનાવો સાથે સવાલ જવાબ કીધા હતા, તે ફારસીમાં લખેલાછે.
" તે મધેથી જે બીનાં આપણાં બાબમા કાંમની હતી તે ફારસીમાં લ
" ખીને તેહેની માએની પણ હીનદવીમાં નીચે પરગટ કીધીછે.

موبدان موبد دادار بن دادوخت جواب داد گفتا بدانید و آگاه
باشید که شما ازین علم پزشکی و داروهای که بدانستهاید و تشریح
الا عضا و عروق مردم ازان شناخته اید و آگاه شده اید که هرکس که
بیماری دراز کشیدی که ازو ناامید شدندی اورا بکشتندی و یا بمردی
اورا در خم سرکه و روغن زیت نهادندی تا شکم اورا باز کردندی و
عروق و عضا و عضو اورا مفصل کردندی و ازانجهت شما را روشن
شدی که او را چه رنج است چنانکه در مذهب ما روا نیست مرده
و کشتهرا دیدن یا دست با مرده کردن باید داریم و با آن محاسبه
نکنیم که بزه عظیم است .

ઉપલી ફારસી એબારતનો ગુજરાતી તરજુમો.

" મોબદાંન મોબદ (દાદાર) બીન (દાદોખતે) રૂમના દાના હકી
" મોએ જે સવાલ કીધા હતા તેહેના જવાબ એ તરેહથી આપેઆ
" કે જે બીનાં હું કહુંચ તે સાંભલીને ખબરદાર થાઓ કે તમો જે
" હકીમાનો એલમ ઈઆને વઈદું કરવું અને દવાઈ દારૂ જાંણોચ
" અને આદમીનાં તમાંમ બદંન તથા સાંધાવો તથા રગોનાં બએઆં
" નને પીછાંનો છેઓ અને ખબર રાખો છેઓ તે સા સબબથીછે
" કે તમારી તરફ જે કોઈ આદમી ઘણોજ બીમાર થાએ અને જીવ
" વાથી નાઉમેદ થાએ તેવારે તેહેને તમો કાપીને તેહેને જુવોચ અ
" થવા કોઈ આદમી મરણ પાંમેછે તેહેનાં તંનને તમો સરકાનાં ખુંમ
" (બરની અથવા પીપ) માં અથવા જેતુનના તેલમાં રાખોછો પછી તે
" હેનું પેટ ચીરોછેઓ અને તે મુરદાનાં તમાંમ સાંધા તથા તમાંમ રગ
" અને નેસને જુદી પાડો છેઓ તે નજરે જોએઆથી તમોને માલુમ
" પડેછે કે એ આજારી આદમીને શું દુખ અને દરદ હતું જેમકે એ
" હેવી વાત ઈઆને એ તરેહથી પેટ ચીરવું અમારા મજહબમાં રવા
" નથી કે મુરદાંઓને કાપીને જોવું ઈઆ મુરદાં સાથે હાથ લગાડવો

" ઈઆને અડકવું એહેવી વાતને અમો પલીદ ઈઆને રીમન કરીને
" જાંણીએછે સાવાસતે કે એહેવું કાંમ કરવું હમારી દીનમાં મોહોટો
" અજીમ ગુનાહછે."

" હવે એ ઉપર લખેલા અવસતાની દલીલ તથા એ કેતાબના
" દાખલાઓથી ચોકસ માલુમ થાએછે કે આપણી મજદીઅસની દીન
" ના હોકમ મુજબ મુરદાંને અડકવું તથા તેહેની સાથે આલુદેહ થવું
" તથા તેહેનું બદંન ચીરવું તે અજીમ મરગરજાંની ગુનાહછે, તા૦ ૧૨
" મી મેએ સને ૧૮૪૦ ઈસવી.

(સહીઓ.)

લા૦ દોઆગો એ૦ એદલ દશતુર દારાબજી સનજાણાની દોઆ વાંચવી.

લા૦ દા૦ ફ્રશતમજી કેકોબાદજીની દોવા વાંચવી.

લા૦ એ૦ એદલ દશતુર દારાબજી જમશેદજીની દોવા વાંચવી.

લા૦ જમશેદ દશતુર એદલજીની દોવા વાંચવી.

લા૦ એ૦ મીનોચેહેર દશતુર શાપુરજી સંજાણાની દોવા વાંચવી. †

"

---

† આએ પેટ ચીરવાની બાબતને લગતું સઘળું લખાણ અતરે દાખેલ કરવા ની બે કારણસર હમોને જરૂર જણાઈછે, તેમાં પેહેલલું કારણ મરહુમ દશતુર એદલજી આસાવાલાએ ઊપલાં લખાંણમાં સામેલ હોવા છતાં મરહુમ દશતુરજી સાહેબ એદલજી સંજાણાને નામે જરતોશતીઓને ઊલટું સમજાવેલુંછે તે વીસેનો ખોલાસો થવા સારૂંછે. અને બીજું કારણ "**વજરકરદદીની**" નામની પેહલવી કેતાબને ભાઈ જામાસપજીએ વગર વીચાર કરવે બનાંવટથી ઊભી કીધેલી કરીને લખીછે, પણ તેઓના મુરબી બપાવા દશતુર એદલજી દારાબજી જામાસપ આસાનાએ સરોચશમથી તે કેતાબને કબુલ રાખીને તેના આધારથી દીનના ૪ તવાઓ આપેલાછે તે જણાવવાને વાસતેછે.

આએ ઉપલી સહીઓ મધેની પેહેલલી સહી સેહનશાહી જરતો શતીઓના વડા દસતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાણાંનીછે. બીજી સહી કદીમી જરતોશતીઓના વદા દશતુરજી સાહેબ રૂશતમજી કેકોબાદજી મુલાં ફીરૂજજીનીછે. તરીજી સહી "રદીઅએ કેતાબે ફર માને દીન" ના બનાવનાર મરહુમ દશતુર એદલજી દારાબજી જામાસ પ આસાની પોતાનીછે. ચોથી સહી એજ મરહુમ દશતુરના પીતરા ઈ મરહુમ દશતુર જમશેદજી એદલજી જામાસપ આસાનાનીછે, અને પાંચમી સહી દશતુર મીનોચેહરજી શાપુરજી સંજાણાનીછે.

હવે વાંચનારા સાહેબોએ દરીઆફ્ત કરવી કે પંચાએતના અકા બર સાહેબોનો કાગજ આવેઆ પછી નજદીક બાર અથવા તેરં દીવ સની મુદતમાં મરહુમ દશતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાણાં તથા ઉપલા દશતુર સાહેબોએ એકમલતા વીચારથી ઉપલો જવાબ ઘડી કાહાડીને તે ઉપર પોતાની સહીઓ કીધી હતી, અને તે પતર મજકુર અકાબર સાહેબો ઉપર મોકલેઓ હતો. તારે હવે એટલી ટુક મુદતમાં મરહુમ દશતુરજી સાહેબ એદલજી સંજાણાએ પેટ ચીરવાને વાસતે હા કેહારે કહીઉં ? અને તે અફવા ફેલાઈ કેઆરે ? અને તે ઉપરથી લોકો તે વીશે નારાજી થાએઆ કેઆરે ? તે આપણને સમજાતું નથી. મ રહુમ દશતુર એદલજી આસાવાલાએ પોતાનાં ઉપલાં લખાંણમા જણા વીઉંછે કે:—"ચાબુક, અને સમાચારના ૧૮૪૦ ના મેએ મહીનાનાં વરતમાંન પતરોમાં મરહુમ દશતુરજી એદલજી સંજાણાએ પેટ ચીરવા સારૂં પંચાએતના અકાબર સાહેબોને હા કહીઉં હતું તે બીના છ પાએલીછે, પણ હાલ મુલલાંફીરૂજ પુશતકખાનામાં સને ૧૮૪૦ ની સ માચારની ફાઈલ મોજુદછે તેહેમાંતો દશતુર મજકુરના લખવા મુજબ મુતલક તેવું કસું લખેલું નથી. જે શાહેબો તસદી લઈ મજકુર પુશ તકખાનામાં જઈને તે ફાઈલ જોસે, તેઓની પુરતી રીતે ખાતરી થશે. માટે મરહુમ દશતુર એદલજી આસાવાલાનાં ઉપલાં લખાંણ ઉપર આ પણે કેટલો ભરોસો રાખવો તેહેની મુનશફી હમો દાંનેશમંદ વાંચના રને પોતાનેજ સોફીએછે. અને તેઓનાં બીજાં હેવીજ કીસમનાં લ ખાંણને કેટલું વજનદાર ગણવું તે દાનેશમંદોને ઉપલા દાખલા ઉપ રથી તુરત સહમજમાં આવસે.

ગાથાના દીવસો સફંદારમદ મહીના સાથે તાલુકો રાખતા નથી તે વીસે જરતોશતી દીનને રાહે ખોલાસો.

હવે હમો વાંચનારા દીનદાર જરતોશતીઓની વાકેફકારીને સારૂં આપણુ જરતોશતીઓ ગાથાના દીવસોમાં મહીનો પઢતા નથી, તેમ કરવાનું કારણ સુંછે ? અને તે બાબે આપણને આપણી બરહક દીનને રાહે કોઈ ફરમાંન મલેલુંછે કે નહી ? તે વીસેનો ખોલાસો કરીએછે.

જાંણવું જે પાક પરવરદેગારે આપણાં બેહદ સુખને વાસતે રોશન ખોરશેદને પેદા કરેઓછે, અને તેહેની ચાલ ઉપર આપણી આએ દુનીઆંની રૂતુઓને મુકરર કરેલીછે. તે સાહેબે આસમાંનનાં બોહોલાં મેદાંનમાં જેમ ખોરશેદને ગતી આપીને ફરતો કીધોછે, તેમજ તેણે બીજા સેતારાઓનેબી આએ દુનીઆંની જાલવણી અને આપણાં ફાએદાઓને મારે ગતી આપીને ફરતા કરેઆછે, પણ તે સઘલા સેતારાઓમાં ખોરશેદને સરવેથી સરસ મોહોટાઈ, નુર અને દરજજો બખશેલોછે. જેથી સઘલા સેતારાઓનો તે સરદાર ગણાએછે. અને તેમજ આપણી પુરૂથવીબી તેહેનાં અકરસણમાંછે; મારે આપણને દાહાડા—મહીનાં અને વરસના વખતની ગણતરી ખોરશેદની ચાલ પરમાણે કરવાનું આપણી દીનમાં ફરમાવીઉંછે. આએ વાત ઈઆદ રાખવી જોઈએછે કે આસમાંનની અંદર ખોરશેદને ફરવા સારૂ પાક દાદારે જે દોર મુકરર કરેઓછે, તે દોરને બાર હદની અંદર વેંહેંચી નાખેઆમાં આવેલોછે; જેમાની દરએક હદ ખોરશેદની એકકી મંજલ તરીકે ગણાએછે; જે મંજલોને આપણ " મેખથીતે મીન " સુધીની બાર રાસીને નામે ઓલખીએછે. આએ બારે મંજલ ઉપર ફરવરદીનથી તે સફંદારમદ મહીના સુધીના બાર મહીનાંઓને મુકરર કરેઆછે, અને જેમ દરએક રાશી ૩૦ રોજીના ઈઆને અંકશની અંદર વેહચાએલીછે, તેમ તે બાર મહીનાઓમાનો દરએક મહીનો ૩૦) દાહાડાનો ઠેરવેલોછે, અને તે દરએક મહીનાંને એક મુખીઅ ઈજદ અમેશાસપંદનુ નાંમ આપેઆમાં આવેઉંછે; તેમજ તેહેના ૩૦) દાહાડાઓનેબી જુદા જુદા ઈજદ અમેશાસપંદનુ નામ આપીને તે મહીનાં ત

થા દાહાડાઓના વખતને તે ઈજદ અમેશાસપંદોની સરદારી તલે આપેલાછે; પણ ખોરશેદના દોરની દરએક મંજલ એકસરખી રીતે ૩૦) દાહાડે પુરી થાઈ સકતી નથી; તેહેમાંની કેટલીએક મંજલને પુરી કરતાં ખોરશેદને ૩૦) દાહાડા ઉપર કાંઈએક વધારે વખત ગુજરે છે, અને કોઈ મંનજલ ૩૦) દાહાડાની હદની કંઈએક અંદર પુરી થાએછે, તેથી તેહેની ગણતરી લેતાં ૩૬૫) દાહાડા અને છ કલાકે ખોરશેદ પોતાનો દોર પુરો કરી રેહેછે; જેથી ૩૦) દાહાડાનાં બાર મહીનાંઓ ઉપરાંત આફતાબનો દોર પુરો થવાના પાંચ દાહાડા અને છ કલાક કસરના બાકી રહેઆ, તે વખતની વાંટણી એમ કરેઆમાં આવીછે કે, પાંચ દાહાડાને દર વરસ બારમો સફંદારમદ મહીનો પુરો થાએઆ પછી એલાહેદા રાખવા, અને તેમજ તેહેને પાંચ જુદાં નાંમોથી બોલવા, અને દર વરસે વધારાના જે છ કલાક બાકી રેહે તે વખત ગણતરીમાં નહી લેવો, પણ જેઆરે ૧૨૦) વરસ પુરાં થાએ તેઆરે તેહેની ગણતરીનો એક મહીનો વધારવો અને તે વરસ તેર મહીનાનું કરવું.

હવે ગાથાના પાંચ દાહાડા સફંદારમદ મહીના સાથે તાલુકો રાખેછે કે નહી ? તે વીસે આપણી પાસે હાલ મોજુદ રહેલા પાક અવસતાના જે કલાંમોછે તે મધેથી આપણને શું ખોલાસો મલેછે, તે હમો દાંનેશમંદ જરતોશતીઓની સાંહાંમને મેલીએછે.

જાણવું જે ખોરદેહ અવસતાનો પેહલવી તરજુમો કે જે બેએ હજારથી વધારે વરસ ઉપર કરેઆમાં આવેલોછે, તે પેહલવી તરજુમાનાં પુશતકમાં તેહેના બનાવનારે ગાહંબારના આફરંગાંન મધે દરએક ગાહંબારના વખતની વીગત તેહેનાં ખોલાસા સાથે જણાવીછે, અને તે ખોલાસો હાદોખત નુસકના પાક અવસતાના ફેકરાઓ ટાંકીને તે ઉપરથી કરેલોછે, તે પાક અવસતા મધે વરસના છહે ગાહંબારનો વખત જણાવેલોછે, તાંહાં "મેદીઓજરેમ" થી તે "મેદીઆરેમ" સુધીનાં પાંચ ગાહંબારનાં વખત સાથે જે મહીનામાં તે ગાહંબારનો વખત આવેછે તેમ તે મહીનો જણાવેલોછે; પણ "હમસપથમેદેમ" ગાહંબારનો વખત જે ગાથાના દીવસોમાં આવેછે, તેહેની સાથે **મહીનાનુ નાંમ મુતલક વાપરેલુ નથી.** તે છહે ગાહંબારના વખતને લગતા અવસતા તેહેના ગુજરાતી તરજુમા સાથે હમો નીચે ટાંકી બતલાવીએછે.

પેહેલા ગાહંબારના વખતને લગતા અવસતા.

[illegible] *

માએની.

(વરસની શરૂઆતથી) પીસતાલીસ દાહાડે મેદીઓજરેમ (ગાહંબાર) નાં (જશનનો વખત) અરદીબેહેશત (મહીના) ને લગતા દપમેહેર (રોજ સુધી) નો (છે.)

બીજા ગાહંબારના વખતને લગતા અવસતા.

[illegible] †

માએની.

(મેદીઓજરેમ પછી) સાહાઠ દીવસે મેદીઓશહમ (ગાહંબાર) નાં (જશનનો વખત) તીર (મહીના) ને લગતા દપમેહેર (રોજ સુધી)નો (છે).

તરીજા ગાહંબારના વખતને લગતા અવસતા.

[illegible] ‡

માએની.

(મેદીઓશહમ પછી) પંચોતેર દાહાડે પેતેશહમ (ગાહંબાર) નાં (જશનનો વખત) શેહેરેવર (મહીના) ને લગતા અનેરાંન (રોજ) સુધી નો (છે.)

ચોથા ગાહંબારના વખતને લગતા અવસતા.

¶ [illegible]

---

* પંચાચ ચથવગેસતેમચ મઈદીઓ જરેમીએકે અશકે વેહુરાતહે દથુશો.

† ખશ્અસતીમ મઈદીઓશમકે તેશતરીઈહે દથુશો.

‡ પંચાચ હપતાઈતીમ પઈતેશહહીકે ખશપરકે વઈરીઈકે અનઘરનામ.

¶ યરેંસતેમ અઇઆથરમકે નેપરકે અનઘરનામ.

માઍની.

(પેતેશહેમ પછી) તીસ દાહાડે અઈઆથરેમ (ગાહંબાર) નાં (જશન નો વખત) મેહેર (મહીના) ને લગતા અનેરાન (રોજ સુધી)નો (છે).

પાંચમાં ગાહુંબારના વખતને લગતા અવસતા.

[illegible] *

માઍની.

(અઈઆથરેમ પછી) હેંસી દાહાડે મેદીઆરેમ (ગાહંબાર) નાં (જશનનો વખત) દેએ મહીનાને લગતા બેહેરાંમ (રોજ સુધી) નો (છે).

છઠા ગાહુંબારના વખતને લગતા અવસતા.

[illegible] †

માઍની.

(મેદીઆરેમ પછી) પંચોતેર દાહાડે **હમસપથમેદેમ** (ગાહંબાર) નાં (જશનનો વખત) **વેહશતોઇશત ગાથા (સુધી) નો (છે).**

દાનેશમંદ વાંચનારા સાહેબોએ જોઈઉં હસે કે આએ ઉપલા પાક અવસતામાં દરએક ગાહંબારના છેલલા દાહાડાની જે હદ બતલાવીછે તેમાંના પાંચ ગાહંબારના છેલા દાહાડાની સાથે તેહેનો મહીનો જણાવેલોછે; પણ **છઠા ગાહુંબારના દીવસો જે પાંચ ગાથાના દાહુડાછે, તે મહીના સાથે તાલુકો રાખતા નથી; માટે એ ગહુંબારના છેલા વેહેશતોઇશત ગાથા સાથે મહીનાનું નામ મુતલક વાપરેલું નથી.**

જેમ છેલા હમસપથમદેમ, ગાહંબારને લગતા ઉપલા અવસતામાં મહીનાનું નામ આવેલું નથી, તેમજ તેહેના પેહેલવી **તરજુમાં અને**

---

* અશતાફતીમ મઇદીઆઇરીઇહે દથુશો વેરેથરગનહે.

† પંચાચ હપતાઇતીમ હમસપથ મઇદીઇહે વહેશતોઇશતોઇશ ગાથયાઓ.

શરેહની અંદરની તે તરજુમો તથા શરેહ કરનારે મહીનાનો બોલ વાપરેલો નથી—જે વીસેની અસલ પેહલવી એબારત ગાહંબારનાં આફરગાંન મધેથી હમો નીચે પરગટ કરીએછે.

પેહલવી એબારત.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

માએની.

“ પંચોતેર દીવસે હું અહુરમજદે અમેશાસપંદો સાથે (ઇઆને અહુરમજદની પેદાએશને ઉતપન કરવાની અમરગ સકતીઓથી) માણસને બનાવીઉ, (ઇઆને) પેદા કીધું; તે ગાહંબારની ઇઆદ કરવી હમસપથમેદેમના વખતની અંદર વેહેશતોઇશત ગાથા સુધીછે. જે વખત અહુનવદ ગાથાએ શરૂ થાએછે અને વેહેશતોઇશત ગાથાએ પુરો થાએછે.”

ખોરદેહ અવસતાના પેહેલવી તરજુમાં ઉપરથી તેહેનો શંસકરીત ભાશામાં મરહુમ દશતુરાંન દશતુર નેરીઓસંગ ઢવલે નજદીક ૧૦૦૦) વરસની મુદત ઉપર હીંદુસતાન ખાતે તરજુમો કરેઓછે, તેહેમાં ઉપલા ‘હમસપથમેદેમ’ ગાહંબારને લગતા અવસતા તથા તેહેની પેહલવી શરેહનો તરજુમો નીચે લખી જણાવેઆ મુજબ કરેલોછે.

[illegible]

[illegible] *

શંઉશકરીત એબારત.

पंचाच्च सप्ततिश्च हमस्पथमइदईमस्य वहिस्नोइस्नोगाथायाः किल पंचसप्ततिभिःदिवसैः अहं अहुर्मिज्दः समं अमिशास्पेंतैः प्रकृष्ट घटितवान् यत् मनुष्य दश प्रकारं अददं सर्वांच सृष्टि अददं हमस्पथमइदे

* પંચાચ હાતાફતીમ હમસ્પથમફદીફૂ વેહેશતોફતોઇશત ગાથયાઓ.

यं समयति नाम निर्म्मितं अहुनूअदगाथा समयं मण्हाति वहिस्तोइस्त गहि गाथाया संपूर्णो भवति

ભાએની.

" પંચોતેર દાહાડે હમસપથમદ્દેમ (ગાહંબાર) નાં (જશનનો " વખત) વેહેશતોઈશત ગાથા (સુધી) નો. એટલે જે પંચોતેર દાહા " ડે હું અહુરમજદે અમેશાસપંદો સાથે દસ પરકારના માણસોને રૂ " પ આપીને પેદા કીધાં અને તે શઘલી દુનીઆંને પેદા કીધી તે " (વીસેની સતુતી કરવાના) વખતને હમસપથમેદેમનું નામ આપે " ઉંછે. જે વખત અહુનવદ ગાથાએ શરૂ થાએચ અને વેહેશતોઈશ " ત ગાથાએ પુરો થાએચ."

● વલી કેરમાનના દશતુર મોબેદોએ સને ૧૦૧૯ ઈઅજદજરદીમાં હીંદુસ્થાન ખાતે દશતુર બરજોર કાંમદીન ઉપર આપણી બરહક દીન ને લગતા કેટલાએક ખોલાસાઓ લખી મોકલેઆછે, (જેહેને કેટલાએ ક દશતુર સાહેબો બરજોર કાંમદીનની રવાએતને નામે ઓલખેછે) તે હેમાં તે દશતુરોએ ગાહંબારને લગતો પોતાની તરફથી ખોલાસો જણા વતાં ઉપલાજ હાદોખત નુસકના અવસતાનો આધાર બતલાવીને છએ ગાહંબારનો વખત જણાવેલોછે; તેહેમાંથી હમોએ ઉપર જણાવે આ પરમાણે પાંચ ગાહંબારના અવસતા તથા તેહેની ફારસી શરેહ માં તે ગાહંબારના છેલા દીવસની સાથે તેહેનો મહીનો લખી જણા વેઓછે, પણ છડા 'હમસપથમેદેમ' ગાહંબારને લગતા જે અવસતા અને શરેહ લખીછે, તેહેમાં મહીનાનું નામ મુતલક વાપરેલું નથી; તેમાંથી ફક્ત છેલા ગાહંબારને લગતી બાબત હમો અતરે જણાવીએછે,

[illegible]

[illegible] *

به هفتاد و پنج روز من اورمزد اوا امشاسفندان اوم فراز تاشید اوم
مردم داد ده سرده * * گهنبار پیشت اوم همسپتمدام نام نهاد
وهشتویشت گاه فروردیگان اهنودگاه گیرید ارش وهشتویشت سزید

---

* પંચાચ હપતાઈતીમ હમસ્પથમઈદીરહે વેહેશતોઈશતોઈશ (ગાથયાહ).

"છઠો ગાહંબાર (મેદીઆરેમ પછી) પંચોતેર દીવસે હમસપથમેદેમના વેહેશતોઇશત ગાથા (સુધી) નોછે. પંચોતેર દીવસે હું અહુરમજદે અમેશાસપંદો સાથે (ઇઆને અહુરમજદની પેદાએશને ઉતપન કરવાની બેમરગ સકતીઓથી) દસ જાતના આદમીઓને પેદા કરેઆં છે; . . અને તે વીસેની સતુતી કરવાનાં વખતને "હમસપથમેદેમ" નું નામ આપેઉંછે; (જે વખત) ફરવરદેગાનને લગતા વેહેશતોઇશત ગાથા (સુધી) નોછે; અહુનવદગાહે તે શરૂ થાએચ અને વેહેશતોઇશત ગાહે પુરો થાએચ.

દશતુર દારાબ હોરમજદીઆરની રેવાએત મધે "કામાવોહોરા" ની રવાએત મધેથી [illegible] کرد "જંદે આફરીનગાને ગાહંમબાર" ઇઆને "ગાહંબારનાં આફરીનગાનનો તરજુમો" હેવાં મથાલાં હેઠલ છહે ગાહંમબારની શરેહ પાજંદ અથવા કદીમ ફારસી જબાંનમાં કરેલીછે, તે પાજંદ શરેહમાં છઠા હમસપથમેદેમ ગાહંબારને લગતા અવસતા તથા તેહેની શરેહ આપેલીછે, તેમાં પણ સફંદારમદ મહીનાનું નામ આવેલું નથી; તે અવસતા તથા તેહેની શરેહ અસલ પરમાણે વાંચનારા સાહેબોની જાંણને માટે હમો અતરે પરગટ કરીએછે—

پذچاچه هفتایتیم همسپتمیدیهی وهشتویشتویش گاتهیاو † پیفتاد و
پذج روز من اورمزد اوا امشاسپندان ام فراج تاشید ام مردم داد ده سرده
ایرا چه‌کم مردم ام هرچه شی داد بید ام گاهنبار یشت ام همسپتمیدیم
نام نهاد وهشتویشت گاه فروردگان اهنود گاه گیرید اوش وهشتویشت سربید


"(મેદીઆરેમ પછી) પંચોતેર દીવસે હમસપથમેદેમ (ગાહંબાર) નો (વખત) વેહેશતોઇશત ગાથા (સુધી) નોછે. એટલેજે હું અહુરમજદે પંચોતેર દીવસે અમેશાસપંદો સાથે (ઇઆને પેદાએશને પેદા કરવાની બેમરગ અને બુજોરગ સકતીઓથી) દસ તરેહનાં આદમીઓને સરવે ચીજ પેદા કરીને પેદા કીધાં, તે વીસેની સ્તુતી કરવાના વખતને હમસપથમેદેમનું નાંમ આપેઉંછે, જે (વખત) ફરવરદેગાંનની ઓતમ આરાધનાને લગતોછે, અને તે અહુનવદગાહે શરૂ થાએછે અને વેહેશતોઇશતગાહે પુરો થાએછે."

---

† પંચાચ હપતાઇતીમ હમસપથમઇદીઇહે વહેશતોઇશતોઇશ ગાથયાઉ.

હવે આપણી દીનને લગતાં પેહલવી પુશતકો ગાથાનાં દીવસો વીસે જે ખોલાસો કરેછે, તે નીચે જણાવેઆ મુજબનોછે.

"દીનકરદ" કેતાબ મધે જાંહાં આપણાં એકવીસે નુસકો મધેથી જરવાઈ રહેલા નુસકોની દરએક પરગરદનો સાર આપેલોછે, તેમાં એક પરગરદ મધે આપણા બારે મહીના, તેનાં દીવસો, દાહાડાની પોંહોંચે ગેહો, અને ગાથાનાં પાંચ દીવસો વીસે આવેલાં વરણનનો સાર આપેલોછે, તે આએ રીતનોછે.




"બાર મહીના મધેનાં કેટલા મહીના હામીન (ઈઆને રપીથવન) ના ? અને કેટલા દેમીન (ઈઆને બીજી હાવન) ના છે ? અને ખલકને તે (મહીનાઓ) માં કેટલી મુદત સુધી દીનને રાહે આલાએ શકે ? તથા (માણસ જાતને) સઘલી રીતનો સીનગાર આપવાને લગતી દરએક આરાધનામાં તે બાર મહીનાઓમાનો દરએક મહીનો તેમજ **દર મહીનાના** ૩૦ **દાહાડા** મધેનો દરએક દાહાડો તથા દરએક દાહાડાની પાંચ ગેહોમાની દરએક ગેહ; અને વલી **વરસ પુરૂ થતી વખતેના** તે ગાથાના પાંચ દાહાડા કે જે વખતે અરદાફરૂઅશની ઈઆદ કરેઆમાં આવેછે, તે સઘલા (મહીનાં, દાહાડા, અને વખતો) કીઆ કીઆ ઈજદો સાથે સંબંધ ધરાવેછે,? તે તથા તે દરએકનાં જુદાં જુદાં નાંમોનુ કારણ (તેમાં) જણાવેલુંછે."

આએ પાક અવસતા ઉપરથી ઉપજાવી કાહાડેલા "દીનકરદ" કેતાબના ઉપલા સારમાં **દરએક મહીનો ૩૦ દાહાડાનો જણાવેલો** છે, અને ગાથાનાં દીવસો વીસે ખોલલી રીતે જણાવેલુંછે કે તે **વરસ પુરૂ થતી વખતેનાછે** એટલે જે વરસ પુરૂં થવાની હદમાં આ

વેછે; એટલુંજ નહી પણ તેહેના વખતની બીજી ઓલખ ફ્રવરદેગાંનની આરાધનાને લગતા વખતથી બતલાવેલીછે.

વલી એજ ઉપલાં "**દીનકરદ**" નાં દફ્તરમાં "ફ્રવરદેગાંન" ના દસ દાહાડાની હદ કીઆ વખત ઉપરછે, ? અને તે વખતે અશો ફ્રોહરો આએ દુનીઆમાં આવેછે, તેઓ કેહેવી ઇછા રાખેછે ? તે વીસેનો અવસતા ઉપરથી સાર આપેલોછે, તેહેમાં ગાથાના પાંચ દાહાડા વીસે નીચે જણાવેઆ પરમાણેનું વરણન કરેલુંછે.




"અશોફ્રોહરનું ગેતી (ઇઆને આએ દુનીઆં) માં આવવું જેમસતાન (ઇઆને બીજી હાવન) ના છેલા ૧૦ દાહાડામાંછે; જેમ કે તે (હદ) ની અંદર **વરસને છેડે ગાથાના પાંચ દાહાડા છે.**"

આએ ઉપલા દાખલા ઉપરથીબી જણાએછે કે તેમાં **ગાથાના દીવસોને કોઈબી મહીના સાથે નીસબત આપીને જણાવેલા નથી; પણ ફ્રવરદેગાનના તથા વરસના છેલા પાંચ દીવસો કરીને લખેલાછે.**

"**દીનકરદ**" કેતાબનાં ચોથાં દફ્તરની આગમજનો ભાગ કે જે લખાંણ વીસે તેહેના સેવટના ભાગમાં જણાવેલુંછે કેઃ—

" તે દીનકરદનું લખાંણ પેગંમબર અશો જરતોશતના વડા શાગેરદે પાદશાહ ગોશતાસપની ફ્રમાએસથી પેગમબર જરતોશતથી દીનની સહમજ મેલવીને તે ઉપરથી લખેઉં હતું" તેમાં વરસની ગણતરીને લગતી સહમજ આપતાં નીચે જણાવેઆ મુજબનું વરણન કરેલુંછે.



[illegible]
[illegible]
[illegible]

"ખોરશેદ (ની ચાલ) ને લગતાં વરસ બે પરકારનાંછે, તેહેમાં એક કસરના દાહાડાઓ સાથનું, અને એક વરસો મધેની કસરનાં વખત સાથનુંછે. તેહેમાનું જે વરસ કસરના દાહાડા સાથેનુંછે તે દર ૩૦) **દાહાડાના ૧૨) મહીના** અને ૧૨ મહીને ખોરશેદને બુરજો મધે ચાલવાના **વધારાનાં પાંચ દાહાડા** મલીને ૩૬૫ દાહાડાનુંછે. તેમાના જે પાંચ દાહાડા (ખોરશેદની) વરસની મનજલો મધેના (વધારાના) વખતોથી બનેલાછે, તેહેને વરસના છેલલા મહીનાની ઉપર રાખેલાછે, તે વધારાનાં દીવસોને વરસની અંદર જેમ બેહદ ગણતરીથી મુકરર કરેલાછે તેમ તેહેને ગણતરીમાં લેવા."

આએ ઉપલા "દીનકરદ" કેતાબના મોતેબર દાખલા ઉપરથી આપણને ખોલલી રીતે જણાએછે કે આપણું ૩૬૫ દાહાડાનું ચાલુ વરસછે, **તેહેના બાર મહીના દર ૩૦)** દાહાડાનાછે અને જે પાંચ દાહાડા બાર મહીનાથી ઉપરછે, તે ખોરશેદની બારે બુરૂજોને લગતી ચાલના વધારાનાછે; એટલે જે ખોરશેદને દરએક રાસી પુરી કરતાં ૩૦) દાહાડા થવા ઉપરાંતનાછે. એટલા માટે તેહેને વરસના છેલલા મહીનાની ઉપર ઈઆને સફંદારમદ મહીનો પુરો થવા પછી વધારા તરીકે રાખેલાછે, તે મુજબ તે પાંચ દાહાડાને દર વરસ ગણતીમાં લેવા.

વલી પેહલવી "બુનદેહશને" નામની કેતાબમાં લખેછે કેઃ—

[illegible]
[illegible]

"આફતાબી આવાં મહીનો અને અહુરમજદ રોજથી તે આફતાબી સફંદારમદ મહીનો અને પંજી (ઈઆને ગાથાનાં પાંચ દાહાડા) પુરા થાએ તાંહાંસુધી પાંચ મહીના જેમસતાંન (ઈઆને બીજી હાવન) નાં છે."

આએ ઉપલી બુનદેહશને કેતાબમાંથી સફંદારમદ મહીનો અને તે પછી પંજી (ઈઆને ગાથાનાં પાંચ દાહાડા) ખોહલી રીતે લખેલાછે.

વલી એજ ઉપલી કેતાબમાં હમસપથમેદેમ ગાહંબારનાં વખતની ઓલખ ગાથાનાં પાંચ દાહાડાથી આપીછે તે નીચે જણાવેલા પરમાંણેછે.

[illegible]

[illegible]

"એજ પરમાંણે હમસપથમેદેમ (ગાહંબાર) નાં વખતે કે જે સફંદારમદ મહીનાંની આખેરીએ પંનજીના (પાંચ દાહાડા) છે, તે આરે રાત દાહાડો પાછો બરોબર થાએછે."

આએ ઉપલાં લખાંણમાંથી હમસપથમેદેમ ગાહંબારનો વખત પંજીના દાહાડાથી જણાવેલોછે, અને તે દાહાડાઓ વીસે જણાવીઉંછે કે તે સફંદારમદ મહીનાંની આખેરીએ ઇઆને સફંદારમદ મહીનો પુરો થાએઆ પછીનાછે.

"**માદીગાને શ્કજોમ**" નામની પેહલવી કેતાબમાં "અનેરાંન" રોજનું વરણન કીધા પછી ગાથાનાં પાંચ દીવસો વીસે જે બએઆંન કરેલુંછે તે આએ રીતનુંછે:—

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

"**બાર મહીના પછીના જે પાંચ દાહાડા વરસ પુરૂં થવાની હદની અંદરનાછે**, તેમાનાં અહુનવદગાહ, ને અહુરમજદ રોજ તરીકે, ઓશતવદગાહ, ને બેહમન રોજ તરીકે સપંદોમદગાહ, ને આદર રોજ તરીકે, વહુ ખશથરગાહ, ને મેહેર રોજ તરીકે, અને વેહેશતોઈશત ગાહ, ને દીન રોજ તરીકે ગણવો."

આએ ઉપલો દાખલોથી આપણને ખોલી રીતે બતલાવેછે કે ગાથાના પાંચ દાહાડા બાર મહીનાં પુરા થાએઆ પછીનાછે.

વલી "બુનદેહશને" નામની પેહલવી કેતાબમાં ખોરશેદના રોજ મરવાની ચાલને લગતું વરણન કરેલુંછે, તેહેમાં લખેછે કે ખોરશેદના

દોરની ૧૨ મંજલ ઇઆને રાસીછે, અને તે દરએક રાસીમાં ૩૦ તબકાછે ઇઆને અંગશછે, તેથી ખોરશેદના રોજમરરાના કુલે અંગશ ૩૬૦ છે, પણ તેહેને પુરા કરતાં ખોરશેદને જે વીલંમ લાગેછે, તેહેને લગતા પાંચ દાહાડા ગાથાનાછે, જે વીસેની અસલ એબારત આએ રીતનીછે.

[illegible]

“ ખોરશેદ અલબરોજથી દરરોજ રોજીને (ઇઆને અંગશ) ની
“ અંદર આવેછે, અને અંગશ મધેથી બાહેર જાએછે, તેમાંનાં એકસો
“ હેંસી અંગશ ઉગમણ તરફ અને એકસોને હેંસી આથમણ તરફ
છે. . . . . અને જારે મેસ રાશીથી (ખોરશેદ) ચાલવું કરેછે તે પા
“ છો મેશ રાસી આગલ આવેછે તાંહાંસુધીની (હદના) ૩૬૦ અંગ
“ શછે. અને જે પાંચ ગાથાના દાહાડાછે, તે (૩૬૦) રોજીના (ઇ
“ આને અંગશ) માં (આફતાબ) આવેછે, અને જાએછે, તેમાનાં
“ એકડા થાએલાછે તેહેને **રોજીન** ઇઆને અંગશમાં ગણેલા નથી.
“ (એટલેજે આફતાબનાં દોરનાં ૩૬૦ તબકકા પુરા કરતાં જે વધારે
“ વખત ખોરશેદને લાગોછે તે વખતને લગતા તે દાહાડાછે).”

આએ ઉપલા “ બુનદેહશને ” કેતાબના દાખલા ઉપરથી આપણને ખોલલી રીતે જણાએછે, કે ગાથાના પાંચ દાહાડા બારે બુરૂજમાં મુકરર કરેલા ૩૬૦ તબકકામાનાં કોઈ તબકકાને લગતા નથી; પણ તે તબકકાઓ પુરા કરવાને વાસતે મુકરર કરેલા વખતની ઉપરાંતનાછે; તારે એ ઉપરથી આપણને ખોલલી રીતે માલુમ પડેછે કે આફતાબની બાર મંજલો ઉપર જરતોશર્તી દીનને રાહે બાર મહીનાંઓ મુકરર કરેઆછે, અને તે દરએક મંજલનાં જેમ ૩૦ તબકકાછે તેમ તેહેનાં

૩૦ રોજ મુકરર કરીને તેહેને ૩૦ ઈજદ અમેશાસપંદોનું નાંમ આ પીઉંછે, અને ઉપલી બારે મંજલમાનાં ૩૬૦) તબકકા પુરા કરવા સારૂં મુકરર કરેલા વખત ઉપરાંત ખોરશેદની કમી ચાલને લીધે જે પાંચ દાહાડા અને ૬) કલાકનો વધારાનો વખત ગુજરેછે તેમાંનાં પાંચ દાહાડાને પાંચ ગાથાનું નાંમ આપીને એલાહેદા રાખેલાછે. અને છઅ કલાકની કસરનાં વખતને ૧૨૦) વરસે ગણતીમાં લેવાનું આપણને ફરમાંન મલેલુંછે.

એજ મુજબ મહમદીઆંન ગરંથકારોએબી દરએક બુરજનાં ૩૦) તબકકા જણાવેલાછે, અને તે ૩૬૦) તબકકામાંથી ૩૬૫) દાહાડાની ગણતરી ગણીછે, અને ઉપલા ૩૬૦ તબકકા પુરા કરતાં જે વધારાનાં વખતનાં પાંચ દાહાડા વરસની સેવટે આવેછે તેહેને [illegible] અથવા [illegible] હેવું નાંમ આપેલુંછે; તેહેને આપણા લોકો [illegible] "અંદરગાહ" એટલેજે ગુજરેલાં અને આવતાં વરસની "વચેનાં વખત" ને નામે બોલેછે. એજ મુજબ ઈંગરેજી ગરંથકારોએબી બારે રાશીઓને ૩૬૦) ડીગરીમાં વેંહેંચી નાખેલીછે, અને તેમાંથી વરસના ૩૬૫) દાહાડા ૬) કલાક અને ૯) મીનીટની આફતાબનાં દોરને વરસ દાહાડે ફરવાની ગણતરી આપેલીછે.


વલી વંદીદાદની આડમી પરગરદની પેહલવી શરેહમાં આએ દુનીઆંથી ગુજરી ગએલાં આદમીનો નઈએતે **સીરોજાની ઈજશને** કરવા વીસેનું ફરમાંન આવેલુંછે તેમાં જણાવેલુંછે કે ૩૦) મે **દાહાડે** શીરોજાની ઈજરાને અથવા ઈઆદ કરવી જે વીસેની અસલ એબારત આએ રીતનીછે.


[illegible]

"મહીનાને લગતી (ઈઆને સીરોજાની) આરાધનાં ૩૦) મે દાહાડે કરવા સારૂં . . ફરમાવેલુંછે."

વલી એજ પેહલવી શરેહમાં ગાથાનાં દીવસોમો કોઈનો સીરોજો પડેતો તેહેની તથા ગાથાનાં દીવસોમાં કોઈ ગુજરેતો તેહેનો સીરોજો કેટલે દાહાડે કરવો તેહેની ગણતરી સરેશતા પરમાણે લેવા સારૂં ફરમાવેલુંછે અને તેહેને લગતી અસલ એબારત આએ રીતનીછે.

[illegible]





" જેઆરે કોઈનો સીરોજો તે ગાથાના પાંચ દાહાડાઓની અંદ ર આવેતો જેમ કાએદોછે તેમ (ઈઆને તેહેની હદ જેમ ૩૦ દાહાડા નીછે તે મુજબ કરવો) અને તેહેનો વરસ દાહાડાનો રોજગાર તથા દર મહીનાનો રોજગાર તેહેને વખતે (ઈઆને તેહેનો જે રોજ હોએ તે રોજ) કરવો.

ગાથાના પાંચ દાહાડામાં કોઈ ગુજરી જાએતો તેહેનો સીરોજોબી જેમ કાએદોછે, તેમ (ઈઆને તેહેની હદ જેમ ૩૦ દાહાડાનીછે તે મુ જબ કરવો) અને તેનો દર મહીનાનો રોજગાર ફરવરદીન રોજે તથા વરસ દાહાડાનો રોજગાર તેહેને વખતે (ઇઆને જે દાહાડે તે ગુજરે ઓ હોએ તે દાહાડે) કરવો."

આએ વંદીદાદની આડમી પરગરદની પેહેલવી શરેહના દાખલા ઓમાં આપણી બરહક દીનમાં જેમ સાધારણ દીવસોમાં એક માણસ ગુજરી જાએ તેહેનો ૩૦) દાહાદે મહીનો ગણીને માસીસો અથવા સીરોજો કરવાનુ ફરમાંનછે તેમજ જે કોઈ ગાથાના દીવસોમાં ગુજરી જા એ તેનો માર્સીસો ઈઆને સીરોજોબી ૩૦) દાહાડેજ કરવાને ફરમાવે લુંછે, અને તેમજ સીરોજાની ખશનુમનમાં આપણાં મહીનાનાં ૩૦) દાહાડાઓ ઉપર જે ઈજદ અમેશાસપંદોને મુકરર કરેલાછે તેવોનીજ ઈઆદ કરવામાં આવેછે, તેમાં ગાથાનાં ઈઆદ મુતલક કરેઆમાં આ વતી નથી, માંટે એ ઉપરથી **ગાથાના દીવસો તદન એકેલાહુદાછે, તથા કોઈબી મહીના સાથે તે તાલુકો રાખતા નથી** એ વાત આ પણને ખોલલી રીતે જણાએછે.

હવે આએ ઉપલા પેહલવી દાખલાઓ આપણા કએઆની તથા સાસાંની પાદશાહોના રાજમાં ગાથાના દીવસોને કેમ ગણતા હતા તેહેની દલીલો આપણને બતલાવેછે, પણ આપણુ રાજ ઈરાંન ખાતે પ ડી ભાગા પછીના ઈરાંની દશતુરોએ ગાથાના દીવસો વીસે કેહેવા વી ચારો આપેલાછે તે વીસેના થોડાએક દાખલાઓ હમો નીચે આપીએછે.

"**સદદરેનસર**" નામની ફારસી કેતાબ જે સઘલી સદદરોની આગમચ આસરે **સાતસોથી** વધારે વરસ ઉપર આપણી દીનના પુશતકો ઉપરથી બનાવેઆમાં આવેલીછે, તે કેતાબમાંબી આપણાં છહે ગાહંમબારનું વરણન કરેલુંછે તેહેમાં "મેદીઆરેમ" સુધીના પાંચ ગાહંમબારના વખતને તેહેના મહીનાઓ સાથે લખેઆછે, અને હમસપથમહદેમ ગાહંબાર સાથે કોઇબી મહીનાંની નીસબત આપેલી નથી, પણ તે 'પંજેવેહ' માં આવેછે હેવું જણાવેલુંછે અને તે અસલ એબારત આએ પરમાણેનીછે.

ششم گهنبار همسپتمدیم خوانند در پنجه وه مادیسنان باشد

"છઠો હમસપથમદ્દેમ ગાહુંબાર કેહેવાએછે તે મજદીઅશની દીન વાલાઓનાં "પંજએવેહ" (ઇઆને ગાથાના પાંચ દાહાડા) માંછે."

સને ૮૬૪ ઇઅજદજરદીનાં સાલમાં "**સદદરે નજમ**" નામની ફારસી કેતાબ દશતુર શેહમરદ મલેકશાહની બનાવેલીછે તે મયેબી પાંચ ગાહંબારની જેકરમાં તે ગાહંબારોનો મહીનો લખેઓછે; પણ છઠા ગાહંબારનો વખત ગાથાના દીવસોથી જણાવેલોછે જે વીસેની અસલ એબારત આગ્મે પરમાંણેછે:—

ششم گهنبار ای نامجوی — همسپتمدیم بود نام اوی
که در پنجی مزدیسنان بود — بود پنجی وه ای پرخرد

"છડા ગાહંબારનું નાંમ હમસપથમદ્દેમછે, તે મજદીઅસનાંનો નાં ગાથાના પાંચ દાહાડામાંછે, જે પાંચ દાહાડા "પંજીએવેહ" ને નામે ઓલખાએછે."

એજ મુજબ "**સદદરે બોહુરેતવીલ**" નામની કેતાબમાં તેહેનાં કાબેલ બનાવનારે પાંચે ગાહંબારો સાથે તેહેના મહીના જણાવેલાછે, અને છઠા ગાહંબાર વીસે લખેલુંછે કે:—"હમસપથમદ્દેમ ગાહંબાર ગાથાના પાંચ દાહાડાઓમાંછે."

દશતુર જરતોશત બેહરાંમ નામના કાબેલ ઇરાંની દશતુરે સને ૬૪૭ ઇઅજદજરદીનાં વરસમાં પેગંમબર અશો જરતોશતનાં જનમારાનો એહવાલ પેહુલવી પુશતક ઉપરથી ફારસી ભાશામાં લખેઓછે, તેહેમાં તે મરહુમ દશતુરે પેગંમબર અશો જરતોશત "રએ" શેહેરમાંથી ઇરાંનમાં સફંદારમદ મહીનો અને અનેરાંન રોજે આવેઓ હતો હેવું


જણાવતાં લખેઉંછે કે સફંદારમદ મહીનો તે દીને પુરો થાએઓ હતો જે વીસેનું અસલ લખાંણ આએ રીતનુંછે :—

سفندار مد ماه رفته تمام بروجی که خوانی انیرانش نام

"તે દાહાડે સફંદારમદ મહીનો તમાંમ થાએલો હતો કે જે દાહાડાને અનેરાંન રોજનાં નાંમથી તું બોલેછે."

એજ મુજબ "**દબેસતાંન**" કેતાબમાં જરતોશતનામુ લખાએલુંછે તેહેમાં પણ લખેલુંછે.

સને ૮૯૬ ઈઅજદજરદીના વરસમાં દશતુર અરદેશર રૂશતમ ઈરાંનીના હાથની લખેલી કેતાબમાં તે દશતુરે છહે ગાહંબારની શરેહ તેહેના અસલ અવસતા સાથે કદીમ ફારસી જબાંનમા જંદ હરૂફે લખીછે તેહેમાં છડા હમસપથમેદેમ ગાહંબારનાં અવસતા તેણે લખી જણાવેઆછે, તેમાંબી સફંદારમદ મહીનાતું નાંમ મુતલક આવેલું નથી. અને તે અવસતા હમોએ ઉપલા દાખલાઓમાં ટાંકી બતલાવેલા ગાહંબારનાં આફરંગાંનની પેહલવી શરેહના હાદોખત તુસકનાં અવસતાને બરોબર મલતાછે, તે અવસતા તેહેની શરેહ સાથે વાંચનારની વાકેફીને માંટે હમો અતરે ટાંકીછે :—



માએની.

"પંચોતેર દાહાડે હમસપથમેદેમ (ગાહંબાર) નાં (જશનનો વખત) વેહેશતોઇશત (ગાથા સુધી) નો (છે). એટલેજે (મેદીઆરેમ પછી)

† પંચાસ્ર કપતાઇતીમ હમસપથમઇદીઇકે વહેશતોઇશતોઇશ.

પંચોતેર દીવસે હું અહુરમજદે અમેશાસપંદો સાથે (ઇઆને પેદાએશને પેદા કરવાની અહુરમજદી બેમરગ સકતીઓથી) સઘલી વસતુઓ પેદા કીધા પછી દસ જાતનાં આદમીઓ બનાવીને તેઓને જાહેર કીધાંછે, તે વીસેની સ્તુતી કરવાનાં વખતને હમસપથમેદેમ ગાહંબારનું નાંમ આપેઉંછે. (જે વખત) ફરવરદેગાંનનાં વખતને લગતા વેહેશતોઇશત (ગાથા) સુધીનોછે. તેહેની શરૂવાત અહુનવદગાહેછે, અને સરંજાંમ પોંહોંચવું વેહેશતોઇશતગાહેછે."

"સદદરે બુનદેહેશને" નામની ફારસી કેતાબમાંથી "હમસપથમેદેમ" ગાહંબારનાં વખત વીસે આએજ પરમાંણે લખાંણ કરેલુંછે :—

ફારસી એબારત.

ششم گهنبار همسپتمیدیم در آخر اسفندارمد ماه باشد از روز اهنود تا روز وهشتویشت گاه

માએની.

"છઠો હમસપથમેદેમ ગાહંબાર સફંદારમદ મહીનો આખેર થાએઆ પછી અહુનવદગાહથી તે વેહેશતોઇશતગાહ સુધીનોછે."

"રેશાલએ એશતંશાહદ" નામની કેતાબમાં મરહુમ દશતુર મુલ્લાં ફીરૂજજી બીન કાઉશજીએ ઇરાંનથી આવેલા કબીસાને લગતા તરણ મેહજરો ગુજરાતી તરજુમાં સાથે પરગટ કરેઆછે, તેહેમાંનો પેહેલલો મેહજર ઇરાંનવાલા દશતુર મોબદોએ શુરત ખાતે બેહેશતી શેઠ મીનોચેહરજી ખુરશેદજી ઉપર સને ૧૧૪૨ ઇઅજદજરદીનાં વરસમાં મોકલાવેઓ હતો તેછે. તે રેસાલામાં તે ઇરાંનના દશતુરોએ પોતાની તરફથી દાખલા તરીકે વરસનાં છઅ ગાહંબારોનો એશારો બતલાવતાં પેહેલલા અને છેલલા ગાહંબારને લગતા વખતની વીગત આપેલીછે; તેહેમાં તેઓએ છેલલા ગાહંબાર વીસે નીચે જણાવેઆ પરમાંણે લખેઉંછે:—

ફારસી એબારત.

پنچاچه هفتایتیم پنه هفتادو پنج روز من اورمزد ام فراج تاشید ام مردم داد ده سرده ایراچه که مردم داد ام هرچش داد بید ام گهنبار پنشت، ام همسپتمیدیم نام نهاد اهنود گاه گیرید اش وهشتوعش سرید

"પંચોતેર દાહાડે હું જે અહુરમજદ છેઉં તે મેં આદમીને દસ જાતનાં રૂપ આપીને પેદા કીધાં અને જેમ સઘલી ચીજને પેદા કીધી

તેમ આદમીને પેદા કરવા વીસેની ઈઆદ અથવા સ્તુતી કરવાના વખતને હમસપથમેદેમનું નાંમ આપેઉંછે, તે (વખત) અહુનવદ ગાથાએ શરૂ થાએછે, અને વેહેશતોઇશત (ગાથા) એ સરંજાંમ પોહોચેછે."

વલી એજ પરમાંણે સું ઈરાંન કે હીંદુસતાંન ખાતે વસનારા સઘલા અથોરનાનો ઈજશને, વંદીદાદ, અને બાજ ઈજવાના પાવમેહેલમાં જેમ મહીનાના તીસે દાહાડાની સાથે મહીનો પઢેછે, તેમ ગાથાનાં દીવસોમાં પઢતા નથી; પણ એ ગાથાના દીવસોમાં ગાથાનો જે દીવસ હોએચ તેહેનુંજ નાંમ વાપરેછે, અને તે વીસેની ખશનુમનો આપણી દીનની કેતાબોમાં જાબજા નોધેઆમાં આવેલીછે, તે પાંચે ગાથાના દીવસોની ઈઆદ દશતુર દારાબ હોરમજદીઆરની રવાએત મધેથી હમો અતરે ટાંકી બતલાવીએછે.

અહુનવદ ગાથાને દંને રોજ માહા તરીકે જે અવસતા પઢવામાં આવેછે તે,

અવસતા.

[illegible]
[illegible]
[illegible] *

માએની.

"જુજોરગ પવીતર વખતની સરદારી કરનાર ગાથાઓ મધેથી અહુનવદ ગાથાની હું ઈઆદ કરૂં છું."

ઓશતુવદ ગાથાને લગતા અવસતા.

[illegible]
[illegible]
[illegible] †

* ગાથાબીઓ સ્પેનતાબીઓ રતુખશથરાબીઓ અશઉનેબીઓ-આઇફ્ સઇફ્રશતે અહુનવઇતીઆઉ ગાથઇઆઉ આઇફ્રસૈપશતે.

† ગાથાબીઓ સ્પેનતાબીઓ રતુખશથરાબીઓ અશઉનેબીઓ આઇફ્રસૈપશતે ઓશતુઅતીઆઉ ગાથઇઆઉ આઇફ્રસૈપશતે.

માઅેની.

"બુજોરગ પવીતર વખતની સરદારી કરનાર ગાથાઓ મધેથી ઓસતુવદ ગાથાની હું ઈઆદ કરૂં છું."

સપેનતોમદ ગાથાને લગતા અવસતા.

[illegible]
[illegible]
[illegible] *

માઅેની.

"બુજોરગ પવીતર વખતની સરદારી કરનાર ગાથાઓ મધેથી સપેનતોમદ ગાથાની હું ઈઆદ કરૂં છું."

વોહુખશથર ગાથાને લગતા અવસતા.

[illegible]
[illegible]
[illegible] †

માઅેની.

"બુજોરગ પવીતર વખતની સારદારી કરનાર ગાથાઓ મધેથી વોહુખશથર ગાથાની હું ઈઆદ કરૂં છું."

વહેશતોઈશત ગાથાને લાગતા અવસતા.

[illegible]
[illegible] ‡

---

* ગાથાઓઈઓ સપેઅંતાઓઓ રતુમાઈઆઓઈ અશઓનેઓઈ આઈફ સેયશતે સપેનતામેનીઈઆ ગાથઈઆઉ ... ઈ ફરઆ ...

† ગાથાઓઈ સપેઅંતાઓઓ રતુમાઈઆઓઈ અશઓનેઓઈઓ આઈફ સેયશતે વોહુખશથરીઆઉ ગાથીઆઉ ... ઈફ ...

‡ ગાથાઓઈઓ સપેઅંતાઓઈ રતુમાઈઆઓઈ અશઓનેઓઈઓ આઈફસે યશતે વેહેશતોઈશતાઈઆ ગાથીઆઉ ...

માએની.

"બુજોરગ પવીતર વખતની સરદારી કરનાર ગાથાઓ મધેથી વેહ શતોઇશત ગાથાની હું ઈઆદ કરૂંછું."

હવે એ ગાથાના દીવસો સેવાએ મહીના સાથે તાઅલુકો રાખનારા તીસે રોજોની ઈઆદ વંદીદાદ, ઈજશને, અને બાજ ધરવાને લગતી પાવમેહલની કીરીઆઓમાં કેહેવી રીતે કરેઆમાં આવેછે, તે મધેથી ફકત દાખલા તરીકે છેલલા સફંદારમદ મહીનાના અનેરાંન રોજની ઈઆદને લગતો એક દાખલો તેહેનાં અવસતા સાથે વાંચનારા સાહેબોની વાકેફકારીને માટે હમો અતરે પરગટ કરીએછે.

અવસતા.

[illegible]

માએની.

"આએ આરાધનામાં ખુદદાદ અનગરરોશનીઓની (એટલે જે અનેરાંનની) હું ઈઆદ કરૂંછું, અને ભલા સફંદારમદની હું ઈઆદ કરૂંછું."

આએ ઉપલા દાખલાઓ વાંચવાથી દાંનેશમંદ જરતોશતીઓને ખોલલી રીતે સમજાશે કે રોજે અવલથી પાક અવસતામાંહી જે બંદગી કરવામાં આવેછે, તેહેમાં સફંદારમદ મહીનો અને અનેરાંન રોજ સુધીજ દરએક રોજની સાથે તેહેના મહીનો પઢેઆમાં આવેછે, **અને ગાથાના પાંચ દાહાડામાં ફકત તે ગાથાના દીવસનીજ ઈઆદ કરવામાં આવેછે.**

વલી મહુમદીઆંન ગરંથકારોએ આપણા ચાલુ રેવાજ ઉપરથી આપણાં વરસની ગણતરીનું બએઆંન પોતાની કેતાબોમાં નોધેઉંછે તે લોકોએ પોતાના લખાંણમાં ગાથાના દીવસો વીસે જે બેઆંન કરેલું છે તે આએ રીતનુંછે.

---

‡ આઇફસોશતે અનગરનાંમ રઉચંઘહાંમ ખદાતનાંમ આઇફસેયથને સપેંતીઆઉ વઘહાઉ આરમેતાફશ.

"રેસાલએ સીફ્ફસલી" નામની કેતાબમાં ઉસતાદ મહમદ બીન મહમદ કાશગરી લખેછે કે :—

تاریخ فارسی و نام ماههای فارسیان با اعداد ایام در جداول نهاده
ام اینست * * † و روزهای هر ماهی سی سی باشد و پنج روز در
آخر آبان یا در آخر اسفندارمد ماه می افزایند و آنرا خمسه مسترقه
می خوانند

માએની.

"પારસીની તારીખ તથા તેઓના મહીનાઓ તેહેના દાહાડાઓની ગણતરી સાથે હું એ કોઠામાં માંડેઆછે તે આએ રીતેછે † અને (તેઓના) દરએક **મહીનાના તીસ, તીસ, દાહાડાછે**, તથા પાંચ દાહાડાને આવાં * કે સફંદારમદ મહીનાની પછવાડે વધારેછે અને તેહેને "ખુમસએ મુસ્તરકે" કરીને કેહેછે."

સને ૯૯૯ હીજરીનાં વરસમાં બનાવેલી "**શરેહ બીસતબાબી**" નામની કેતાબમાં તેહેનો બનાવનાર મુલ્લાં મુજફ્ફર લખેછે કે :—

درین تاریخ هر ماهی را سی روز گیرند بی تفاوت و پنج روز زاید
بر شهور را در آخر آبان ماه یا اسفندارمد ماه افزایند

માએની.

"આએ (પારસીઓની) તારીખમાં દરએક મહીનો **બરોબર ૩૦) દાહાડાનો** ગણેછે, અને **બાર મહીના ઉપરાંત પાંચ દાહાડા વધારાનાછે**, તેહેને આવાં કે સફંદારમદ મહીનાની **પછવાડે** વધારેછે."

સને ૯૭૨ હીજરીનાં વરસમાં "**તકવીમે બીસતબાબી**" નામની કેતાબ બનાવેઆમાં આવેલીછે તેહેમાં તેહેનો કાબેલ બનાવનાર ગાથાના દાહાડા વીસે આએ રીતે લખેછે :—

سیوم تاریخ فرس قدیم * * و سال ایشان همچو سال رومیان است
و هر ماهی را سی روز گیرند و پنج روز زاید را در آخر آبان یا در آخر
سفندارمد ماه افزایند و آنرا خمسه مسترقه گویند

---

† અતરે દરએક મહીનાના વખતની ગણતરીનો કોઠો આપેલોછે.

* આંવા મહીનો કાંઇ સહમજની ભુલથી લખાએલો ધારેઆમાં આવેછે.

માએની.

"તરીજી આગલા પારસીઓની તારીખછે * * અને તેઓનું વરસ રૂમીઓની મોઆફેકછે, અને તેઓ **દરએક મહીનો ૩૦) દા**હાડાનો ગણેછે, તથા વધારાનાં પાંચ દાહાડા આવાં ઈઆ સફંદારમદ મહીનાની પછી લીએછે, અને તેહેને "ખુમસે મુસ્તરકે" કરીને કેહેછે."

"**હલઉલ તકવીમ**" નામની કેતાબમાં તેહેનો બનાવનાર અબુલખેર મહમદ ઉત્તકી લખેછે કે—

تاریخ یزدجردی و آنرا تاریخ قدیم نیز گویند مبدا آن از عهد
یزدجرد بن شهریار که آخر ملوک عجم بوده است گیرند و نام ماهها
فروردین و اردیبهشت ماه است تا آخر روزهاي هر ماهی سی سی اعتبار
کنند و خمسه مسترقه در آخر آبان ماه و بعضي در آخر اسفندار افزایند

માએની.

"એજદજરદી તારીખને "કદીમ તારીખ" કરીનેબી કેહેછે, અને એ તારીખની શરૂઆત ઈઅજદજરદ બીન શેહરીઆર જે પારસીઓનો છેલલો પાદશાહ થાઈ ગએઓછે તેના વખતથી ગણવામાં આવેછે, અને તેના મહીનાઓના નાંમ ફરવરદીન, અને અરદીબેહેશતથી સેચટ શુધી ગણેઆમાં આવેછે, અને દરએક મહીનાના ૩૦) તીસ દાહાડા ગણેછે, અને વધારાનાં પાંચ દાહાડાને આંવાં અથવા કેટલાએકો સફંદારમદ મહીનાંની આખેરીએ વધારેછે."

એજ કેતાબની અંદર સુલતાંન જલાલુદીન મલેકશાહા જેણે આ પણી તારીખ ઉપરથી પોતાની તારીખ બનાવેલીછે તે વીસેનું વરણન કરતાં લખેછે કે—

مبداء این تاریخ از عهد سلطان جلالدین ملکشاه گیرند و نام ماههاي
ایشان اینست--فروردین ماه اردیبهشت ماه خرداد ماه تیر ماه
مرداد ماه شهریور ماه مهر ماه آبان ماه اذر ماه دیماه بهمن ماه
اسفندار ماه و عدد ایام هر ماهی سی سی گیرند و پنجروز از آخر
اسفندار ماه افزایند و آنرا خمسه مسترقه خوانند

માએની.

"આએ તારીખની ઉતપંતી સુલતાંન જલાલુદીન મલેકશાહાના વખતથી થાએલીછે અને તેહેનાં મહીનાંઓની વીગત આએ પરમાણે

છે. ફરવરદીન માહ, અરદીબેહેશત માહ, ખોરદાદ માહ, તીર માહ, મરદાદ માહ, શેહેરીવર માહ, મેહેર માહ, આંબાંન માહ, આદર માહ, દેએ માહ, બેહમન માહ, અસફંદાર માહ, અને તે દરએક મહીનાના રોજોની ગણતરી તીસ, તીસની ગણેછે, અને સફંદારમદ મહીનાની પછવાડે પાંચ દાહાડા વધારેછે, અને તેહેને "ખુમસે મુસ્તરકે" કરીને બોલેછે.

જીચે ઉલગબેગી નામની કેતાબમાં લખેછે કે:—

ફારસી એબારત.

تاریخ فارسي بذاء آن بر سال شمسي است ** و تمامي این دوره بر سیصد و شصت و پنجروز و قریب بربع شبانه روز می باشد و ماههاي این سال بعضی اهل تاریخ می روز درست گیرند و اسامي ماههای او اینست

ز فروردین چو بگذشتی مه اردیبهشت آید
همه خورداد و تیر آنکه چو مردادت همین باید
پس از شهریور و مهر و آبان آذر و دی دان
که بر بهمن جز اسفندار مد ماه نیفزاید

و پنجروز زاید در آخر اسفندارمد ماه که آخر سال است مي انزاید و آنرا خمسه مسترقه خوانند

માએની.

"પારસીઓની તારીખની ઉતપંતી આફતાબી વરસ ઉપરછે. **** અને તેહેની સઘલી હદ ૩૬૫) દાહાડા અને છ કલાકનીછે, અને એ આફતાબી વરસના મહીનાઓ આફતાબી વરસો ઉપર હેસાબ રાખનારા કેટલાએક લોકો બરોબર તરીસ દાહાડાના ગણેછે, તેના મહીનાની વીગત આએ પરમાણેછે—ફરવરદીન પછી અરદીબેહેશત મહીનો આવેછે, તાર પછી, ખોરદાદ, તીર, અને અમરદાદછે, તે પછી શેહરેવર, મેહેર, આંવાં, આદર અને દેએછે, અને તે પછી બેહુમનની ઉપર સફંદારમદ સેવાએ બીજો કોઈ મહીનો નથી. અને પાંચ વધારાના દાહાડાઓને સફંદારમદ મહીનાની પછવાડે કે જે વખત વરસની આખેરીનોછે તારે વધારેછે અને તેને "ખુમસે મુસ્તરકે" કરીને બોલેછે."

વલી એજ કેતાબમાં "જલાલી" તથા "મલેકી" તારીખને લગતું વરણન કરેલુંછે તેહેમાં તે કેતાબનો બનાવનાર લખેછે કે:—

ફારસી એબારત.

و ماهها را هم نام ماهہای فارسیان باشد اما ماهہای فارسیان مقید
بقدیم کرده و این ماهها را بجلالی یا ملکی مقید کنند و منجمان ماهها
را سی سی روز گیرند اسامی را تا عدد ایام در اورق متفاوت نباشد و
چون خمسه مسترقه در آخر اسفندارمد ماه گیرند

મા એ ની.

"(ઉપલી તારીખના) મહીનાઓના નાંમબી પારસીઓના મહીનાઓની મોઆફેકછે, પણ પારસીઓના મહીનાઓને કદીમ નામથી બોલેછે, અને આએ મહીનાઓને "જલાલી" અથવા "મલેકી" ના નામથી બોલેછે, અને નજુમીઓ તેહેનો દરએક મહીનો ૩૦) તીસ દાહાડાનો ગણેછે, કે દાહાડાઓના નામની ગણતરીમાં કસો ફેરફાર નહી થાએ, અને તેમજ વધારાના પાંચ દાહાડાને સફંદારમદ મહીનાની પછવાડે લીએછે."

શરેહજીએ એલખાંની નામની ફારસી કેતાબમાં તેહનો કાબેલ બનાવનાર આપણા જરતોશતીઓનાં ચાલુ વરસની ગણતરી વીસે આએ રીતે ખોલાસો કરી ગીઓછે:—

هر سالی را سیصد و شصت و پنج روز گیرند و هر ماهی را سی روز
و خمسه مسترقه بعضی در آخر ماه هشتم الحاق کنند یعنی در آبان ماه
قدیم و بعضی در آخر ماه دوازدهم یعنی در اسفندارمذ ماه

માએની.

"(પારસીઓ) દરએક વરસ તરંણસોને પાંસટ દાહાડાનું ગણેછે, તેમાં તેહનો દરએક **મહીનો** ૩૦ **દાહાડાનો** લીએછે, અને વધારાનાં પાંચ દાહાડાને કેટલાએક લોકો આઠમાં આવાં મહીનાની સેવટે લગાડેછે, અને કેટલાએક લોકો બારમાં સફંદારમદ મહીનાની આખરીએ લગાડેછે."

[illegible] નામની ફારસી કેતાબમાં તેહનો કાબેલ બનાવનાર [illegible] મોહમદ બાકર [illegible] ગાથાના દીવસો વીસે આગલે [illegible] વરણન કરેલુંછે:

عدد مجموع ایام ماههای ایشان سیصد و شصت میشود و سابقا گذشت درفصل پیش که سال شمسی حقیقی سیصد وشصت و پنج روز و کسریست ایشان پنج روز زاید را پنج و اندرگاه می نامیده اند و الحال خمسه مسترقه می نامند ایشان آن پنج روز را که امروز در تقاویم در اخر سال الحاق میکنند

માએની.

"તેઓ (ઇઆને પારસીઓ) ના (બાર) મહીનાઓના જુમલે **૩૬૦ દાહડા ગણતરીના ઉપલી વીગતે † થાએછે**, અને આગલ એજ ફસલમાં જણાવેલુંછે કે આફ્તાબી ખરૂં વરસ તરણસોને પાંસટ દાહાડા અને કાંઇએક વધારે વખતનુંછે, તેહમાંના વધારાનાં પાંચ દાહાડાને તેઓ پنجه **પંજે** તથા اندرگاه **અંદરગાહ**નાં નાંમથી બોલેછે, અને હાલનાં વખતમાં તે પાંચ દાહડા خمسه مسروقه **ખમસે મસરૂકે** તથા خمسه مسترقه **ખમસે મુસ્તરકે**ને નાંમે બોલેઆમાં આવેછે કે જે પાંચ દાહડાને હમણાની **તકવીમો** (ઇઆને સેતારાઓની ચાલના વખતની સહમજ આપનારી કેતાબો) માં વરસની આખેરીએ મેલેછે."

કુતબુદીન શીરાજી નાંમના અરબી ગરંથકારે تحفه شاهی **તોહફે શાહી** નામની કેતાબમાં ગાથાના દાહાડાઓ વીસે નીચે જણાવે આ પરમાણે બએઆંન કરેલુંછે.

و تاریخ الفرس و سنوهم شمسية اصطلاحية هي ثلثماية و خمسة و ستون يوما و كذا شهورهم الاثنا عشر وهى فروردين ارديبهشت خرداد تير مرداد شهريور مهر آبان آذر دي بهمن اسفندارمذ اصطلاحية لانها ثلاثون والخمسة الزايدة تسمى الخمسة المسترقة و الاواحق

માએની.

"બીજી પારસીઓની તારીખછે, તેઓનાં ચાલુ આફતાબી વરસ તરણસોને પાંસટ દાહાડાનાંછે, અને તેમજ તે વરસનાં ચાલુ બાર મહીના **ફરવરદીન**, **અરદીબેહેશત**, **ખોરદાદ**, **તીર**, **અમરદાદ**, **શેહરીવર**, **માહેર**, **આબાંન**, **આજર**, **દએ**, **બેહમન** અને **સફંદાર**

---

† **ઉપલી વીગતે** એટલે કે તે કેતાબમાં આગલ બારે મહીના તથા દરએક મહીનાના ૩૦ દાહાડાઓની બાબત લખી જણાવેલીછે તે પરમાણે.

મદછે, અને તે દરએક મહીનાના ૩૦ દાહાડાછે, તથા પાંચ દાહડા જે વધારાનાછે તેહને ખમ્સે મુસ્તરકે તથા લવાહકને નાંમે બોલેછે."

શરેહ મુજકરેહ નામની અરબી કેતાબમાં તેહનો કાબેલ બનાવનાર અકલાંમ ખોફરી આપણી તારીખ વીસે જે વરણન કરી ગીઓ છે તે આએ રીતનુંછે:—

تاریخ الفرس وهغو هم شمسية اصطلاحية هى ثالثماية و خمسة و ستون يوما و كذاشهور هم الاثنا عشر اصطلاحية لكونها تلثين تلثين والخمسة الزايدة تسمى مسترقه ولواحق

માએની.

"પારસીઓની તારીખ તથા તેઓનાં સાધારણ વરસ આફતાબી છે, તેઓનું વરસ તરંણસોને પાંસટ દાહાડાનુંછે, અને તેમજ તેઓના સાધારણ વરસનાં બાર મહીનાછે તે દરએક મહીનો તીસ, તીસ, દાહાડાનોછે અને પાંચ વધારાનાં દાહાડાછે તેહને મુસ્તરકે તથા લવાહકને નામે બોલેછે."

આએ ઉપલી કદીમ અને મોતેબર "દીનકરદ" તથા "બુનદેહશને" તથા "માદીગાને રફજોમ" નામની પેહેલવી કેતાબો તથા વંદીદાદની આઠમી પરગરદની પેહેલવી શરેહ, રોજ માહની ખશનુમનના અવસતા, અને તેમજ ફારસી દીનના દફતરો અને સઘલી જીચની કેતાબો જેવી કે રેસાલએ સીફસલી, શરેહ બીસ તબાબી, તકવીમે બીસતબાબી, હલઉત્તકવીમ, જીચે ઉલગબેગી, શરેહજીચે એલખાંની, રેસાલે એખતીઆરાત, તોહફે શાહી અને શરેહ મુજકરેહમાં આપણાં બાર મહીનામાનો દરએક મહીનો ૩૦ દાહાડાનો લખેલોછે. કોઈબી કેતાબમાં અગીઆર મહીના ૩૦ દાહાડાના અને બારમો મહીનો ૩૫) દાહાડાનોછે હેવું મુતલક લખેલું નથી, તેમજ બાર બુરજો મધેનાં દરએક બુરજના ૩૦) રોજીના ઇઆને તબકકા સઘલી તફહીમની કેતાબો તથા તવારીખમાં જણાવેલાછે; અને ગાથાના પાંચ દાહાડાતો ઉપલા બારે બુરજો મધેના દરએક બુરજની ૩૦) તીસ હદની અંદરના વધારાના વખતથી બનેલા છે; તેઆરે સઘલી રીતે જોતાં ગાથાના દાહાડાઓ મહીનાથી એલાહેદાજ ગણવા જોઈએછે. અને તેમજ આપણ જરતોશતીઓમાં તે રોજે અવલથી ગણાતા આવેઆછે, અને હાલમાંબી ગણાએછે, અ

ને આપણી ઉપરથી જલાલુદીન મલેકશાહ નામના મહમદીઆંન પાદશાહે આપણી તારીખની નકલ આજ સાતસોથી વધારે વરસ ઉપર કરીછે, તેણેબી ઉપલા પાંચ દીવસોને વરસને છેડે સફંદારમદ મહીનાથી એલાહેદા ગણેલાછે. તારે હવે વાંચનારા દાનેશમંદ સાહેબોએ વીચાર કરવો જોઈએછે કે મરહુમ દશતુર એદલજી આસાવાલાએ તથા તેવણના હાલના વારેસ ભાઈ જામાસપજીએ જે પોતાની તરફથી ગાથાના દાહાડાઓને સફંદારમદ મહીનાની અંદર દાખલ કરીને ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાનો ફતવો આપેઓછે, તે મજદીઅસની દીનના ફરમાંનથી ઉલટો અને જરતોશતીઓને ભુલાવો ખવાડનારોછે કે નહી ?

હવે આપણાં હીનદુસતાંન ખાતે થાંઈ ગએલા, અને હાલનાં હઈઆત દશતુર મોબેદોનો વીચાર ગાથાના દીવસો વીસે કેહેવોછે, તેહેનો ખોલાસો નીચે લખી જણાવેલી દલીલો ઉપરથી આપણને મલેછે.

મરહુમ દશતુરાંન દશતુર નેરીઓસંગ ઢવલના વખતમાં આપણા લોકોની વસતી સંજાણ ખાતે હતી તે વેલાએ મજકુર દશતુરે કેટલાંએક પેહલવી તથા અવસતાનાં પુશતકોનો સંશકરીત ભાશામાં તરજુમો કરેઓ હતો, તે બેહેશતનશીન દશતુરે પોતાના ખોરદેહ અવસતાનાં સંશકરીત તરજુમાં મધે ગાહંબારનાં આફરીનગાંનનાં પાક અવસતા તથા તેહેની પેહેલવી શરેહ ઉપરથી જે તરજુમો આપેઓછે તે તરજુમો આપણને જણાવેછે કે તે મરહુમ દશતુરનું મત તે પાક અવસતાનાં ફરમાંનને મલતું હતું.

આએ ઉપલા કાબેલ દશતુર પછી લાંમબી મુદત સુધી કોઈ દશતુરે પોતાની તરફથી દીનને લગતાં પુશતકો રચીને તે જાહેર લખાંણોથી પોતાને પરસોધ કીધો હતો નહી, માટે તેઓની તવારીખ અંધારામાં રહી ગઈછે; પણ તે પછી ગેઈ તરણ અથવા ચેઆર સદી ઉપર જે પરખેઆત દશતુરો થાઈ ગએઆછે, તેઓના વીચારો ગાથાના દીવસો વીસે આપણને આએ રીતે મલેછે :—

સને ૯૨૪ ઈઅજદજરદીનાં સાલમાં અકલેસર ખાતે મોબદ વીકા બેહુરાંમ મોબદ હોરમજદીઆર રાંમઈઆરની નસલનાંએ

ખોરદેહ અવસતાનાં ગુજરાતી તરજુમાં સાથની એક કેતાબ લખેલી છે, અને તે કેતાબ હાલમાં કદીમી જરતોશતીઓનાં વડા દસતુરજી શેહેરાબજી રૂશતમજી મુલ્લાં ફીરૂજજીનાં કેતાબખાનામાંછે તે કેતાબને સફે ૧૩૦) થી ગાહંબારનાં આફરીનગાંનનું લખાંણ તેહેનાં તરજુમાં સાથે કરેઆમાં આવેલુંછે, તે આફરીનગાંનની શરૂઆત કરતાં તે કેતાબમાં લખેલુંછે કે:—

"गहंबार आफ्रंगान अविस्तार्थ" ઇઆને "ગાહંબારનાં આફરગાંનના અવસતાનો તરજુમો." આએ મથાલાં હેડલ ગાહંબારનું આફરંગાંન તેહેના અરથ સાથે ઉપલી કેતાબમાં લખેલુંછે તેમાં ૧૪૨ મે સફે હમસપથમેદેમ ગાહંબારને લગતા અવસતા તેહેનાં અરથ સાથે લખેઆમાં આવેલાછે, તે અવસતા આએ રીતનાંછે.


અવસતા.

पंचाच्र हअपताईतीअं हमस्पथमहेदइहे वहेस्तोइतोइस गाथईयाऊ.

માએની.

"પંચહુતરી દાહાડે ૭૫) હમસપથમઇદમ વેહેશતોઇઅસત ગાથાબીડ. હું અહુરમજદે અમેશાસપેંત સાથે મનુશીઅ દશ પરકારી દીધાં. (એટલે જે મેદીઆરેમ પછી પંચોતેર દાહાડે હમસપથમેદેમ ગાહંબારના વેહેશતોઇશત ગાથાનો વખત હું અહુરમજદે અમેશાસપંદો સાથે દસ જાતના આદમીઓને પેદા કીધાં તેહેની સતુતી કરવાને લગતોછે.)"

મરહુમ દશતુરજી રૂશતમજી બેહરાંમજી સંજાણાંએ આસરે ૧૧૨૫ ઇઆજદજરદીમાં "ખોરદેહ અવસતા" ના પેહલવી તરજુમાં ઉપરથી તેહેનો ફારસી તરજુમો કરેઓછે, તેમાં તે કાબેલ દશતુર સાહેબે ગાહંબારના આફરંગાંન મધે આવેલા છઠા ગાહંબારના અવસતા તથા તેહેની પેહલવી શરેહનો તરજુમો ફારસીમાં પોતાની તરફથી નીચે જણાવેઆ પરમાંણે કરેલોછે:—



† પંચાચ હપતાઇતીમ હમસપથમઇદીઇડે વેહુશતોઇશતોઇશ ગાથીઆડ.

به هفتاد و پنج همسپتمیدیم وهشتویشت گاه—به هفتاد و پنج
روز من که هورمزد هستم با امشاسفندان پیدا کردم ده مردم ده آین
بدادم و دیگر همه چیز جهان را بدادم همسپتمیدیم گاه نام نهاد اهنود
گاتها اغاز کند به وهشتویشت گاتها تمام بشود

"પંચોતેર દાહાડે હમસપથમેદેમ (ગાહંબાર) ના (જશનનો "વખત) વેહેશતોઇશતગાથા (સુધી) નો ઈઆને હું જે અહુરમજદ છઉં તે મેં અમેશાસપંદો સાથે દસ તરેહનાં આદમીઓને તથા દુનીઆંની બીજી સઘલી વસતુઓને પેદા કીધી તે (વીસેની ઈઆદ કરવાના) વખતને હમસપથમેદેમનું નાંમ આપેઉંછે, તે વખત અહુનવદ ગાથાએ શરૂ થાએછે, અને વેહેશતોઇશત ગાથાએ પુરો થાએછે."

મરહુમ દશતુર શાપુરજી માણેકજી સંજાણાં તથા બેહેશતનશીન દશતુર નવરોજજી રૂશતમજી સંજાણાંના હાથ દસતખતનાં લખાંણોબી ઉપલીજ રીતનાં આપણને મલેછે.

નોશારીવાલા મરહુમ દશતુરજી ફરાંમજી શોહોરાબજી મેહેરજી રાંણાંવાલાએ સને ૧૧૮૭ ઈઅજદજરદીનાં વરસમાં "ખોરદેહ અવસતા બા માએની" ની કેતાબ એક મુંબઈ શમાચાર છાપખાંનામાં છપાવી પરગટ કીધીછે, તે કેતાબનાં દીબાચામાં તે મરહુમ દશતુરજીએ જણાવેઉંછે કે તેવોએ તે તરજુમો પેહલવી તરજુમા સાથની ખુરદેહ અવસતા ઉપરથી ગુજરાતીમાં કરેઓછે, તે કેતાબને સફે ૫૪૨) મે હમસપથમેદેમ ગાહંબારને લગતા અવસતા અને તેહેનો તરજુમો નીચે જણાવેઆ મુજબ આપેઓછેઃ—

અવસતા.

[૫૭] પંચાચ ઢપતાઇતીમ હમસપથમેદીઅહે વેહેશતોઈઅશતોઇશ ગાથીઆ ક.

મા એ ની.

(૫૭) (પંચોતેર) દાહાડે હમસપથમેદેમ ઘંમબાર હુનુઅદગેહથી દંન [પાંચ] વેહેશતોએશત ગેહ શુધી.

"ખોરદે વહીજક" કેતાબ જે સને ૧૧૯૧ ઈઅજદજરદીના સાલમાં મરહુમ દશતુરજી સાહેબ એદલજી દારાબજી સંજાંણાએ કબીસાની સાબેતીમાં બનાવેલીછે, તે કેતાબને ૧૦) મે સફે સેતર (૬) ઠીએ આએ પરમાણેનું લખાંણ આવેલુછે.

"હરએક મહીનો દંન ૩૦) તરીસનો અને દન (૫) પાંચ આફ
"તાબની કસરના વધારાનાછે જે ખોરશેદ ૧૨) બાર મહીના લગી
"બારે બરૂજમાં ફરવું કરેચ તે મયેની કસરનાછે તે (મલીને) એક
"બારગી (૩૬૫) તરણશેહેને પાંહાંશટ દાહાડા, અને (૫) દાહાડા
"(ગાથાના જે ઉપર લખેઆચ) તે વરશનાં (૧૨) બારે મહીનાંની ક
"સરનાં એકડા થાએલાછે તેહેને છેહેલા આખરનાં (અશપંદારમદ)
"મહીનાની પછવાડે રાખેલાછે."

આએ ઉપલી કેતાબનું સઘલું લખાંણ કબુલ રાખીને નીચે જણાવેલા દશતુર શાહેઓએ તેહેમાં સહી કરીછે.

૧ દશતુર નોશેરવાંનજી સોહોશબજીની વતી એ૦ ફશતમ દશતુર નોશરવાંનજી સહી (આએ સહી નોશારી કસબાનાં તે વખતનાં વડા દશતુરજીનીછે.

૧ એરવદ ખુરશેદ દશતુર જમશેદજી શાહી. (આએ સહી મરહુમ દશતુર એદલજી દારાબજી જામાસપ આસાનાં કાકાનીછે).

૧ એરવદ કેખોસરો દશતુર દારાબ સહી. (આએ સહી સુરતવાલા હાલનાં વડા દશતુર કેખસરો દારાબજીનીછે.)

૧ એરવદ તેહમુર નોરોજજી સહી. (આએ શાહી મરહુમ દશતુરજી સાહેબ એદલજી દારાબજી શંજાણાના પોતરાઈભાઈ તથા હુમારા જીનતનશીન નીઆક દસતુર તેહમુરજી નોરોજજી શંજાણાનીછે).

૧ એરવદ ફરેદુન દશતુર દારાબજી સહી. (આએ સહી મરહુમ દશતુર એદલજી દારાબજી જામાસપ આસાના પોતાના ભાઈ સાહેબનીછે).

૧ એરવદ માણેક દશતુર ફશતમજી સહી. (આએ સહી દશતુર એદલજી જામાસપ આશાના પોતરાઈ ભાઈનીછે).

એ પછીની બીજી સહીઓ નોશારીનાં પંથકને લગતા બીજા દશતુર સાહેબોનીછે.

ભરૂચવાલા દશતુરજી અસફંદીઆરજી કાંમદીનજીએ કબીસાસાને લગતી કેતાબ એક ગુજરાતીમાં છપાવી પરગટ કીધીછે તેહેમાં

૧૦૦ મે સફે તેવણે સફંદારમદ મહીનાથી અલાહેદા ગાથાના દીવસો લખેલાછે.

વલી સને ૧૨૦૦ ઈઅજદજરદીનાં વરસમાં છપાઇ પરગટ થાએ લી "**અઝીજેહ દીન**" નામની કેતાબને સફે ૫૦) મે સતર ૬) ઠીએથી ગાથાના દીવસો વીસે આએ રીતે લખેઉંછે કેઃ—

"ગાથાના પાંચ દાહાડા વધારાના વરસના છેલલા મહીનાંની પ "છવાડેજ રાખવા કહેલાછે."

એજ કેતાબને સફે ૧૧૭) ને સેતરૂ ૧૧) મીએથી લખેછે કેઃ—

"વરસના મહીના ૧૨) અને **હરએક મહીનો ૩૦ તરીસ દા "હાડાનો** અને તે ૧૨) મહીનાંની અંદરના આફતાબની ચાલનાં વ "ધારાનાં દંન પાંચ ગાથાના તે વરસની આખેરના અસફંદારમદ મ "હીનાંની **પછવાડે રાખવા.**"

એજ કેતાબમાં સફે ૨૭૨) સેતર તરીજીથી લખેઉછે કે—"**દી "નકરદ**" કેતાબ મઘે પાંચ દાહાડા ગાથાનાં વરસની આખરના "**૧૨) મહીનાંની પછવાડે વધારવાનો હોકમ લખેઓ** છે, અને તે "જ મીસાલે "**બુનદેહરાને**" કેતાબવાલાએબી વરસની આખેરના "અસપંદારમદ મહીનાની પછવાડે ગાથાનાં પાંચ દાહાડા **વધારવાનો** "હોકમ લખેઓછે; અને વલી તેજ પરમાણે હાદોખત **નુસકના અવ "સતા મધેથી** ગાથાનાં પાંચ દાહાડા વરસની આખેરનાં છેલલા અ "સપંદારમદ મહીનાંની પછવાડે વધારવાનો હુકમ ફરમાવેલોછે."

એજ પરમાણેનું લખાંણ ગાથાના દીવસો વીસે ઉપલી કેતાબમાં ઘણી જગોએ આવેલુંછે, તે ઉપરથી મરહુમ દશતુરજી મુલાં ફીરૂજજીનું ગાથાના દીવસો બાબેનું મત આપણને ખોલલી રીતે જણાએછે.

સને ૧૧૯૭ ઈઅજદજરદીના સાલમાં મરહુમ દશતુર મુલલાં ફીરૂજજી કાઉસજીએ "મુખતેશર ૨૬ જવાબ કબીસાની ખોરહે વહીજક કેતાબનો" હેવે નામનું એક ચોપાંનીઉં મુંબઈ સમાચારમાં છપાવી પરગટ કીધુંછે તેહેમાં સફે ૪૯) મે સેતર છઠીએથી છએ ગાહંબારનુ વરણન નીચે જણાવેઆ પરમાંણે કરેલુંછેઃ—

"૨ જું. દાદાર ઉરમજદે જંદ અવસતામો પેહેલો ઘંમબાર "૪૦) દંન પછે ઈઆને અરદીબેહશત મહીનો ને ખોરશેદ રોજને દં "ન કરવા ફરમાવેઓછે. બીજો ઘંમબાર ૫૫) **દંન પછે ઈઆને**

" તીર મહીનો ને ખોરશેદ રોજને દંને કરવા ફરમાવેઓછે. તીજો
" ઘંમબાર ૭૦) દંન પછે ઇઆને શહરીવર મહીનો ને આસતાદ
" રોજને દંન કરવા ફરમાવેઓછે. ચોથો ઘંમબાર ૨૫) દંન પછે
" ઇઆને મેહેર મહીનો ને આશતાદ રોજને દંન કરવા ફરમાવેઓ
" છે. પાંચમો ઘંમબાર ૭૫) દંન પછે ઇઆને દેએ મહીનો ને મે
" હેર રોજને દીને કરવા ફરમાવેઓછે. છઠો ઘંમબાર ૭૦) દંન પ
" છે ઇઆને પેહેલો અહોનવદ ગાથાને દંન કરવા ફરમાવેઓછે."

આએ ઉપલા ખોલાસામાં પાંચ ગાહંબારના દાહાડા જેમ જરતો
શતી દીનને રાહે મહીના સાથે તાઅલુકો રાખેછે તેમ તે પાંચે ગાહં
બારોની સાથે તેના મહીનાઓ લખેઆછે; પણ હમસપથમેદેમ ગાહં
બારનાં પાંચ દાહાડા જે મહીના વગરનાંછે, તેથી ઉપલાં લખાંણમાં તે
હેને લગતા અહુનવદ ગાથા સાથે કોઇબી મહીનાનું નાંમ જણાવીઉં
નથી, અને આએ લખાંણને કબુલ રાખીને તેહેની નીચે હેઠલ જણાવે
લા દશતુરોએ આએ પરમાંણે સહીઓ કરેલીછે.

૧ એ૦ ખુરશેદ દશતુર જમશેદજી. મનશની, ગવશની, કુનશનીથી લખુંછે જે દીને બેહ માજદીઅસનીમો કબીસો કોઈ દલીલથી જાએજ નથી દીને બેહ મા જદીઅસનીમાં એ કસી વાતે રવા નથી તે જાણવું.

૨ એ૦ તેમુરજી દશતુર મીનોચેરજી સહી. માજદી અસની દીનમો કબીસો રવા નથી તે શત જાણવું.

૩ એ૦ જમશેદ દશતુર એદલજી સહી.

૪ એ૦ ફરાંમ અસપંદીઆરજી રબાડી રસમીનાં સહી.

આએ ઉપલી ચેઆર સહીઓમાંની તરણ સહીએ મરહુમ દશતુ
ર જામાસપ આસાના ખાંનદાંનવાલા ગરહસથેનીછે, તેહેમાં પેહેલી
સહી મરહુમ દશતુર એદલજી આસાવાલાનાં કાકાનીછે; અને બીજી
તથા તરીજી સહી મજકુર દશતુરનાં પીતરાઈ ભાઈઓનીછે.

તારીખ ૨૪ મી સપટેમબર સને ૧૮૭૫ ઈસવીની તેરીખનાં રાસ
ત ગોફતારનાં પતરમાં પુણેવાલા દશતુર હોશંગજી જાંમાસપજીએ રા
સત ગોફતારનાં જવાબ તરીકે એક પતર પોતાની ખરી સહીથી છપા
વીને પરગટ કરેઓછે, તે પતરની સેવટે તે લાએકીવાલા દશતુરે પોતા

નાં લખાંણની તારીખ લખીછે, તે ગાથાના દીવસને લગતીછે, તેહેમાં તેવણે આએ રીતે લખાંણ કરેલુંછે :—

"પુના રોજ ગાથા સપેનતુમત સને ૧૨૩૪."

એજ મુજબ પુણેવાલા દશતુરજી નોશરવાંનજી જામાસપજીએ સને ૧૨૨૨ ઈઅનજદજરદીમાં "રાહનુમાએ માજદીઅસનાં" સભા ઉપર મુકતાતની બાબદમાં એક પતર લખી મોકલેઓછે, અને તે પતર રેહનોમાએ માજદીઅસનાંન સભાનાં ૧૯ માં આંકવાલાં ઓપાંનીઆંમાં પરગટ થાએલોછે તેહેમાંથી તે દીનદાર દશતુરે ગાથાના દીવસની સાથે મહીનો મુતલક લખેઓ નથી. કે જે એબારતનું લખાંણ આએ રીતનુંછે.

"રોજ ૨૬ માહા ૧૨ થી તે ૫ માં ગાથાની આખેરી સુધી દીન
"૧૦) આએ જેહાંનમાં તમાંમ અશોફરોહરો ઉતરવું કરીને પોતા
"નાં ખેશોથી પોતાની ખશનુદી ચાહેય."

આએ ઉપલું લખાંણ આપણી ખાતરી કરેછે કે પુણેવાલા દાનેશ મંદ દશતુરજીઓ દશતુર જામાસપ આસાનાં ખાનદાંનનાછે; પણ તે સાહેબોએ પોતાનાં લખાંણમાં જેમ આપણે મહીના સાથે તાલુકો રાખનારા દરએક દાહાડાની સાથે હમેશ તેહેનો મહીનો લખીએછે તેમ એ દીનઆગાહ ગરહસથોએ ગાથાનાં દીવસો સાથે મહીનો લખેઓ નથી; તે ઉપરથી ખોલલી રીતે જણાએછે કે એ સાહેબોનું મત ગાથાના દીવસોને સફંદારમદ મહીનાને લગતા ગણવાનું નથી. અને તેમજ આપણે ઉપર જોઈ લીધું કે મરહુમ દશતુર જામાસપજી આસાજીનાં ખાંનદાનવાલા મુખીઅ ગરહસથો જેવા કે મરહુમ દશતુર ખોરશેદજી જમશેદજી જામાસપ આસાનાં, દશતુર ફરેદુનજી દારાબજી જામાસપ આસાના, દશતુર જમશેદજી એદલજી જામાસપઆસાના, દશતુર માણેકજી રૂશતમજી જામાસપઆસાનાં, અને દશતુર ટેમુલજી મીનોચેહરજી જામાસપઆસાનાએ "ખોરેહ વહીજક" કેતાબમા તથા તેહેની સાંમણે મરહુમ દશતુરજી મુલાં ફીરૂજજીએ છપાવી પરગટ કરેલાં ઓપાંનીઆંમાં સહી કરીછે કે જે પુશતકોમાં ગાથાના દીવસોને મહીનાં વગરના જણાવેલાછે તથા સફંદારમદ મહીનો પુરો થાએઆ પછી અલાહેદા રાખવાને ફરમાવેલુંછે.

હવે મરહુમ દશતુર એદલજી દારાબજી જામાસપ આસાવાલાનું

પોતાનું મત પેહેલાં ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો ગણવા વીસે પોતાની હાલની તકરારથી બીલકુલ જુદું હતું તેહેની સાબેતી એ દશતુરજીએ "બુનદેહુશને" નામની પેહેલવી કેતાબનો **સને ૧૧૮૯** ઇઅજદજરદીના સાલમાં ગુજરાતી તરજુમો કરીને મુંબઇ સમાચારમાં છપાવી પરગટ કરેઓછે તે ઉપરથી આપણને જણાએછે. આએ કેતાબના દીબાચામાં મજકુર દશતુરે લખેઉંછે કે પેહલવી "બુનદેહશને" કેતાબ અવસતાના ૨૧) નુસક ઉપરથી પાદશાહ ગોશતાસપના વખતમાં પેગમબર સાહેબ જરતોશતના શાગેરદોએ બનાવી હતી તેહેનો તરજુમો તેવણે ઘણી ચોકસાઇથી કરેઓછે, તે કેતાબમાં ૨૪૦) મે સફે સેતર પેહેલીથી તેવોએ ગાથાના દીવસો વીસે આએ રીતે લખીઉંછેઃ—

"(૫) દાહાડા ગાથાના એ દાહાડામાં આવેચ અને જાએચ તે
"એ (૫) **દાહાડા બોરજમાં નથી આપેઆ**, એટલા વાસતે કે ના
"પાક ગનામીના બોરજમા એ (૫) દાહાડા જોતેતો તે નાપાકને દુરનો
"મારગ માલુમ પડતે, ઇઆને દુરની હકીકત જાંણુ તો જીઆંન
"શેતાબ નહી કરી સકતે તો દાદાર હોરમજદ કએંઆંમત કેમ કરી સ
"કતે **એટલા વાસતે એ (૫) દાહાડા બોરજમાં નથી આપેઆ.**"

હવે વાંચનારા દીનદાર સાહેબોએ ધેઆંન પોહોચાડવું જોઇએ છે કે ગાથાનાં દાહાડાઓ સફંદારમદ મહીના પછીનાં એલાહેદાછે; તે વીસે હમોએ ઉપર જણાવેઆ પરમાણેના દાખલાઓ આપણને પાક અવસતા અને તે ઉપરથી કદીમ જમાનામાં બનેલાં પેહલવી તથા ફારસી દીનનાં દફતરો મધેથી અને તેમજ મહમદીઆંન ગરંથકારોના એકમલતા વીચારોથી મલેછે; અને તેમજ ઇરાંન, અને હીનદુસતાંન ખાતેના સઘલા દશતુર મોબેદો અને બેહદીનો પેગંમબર અશો જરતોશતના વખતથી તે હવડાં સુધી ચાલતા આવેઆછે, અને ચાલેછે, એટલુંજ નહી પણ મરહુમ દશતુર જામાસપ આસાનાં ખાંનદાંનવાલા પરખેઆત ગરહુસયેળી તે ફરમાનને જાહેર રીતે કબુલ રાખી ગએઆછે, અને હાલમાં પણ રાખેછે. તે ઉપરાંત જે મરહુમ દશતુરે ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પલાવવાની પેહલ કાહાડીછે તેજ ગરહસપે "બુનદેહશને" કેતાબને પાક અવસતાના તરજુમા દાખલ ગણીછે, તેહેના તરજુમાં મધે પોતેજ ગાથાના દીવસોને બોરજથી એલાહેદા લખેઆછે. તેઆરે હવે ગાથાના

દીવસોમાં સફંદારમદ મહીનો પહાવવાને વાસતે મરહુમ દશતુર એદલજી આસાવાલા તથા તેવણની ગાદીના હાલના વારેસ ભાઈ જામાસપજી મીનોચેહરજી જામાસપ આસાવાલા પાસે કોઈબી રીતનો આધાર રહેઓ નથી. અને તેવો પોતાના ખાંનદાંનના સઘલા ગરહસથોને પોતાની ભુલની અંદર સામેલ કરેછે, તે વાત માનવાનેબી આપણને તેવણનાં ઉપલાં લખાંણોએ શકમંદ કરેઆછે; માટે **બેશક જાણવું કે ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાનું આપણી બરહક દીનનાં ફરમાંન પરમાંણે મુતલક રવા નથી;** અને જે ગરહસથોએ તે વીસેની ઉસકેરની કીધીછે અને હાલમાં જેઓ કરેછે તેઓ પાસે પોતાનાં બોલવાની **સાબેતીમાં કસી દલીલ કે આધાર નથી**; વાસતે હમો હમારા નેક જરતોશતીઓને ઘણી નમનતાઈ સાથે જણાવીએછે કે તેઓએ આએ પુશતક મધે જાહેર કરેલાં પોતાની બરહક દીનને લગતાં ફરમાંન મુજબ બેશક બેગુમાંન રહીને ચાલવું કે તેઓની ફરજીઆત અથવા બંદગી બેકાએદે અને ગેરશીરસતે ગણાએ નહી.

આએ હમારૂં ઉપલું લખાંણ પુરૂં કીધા પછી "જરતોશતી અભેઆસ" નામનાં ચોપાંનીઆંનો સાતમો આંક હમારા વાંચવામાં આવેઓ, તે મધે તેહેનાં કાબેલ બનાવનારે "**જરતોશતીઓમાં વખતની વેહેંચણી**" હેવાં મથાલાં હેઠલ પોતાની સોધને લગતું કેટલુંએક લખાંણ કીધુંછે; તેહેમાં ગાથાના પાંચ દાહાડાઓ વીસે જે બાબત લખેઆમાં આવેલીછે તે હાલનાં સમે ઉપર વેઆંન આપીને વખાંણવા જોગ કુશેસ કરેલી હમોને જણાઈછે; તે બીનાં એક તરાહેત વીદવાંન ઘરહસથનાં મત તરીકે હમો આએ હમારાં લખાંણની અંદર હમારા વાંચનારાઓની વાકેફકારીને માટે અતરે દાખેલ કરીએછેઃ—

"ગાથાના પાંચ દાહડા. †

"આપણે જોઈ ચુકા કે વરશનાં બાર મહીનાં વંદીદાદ મધે લ
"ખેલાછે. એ બાર મહીના આફતાબી હતા કે માહતાબી હતાં તે
"વીશે આએ ચોપાંનીઆંના પાને ૩૯૧ મેં કેટલીએક જીકર કીધેલી

---

† જુઓ જરતોશતી અભીઆશ આંક ૭ મો, સફે ૪૪૧ થી ૪૫૭ સુધી.

" છે. તાંહાં હેવું જણાવીઉંછે કે હમેલદાર ઓરત દસ મહીને છો
" કરાંને જનમ આપેછે હેવું જારે વંદીદાદ મધેથી માલમ પડેછે, તા
" રે એ દસ મહીના માહતાબી હોએ હેવું લાગેછે. વલી જારે રીઘ
" વેદ મધે પણ એમજ લખીઉંછે કે દસ મહીને ઓરત બચાંને જ
" નમ આપેછે અને તે ઉપરથી કેટલાએક ગરંથકારોએ હેવો સાર
" કાહડીઓછે કે રીઘવેદના જમાનામાં માહતાબી મહીના હતા તારે
" આપણા વંદીદાદના મહીના વીશે પણ હેવોજ વીચાર જાએછે. વ
" લી બીજી એક દલીલ નજરમાં આવેછે કે જે લોકો માહતાબી મ
" હીના ગણેછે તેઓ પોતાની તથી રાત પડવાથી ઈઆને સુરજના મ
" ગરબમાં જવાથી ગણેછે, તેમજ આપણા લોકોએ કીધું હોએતો વં
" દીદાદમાં માહતાબી મહીના લખીઆછે હેવું કબુલ કરવાને વધારે
" દલીલ મલે. આએ ચોપાંનીઆંના ૩૮૩ મેં પાંને એ બાબે મેં લં
" બાનથી લખીઉંછે. તાંહાં મેં પુરવાર કરી જણાવીઉંછે કે "ક્ષપર"
" તે રાતથી શરૂ થતો દાહડો ગણાએછે અને "અયર" તે સહવા
" રથી શરૂ થતો દાહડોછે અને વંદીદાદમાં કીરીઆની બાબદમાં દાહ
" ડાને વાસતે "ક્ષપર" બોલ આવેછે અને સાધારણ બાબદને વા
" સતે "અયર" બોલ આવેછે. હવે એજ કાએદો બીજી કોમોમાંછે,
" જેઓએ ચાંદની ગતી ઉપર મહીના થેડવેલાછે તેઓ પાસે બંધે ગ
" ણતરીછે, સાધારણ વેહેવારના બાબમાં સહવારથી દાહડો ગણેછે
" અને ધરમના બાબમાં રાતથી ગણેછે. "જેનેસીસ" માં લખેછે કે
" And God called the light day and the darkness call-
" ed night. And the evening and the morning were
" the first day." "ને દેવે અજવાલાંને દાહડો કહીઓ ને અં
" ધકારને રાત કેહી. ને સંધીઆકાલ હતી તથા સકાલ હતી, પેહે
" લો દીવસ" એટલે કે કુદરતી કાએદેતો દીવશ અને રાત મલીને
" એક દાહડો થતો હતો પણ માણસોએ ધરમને કારણે રાત તથા દી
" વશ મલીને એક દાહડો ગણીઓ. એજ માફક વંદીદાદ મધે ધર
" મના કારણનો દાહડો રાતથી શરૂ થતો લીધોછે અને તેનું નાંમ "ક્ષ
" પન" રાત ઉપરથી "ક્ષપર" રાતને લગતો (દાહડો) કરીને આ
" પીઉંછે. એ ઉપરથી વલી વધારે શક મજબુત થાએછે કે વંદીદાદ
" માં જણાવેલા બાર મહીના માહતાબી હતા. હવે એ બાર મહી
" ના વીશે વંદીદાદની પેહલી પરગરદ મધે લખે છે કે,

"હપ્ત હેન્તિ માઓહ્ હો હામિન પન્ચ જયન."

"એટલે કે "સાત મહીના હામીનના અને પાંચ મહીના જમે
" સતાનનાછે." હવે જેઓ માહતાબી મહીના ગણેછે. તેઓનેબી પુ
" છીએ કે તમારા વરસમાં કેટલા મહીના ગરમી અને કેટલા સરદી
" પડેછે તો તેઓ જવાબમાં બાર મહીનામાંથી આટલા ગરમીના અ
" ને આટલા સરદીના હેવો જવાબ આપશે, તેમ વંદીદાદમાં લખીઉ
" છે કે બાર મહીનામાંના સાત હામીન અને પાંચ જમેસતાનનાછે. એ
" ટલા વાસતે ગાથાના પાંચ દાહડા વીશે કે ઘમબાર વીશેબી વંદીદાદ
" મધેથી કાંઈ સોધવા ચાહીએતો તે મલે નહી. વંદીદાદનો જમા
" નો પુરાણો હતો અને તારે ઉપલી ધારણા પરમાણે આપણામાં માહ
" તાબી મહીના તથા માહતાબી વરશ ગણાતું હતું અને
" વરશની બેજ ફસલ ગણાતી હતી. પછે ઈજશનેનો જમા
" નો થએઓ તાહરે વરશ આફતાબી અને ફસલ ચાર ગણા
" તી હતી (જોકે અવસતામાં કેથે ચાર ફસલ વીશે કસું લખેલું મલ
" તુ નથી) એમ લખવાની પુરવારી એજે વંદીદાદમા વખતની વેહચ
" ણીના બાબમાં સાત મહીના હામીનનુ અને પાંચ મહીનાં જમેસ
" તાનનુ (માહતાબી) વરશ જણાવેલુંછે પણ ઈજશનેમાં તેથી વધારે
" જણાવીઉછે અને તાંહાં પખવાડીઆં, ઘમબારો તથા આફતાબી વર
" શ * વીશે લખેલુ જાબજા મલેછે. હવે જોવા ચાહીએ છઈએ કે ઈ
" જશનેમાં વરશના કેટલા મહીનાં ગણીઆછે અને દરેક મહીનો કે
" ટલા દાહડાનો ગણીઓછે તો તે તેમાંથી માલમ પડતું નથી.

"ઘમબારનાં આફરીનગાન પરમાણે.

"ઘમબારના આફરીનઘાંન શાથે કેટલાએકોના કેહવા પરમાંણે
" નેરીઓસંગ ધવલે ટાંકેલા અવસતાના થોડા ફકરાઓ જે બીજાઓ
" ના કેહવા પરમાણે તેઓની હાદોખત† નોશકની નકલોમાં લખેલા
" મલી આવેછે તેમાંથી હેવું જણાએછે કે સાધારણ વરશ ૩૬૫ દાહ
" ડાનું હતું અને તે દર તીસ દાહડાનાં બાર મહીનાં તથા પાંચ દા

"* માહ્ય. યાઈર્ય. સરેધ.

"† પન્ચાચ હપ્તાઈતીમ હમસ્પથમએદયેકે વહિશ્તોઈશ્ તોઈશ્ ગાથયાઓ.

" હડામાં વેંહચાઈ ગીઉં હતું. એ પાંચ દાહડામાનો છેલો દાહડો *
" 'વહીશતો ઈશતી ગાથા' નામ રાખતો હતો હેવું તે ફકરાએ ઉપ
" રથી જણાએછે અને તેજ ઉપરથી આપણને પેહલી શાહદત અવસ
" તાના બોલોમાં મલેછે કે આપણી વરશની ગણતરીમાં પાંચ દાહડા
" વધારાના લીધામાં આવતા હતા અને તેને ગાથા કેહતા હતા.

" હવે આફરીંઘાન ધમબાર શાથે ટાંકેલા અવસતાના ફકરાએ †
" ઉપરથી સીધ કરવાને બની આવેછે કે જાહરે વરશની ગણતરીમાં
" ગાથાનાં પાંચ દીવશો દાખેલ કીધા તાહરે બારે મહીના તીસ તીસ દાહ
" ડાઓના જોઈએ. વંદીદાદના વખતમાંતો મહીનો માહતાબી હતો
" પણ આફરીનઘાનના વખતમાં કેહવો હતો તે જાણવાનું સેહલછે. ‡

"* આપણ જાણીએ છહએ કે અવસતામાં જરતોશતના બનાવેલા પાંચ
"ગાથાછે તેમાંનો છેલો વેહીશતોઈશતીછે, તારે તેમાંથી હેવો સાર નીકલેછે કે
"દર તીસ દાહાડાના બાર મહીનાના ૩૬૦ દાહાડા પુરા કીધા પછે બીજા પાંચ
"દાહાડા જે વરશ પુરૂ કરવાને વાસતે બાકી રેહા તેઓના નામ ભણવાના પાં
"ચ ગાથા ઉપરથી આપેલાંછે.

"† પન્ચાચ ચથ્વરેસતેમચ માહ્યો-જરેમયેહે અપાહે વહિશતાહે દથુશો०
"ક્ષ્વસ્ત્રીમ્ મઇધ્યોપેમાહે તિસ્ત્રયેહે દથુશો. પન્ચાચ હપ્તાઇતીમ્ પઇતીશ્હયેહે
"ક્ષઅહે વર્ષ્યેહે અનગ્રનાંમ્० સ્રિસતેમ અયાસ્રેમહે મિઅહે અનગ્રનાંમ० અ
"સ્તાઇતીમ્ મઇધ્યાઇર્યેહે દથુશો વેરેસ્રહે० પન્ચાચ હપ્તાઇતીમ્ હમસ્પથમએ
"દયેહે વહિસ્તોઇસ્તાઇશ્ ગાથાઓ०

"‡ ફરવરદીન મહીનાના હોરમજદરોજથી ૪૫ મે દાહાડે અરદીબેહશત મ
"હીનો ને દયમેહેરરોજ થાએ તારે ફરવરદીન મહીનાના ૩૦ દાહાડા લેઈજીએ
"અને તેની ઉપર અરદીબેહેશત મહીનાના ૧૫ દાહાડા વધારીએતો ૪૫ મે દાહાડે
"દયમેહેરરોજ થાએ. એ રીતે હેએ મહીનાના બેહેરાંમ રોજથી ૭૫ દાહાડા
"ગણવા હોએતો પેહેલાં તીશ દાહાડે બહુમન મહીનો ને બેહેરાંમરોજ થાએ. બી
"જા તીસ દાહાડે અસપનદાદ મહીનો ને બેહેરાંમરોજ થાએ, બીજા દસ દાહાડે
"અસપનદાદ મહીનો ને અનેરાંનરોજ થાએ. હવે પંચોતેર દાહાડા પુરા કરવા
"બાકીનાં પાંચ દાહાડા રેહા તે ફરવરદીન મહીનામાં ગણવા કે કેમ? કાંએજે અ
"સપનદાદ પછેનો મહીનોતો ફરવરદીન ગણાએછે પણ જે જગો ઉપર લખેછે કે
"મેદીઓજરેમ ધંમબાર અરદીબેહેશત મહીનાના દયમેહેરરોજે થાએછે તે જગો
"ઉપર હમસપથમેદેમ ધંમબાર થાએછે તે વીશે શું લખીઉંછે તે તપાસી
"એ છઈએ તો જોવામાં આવે કે હમસપથમેદેમ ધંમબાર થાએછે તેનો દાહા
"ડોજ વેહીશતોઈશતી ગાથા કરને લખેઓછે, તાંહાં મહીનો લખ્યો નથી તે
"ઉપરથી બોજની રીતે જણાએછે કે ૭૦ મે દાહાડે અસપનદાદ મહીનો ખલાસ
"થએઆ પછેના પાંચ દાહાડા અલગ ગણાતા હતા.

" જો ફરવરદીન મહીનાના હોરમજદ રોજથી શરૂ કરતાં મેદીઓજરેમ
" ઘમબાર થવાના ૪૫ દાહડા ગણીને તે ઘમબાર અરદીબેહશત મહી
" નાના દપમેહર રોજે મેલીએ છઈએતો દેખઈતી રીતે પુરવાર થાઈ
" ઉં કે ફરવરદીન મહીનો તીસ દાહડાનો હતો. એ કાંએદે દરેક ઘમ
" બારનાં રોજ માહ શાથે દાહડાઓની ગણતરી મેલવતાં દર મહીનો
" તીસ દાહડાનો થાએછે અને તેની ઉપર આફરીનઘાન ઘમબારમાં
" જણાવેલા પાંચ દાહડા વધારીએતો દર તીસ દાહાડાના બાર મહીના
" અને પાંચ દાહડાનું એક વરશ થઈ રેહછે. આફરીનઘાન ઘમબાર
" શાથે હાદોખત નુશકના ટાંકેલા અવસતાઓના ફકરાઓ ઉપરથીતો
" હેવો સાર નીકલેછે.

"ઘમબારની આફરીન પરમાણે.

" હવે પછવાડેના જમાનામાં ઘમબારની આફરીન પાજંદ જબાનમાં
" થોડાઓ કેહછે કે આદરબાદ મારેસપંદે બનાવીછે અને બીજા ઘણા કે
" હછે કે તે છેક હમણા હીંદુસતાનમાં બનેલીછે. પાછલો મત રાખ
" નારાઓ પોતાના વીચારની સાબેતીમાં હેવું કેહછે કે ઈરાનમાં એ
" પાજંદ આફરીન કોઈ જાણતું નથી તાહરે તેની બનાવટ હીંદુસ
" તાનમાંજ થવી જોઈએ. એ પાજંદ આફરીનવાલાએ ઘમબારો કા
" હરે થાએછે અને સું મતલબે થાએછે તે વીશે લખીઉંછે અને ઘ
" મબાર કીહે અને કેટલે દાહડે થાએછે તેની સાબેતીમાં અવસતા
" ભાશાનાં બોલો ટાંકેલાછે. એ બોલો આફરીનઘાન ઘમબાર શાથે
" ટાંકેલા અવસતાનાં બોલો શાથે પાંચ ઘમબારોનાં બેઆનમાં એકસર
" ખા મલેછે પણ છડાને વાસતે મલતા નથી. આફરીનઘાન ઘમબા
" ર શાથે ટાંકેલા બોલોમાં હમસપથમેદેમ ઘમબાર વીશે લખેછે કે તે
" વહીશતોઈશતોઈશ ગાથયાઓ ઉપર થાએછે અને આફરીન ઘમ
" બારમાં ટાંકેલા બોલોમાં લખેછે કે તે "સપેનતયાઓ વહુહુયાઓ
" ગાથાબયો ઉપર થાએછે." હવે હાવી રીતે ફેર પડેલોછે તો બેમાંથી
" એક ખોટતું લખાણ જોઈએ અથવા તો તેનો કાંઈ ખોલાસો થવો
" જોઈએ. આફરીનઘાન ઘમબાર અવસતામાં લખાએલુંછે અને
" આફરીન ઘમબાર પાજંદમાં, અને બંધેમાં ટાંકેલા અવસતા છએ
" ઘમબારોને વાસતે આવેછે તેમાં જો ફરક પડેતો અલબતે આફરીન

" ઘાન ઘમબાર શાથે ટાંકેલા અવસતા ઉપર વધારે ભરૂસો રાખવો
" જોઇએ. કારણ કે તે ટાંકેલા અવસતા કોઇ કોઇ પાસેની હાદોખત
" નોશકની નકલો મધેથી મલેછે, પણ પાજંદ આફરીનમાં આવેલા અ
" વસતા બીજે ઠેકાંણે મલતા નથી. એ આફરીનઘાન ઘમબાર જે
" અવસતા ભાશામાં લખાએલુંછે તેનો પેહલવી તરજુમો આપણી પા
" શેછે તે તરજુમો કરનારે છઠા ઘમબાર વીશે શરેહ કીધીછે કે—

" પનન હ૨તાદો પંનજ ઇઊમ ર અનહોમા રોતમન અમશાસપનદાન પના
" જ તાશીત અવમ અનશોતા ઇહાખુનત ગાસાનબાર ઇઅશત પનન હમસપત
" મઇતીમ રતશ મામ વહીશતોઇશત ગાસ અહુનવત ગાસ નહજનનેત વહીશ
" તોઇશત ગાસ રોએશમન દહવનનેત."

"એટલે કે "એ પંચોતેર દાહાડામાં મેં કે હું હોરમજદ છેઉં
" તેણે અમશાસપંદોની શાથે પેદા કીધાં માણસોને અને ઘમબાર ઈ
" જીઓ હમસપથમેદેમનાં વખત ઉપર વહીશતોઈશત ગાહને દાહડા
" ઉપર, અહુનવદથી શરૂ થાએ અને વહાશતોઈશતથી આખેર." હ
" વે જો પેહલવી શરેહ વાલાએ હેવું લખાંઉછે કે હમસપથમેદેમ ઘ
" મબાર વેહીશતોઇશત ગાહના દાહડા ઉપર કરવો જોઇએતો તેમ શ
" રેહ કરવાનાં તેની પાશે કંઈ પુરવારી હોવી જોઈએ અને તે પુરવા
" રીમાં તેણે "વહીશતોઇશતોઇશ ગાથયાઓ" એ અવસતાનાં લફ
" જો કે "સપેનતાઆઓ વંહુઈઆઓ ગાથાબીઓ" એ લફજો રા
" ખીઆ હશે તે વીચારવાનું સેહલુંછે. જાહરે તેણે લખીઉંછે કે
" "વહીશતોઇશતા ગાથાથી હમસપથમેદેમ ઘમબાર ખલાસ થાએછે"
" તાહરેતો ખોલલી રાતે નજરે આવેછે કે પેહલવી શરેહ કરનારનાં
" ધેઆનમાં "વહીશતોઇશતી ગાથઇઆઓ" બોલો હતા, નહી કે
" "સપેનતીઆઓ વંહુઈઆઓ ગાથાબીઓ." એ પણ એક બીજી
" નવી પુરવારી આપેછે કે "વહીશતોઇશતોઇશ ગાથઈઆઓ" બો
" લો ઉપર આપણને વધારે ભરૂસો રાખવો જોઈએ. હવે આફરીનઘાન
" નાં પેહલવી તરજુમાં કરનારે જે શરેહ પેહલાં પાંચો ઘમબારોની કી
" ધીછે તેને આફરીન ઘમબારનાં પાજંદ લખનારની પેહલાં પાંચો ઘ
" મબારની શરેહ શાથે મેલવીએ છઈએ તો હરફે હરફ મલેછે. તે
" ઉપરથી જણાઇ આવેછે કે પાજંદ આફરીનનાં જોડનારનો આધાર
" આફરીનઘાનનાં પેહલવી તરજુમાં કરનારની શરેહ ઉપર હતો. હે

" વુંછે તો અજબ લાગેછે કે સા સબબથી પાજંદ શરેહ કરનારાએ
" છઠા ધમબારનાં બાબમાં પેહલવી શરેહ કરનારથી જુદી શરેહ કીધી
" છે, અને વલી "સપેનતીઆઓ વંહુઇઆઓ ગાથાબીઓ" એ
" બોલોબી તે કાંહાંથી લાઓછે તે હજુર સુધી જણાતું નથી. જાહરે
" જોઈએ છઈએ કે પાંચે ધમબારોનાં બાબમાં આખર થતો દાહાડો ત
" થા તે દાહડાનો મહીનો લખીઓછે તાહરે છઠા ધમબારને વાસતે
" "વહીશતોઈશતોઇશ ગાથઇઆઓ" એ બોલો લખાએલાછે તે સેહ
" લથી સમજાઈ શકાએછે કે હમસપથમેદેમ ધમબાર વીશે બોલતાં જ
" ણાવીઆમાં આવીઉંછે કે તે વહીશતોઈશત ગાથાને દાહડે થાએછે
" અને તે દાહડા શાથે મહીનો લાગુ નથી પડતો તેથી તેની શાથે જે
" મ બીજા પાંચો ધમબારોનાં દાહડા શાથે મહીનોબી જણાવીઓછે તે
" મ જણાવીઓ નથી, પણ જાહરે આફરીન ધમબારમાં "સપેનતીઆ
" ઓ વંહુઇઆઓ ગાથાબીઓ" બોલો વાંચીએ છઇએ તાહરે તેની
" મતલબ સમજમાં ઉતરતી નથી. એ બોલોમાંથી કાંઈ મતલબ નીક
" લતો નથી. એનો અરથ કરવા ચાહીએતો હેવો થાએ કે પવીતર ત
" થા બેહતર તું ગાથાઓને વાસતે ઇઆ ગાથાઓથી, પણ હંઇઆં હેવી
" એબારત જોઈતી નથી. હંઈઆંતો દાહડા તથા મહીનાનું નામ
" જોઈએછે. તે ઉપરથી હેતું લાગેછે કે એ જગોએ એટલે કે પાજંદ
" આફરીનમાં પણ આફરીનધાન ધમબારમાં ટાંકેલા "વેહીશતોઇશતો
" ઇશ ગાથઇઆઓ" બોલો જોઇએ તેને ઠેકાંણે પાજંદ શરેહ કરના
" રે "સપેનતીઆઓ વંહુઇઆઓ ગાથાબીઓ" બોલો ટાંકીઆછે
" પણ તે બોલ કાંહાંથી તેને મલીઆ તેની સમજ પડતી નથી. આફ
" રીનધાન ધમબારની પેહલવી શરેહ કરનારને સપેનતીઆઓ વંહુઇ
" આઓ ગાથાબીઓ એ બોલો ખબર નહી હતા તે આપણ ચોકસ
" કેહી શકીએ છઈએ કારણ કે તેનેતો વેહીશતોઇશતોઇશ ગાથઇઆ
" ઓ બોલો ખબર હશે તોજ તેણે શરેહમાં વેહીશતોઇશતોઇશ ગાથ
" ઇઆઓનો તરજુમો કરતો હોએ તેમ લખીઉંછે કે "વહીશતોઇશ
" ગાહને દાહડે હમસપથમેદેમ ધમબાર થાએછે" પણ સપેનતીઆઓ
" વંહુઇઆઓ ગાથાબીઓ એ બોલો લાવીને પાજંદ શરેહ વાલાએ
" તેની આગલ થઇ ગીએલા પેહલવી શરેહ વાલાથી ઉલટી મતલબ
" સું રાખીછે તે તેની શરેહ ઉપરથી જણાઈ આવેછે. ધમબારની પા
" જંદ આફરીનમાં લખેછે કે—

"૫ હફ્તાદો પંજ રોજ મન હોરમજદ અવા- અમેશાસ્પનદાન ફરાજતા
"શીત હેમ કો મરદુમ દાદ ધહમબાર ઈઅશત હમસ્પથમેદેમ ધાહનામ નેહાદ
"અસ્પનદારમદ માહ વેહીશતોઇશતીધાહ અહોનવદ ધાહ ગીરેદ વહીશતોઇશતી
"ધાહ સર બુત હમસ્પથમેદેમ બુત."

"એટલે કે "પંચોતેર દાહડે હું કે હોરમજદ છેઉં તેણે અમશા
"સપંદોની શાથે માણસોને પેદા કીધાં અને ધમબાર ઈજીઓ અને
"તેનું નામ હમસપથમેદેમ રાખીઉં. અસપનદાદ મહીનો વેહીશતો
"ઈશત ધાહ હોનવદથી શરૂ કરે તે વહીશતોઈશતીએ ખલાસ થાએ."
"એ પાજંદ શરેહ કરનારે સપેનતીઆઓ વંહુઇઆઓ ગાથાબીઓ
"નો હેવો અરથ કીધોછે કે અસપનદાદ મહીનો ને વેહીશતોઈશતી
"ગાહ. હવે એ તરજુમો ઉપલા બોલોમાંથી નીકલી શકતો નથી, હે
"વો તરજુમો કાહરે ખરો કેહેવાતે કે જાહરે અવસતા ભાશામાં હા
"વા બોલો આવેલા હતે કે "સપેનતીઆઓ વંહુઇઆઓ આરમ
"તોઈશ વહીશતોઈશતોઈશ ગાથઈઆઓ" પણ હેવા બોલોતો નથી.
"આરમતોઈશ વહીશતોઈશતોઈશ ગાથઈઆઓ એ જોઈતાં ત
"રણ બોલોતો મુતલક છેજ નહી અને તેની જગોએ નહી જોઈતો ગા
"થાબીઓ બોલછે. હેવું જાહરે આપણ સાંભલીએ કે પાજંદ આફ
"રીનમાં આવેલા અવસતાનાં બોલો અધુરાછે અને તેમાં બીજા બો
"લોનો ઉમેરો કીધાથી પાજંદ શરેહવાલાની મતલબ નીકલેછે તો તે
"કબુલ રાખવાની આ જગો નથી. જો બીજે ઠેકાણે એખલા વહી
"શતોઈશતોઇશ ગાથઈઆઓ બોલો મલીઆ નહી હતે, જો આફ
"રીનધાન ધમબારની પેહલવી કરનારે હેવી શરેહ કીધી નહી હતે
"કે હમસપથમેદેમ ધમબાર વહીશતોઈશત ધમબાર ઉપર થાએછે તો
"એક બારગી હેવું વીચારમાં લેવાઈ શકાતે કે પાજંદ શરેહવાલાએ
"કેટલાએક અવસતાના બોલો ચુકથી મેલી દીધાછે, પણ હઈઆંતો વ
"ધારે એ ભરૂસા ભરેલું લાગેછે કે પાજંદ શરેહ કરનાર પેહલેથી
"ચુકેલોછે કાંએજે તેના કરતાં તેની આગમચના પેહલવી તરજુમો
"કરનારની શરેહને તે વીરૂધ જાએછે એટલુંજ નહી પણ તે શરેહ વા
"લાના ધેઆનમાં જે અવસતાના બોલો હતા તેનીબી વીરૂધ જાએ
"છે. આએ પરમાણે અવસતાના બોલોને ભરૂસે કેહવાઈ શકાએ
"છે કે આપણામા દર મહીનો તીસ દાહડાનો હતો અને તેહવા

" બાર મહીના હતા અને વરશના ૩૬૫ દાહડા કરવા જે પાંચ દા
" હડા ખુટતા હતા તે છેલા અસપનદાદ મહીનાની આખેરીએ મે
" લીને વરશ પુરૂં કરવામાં આવતું હતું તથા એ વધારાનાં પાંચ દા
" હડાના નામ જરતોશતના ગાથાના નામો ઉપરથી આપેલાં હતાં.
" એટલી બીનાં અવસતાને આધારે ઉપજાવી શકાએછે.

"દીનકરદ પરમાણે.

" હવે ગાથાના પાંચ દાહડાને વાસતે કેટલુંએક બેઆન દીનકર
" દ મધે આવેલુંછે. એક જગોએ લખેછે કે—

" દવાજદેહ બીના કના બીનાએ રક ઇઊમ વ પંજ ઇઊમ મન પરાએશે
" ખુરશીત પનન દવાજદેહ બીના દર અખતરાન રોબશનન દહવનનેત અકની
" ન સે રજ વ છછ વ પંનજ ઇઊમ."

" બાર મહીનાછે, દર મહીનો તીસ દાહડાનો અને પાંચ દાહડા
" બારેરાસીમાં બાર મહીને સુરજને ફરી વલતાં જે વધારે થાએછે તે
" ના બધા મલીને (વરશ એકમાં) ૩૬૫ દાહડા."

" હુંઇઆં પણ જોવામાં આવેછે કે વરશના બાર મહીના અને દ
" ર મહીનો તીસ દાહડાનો ગણીને તેની ઉપર પાંચ દાહડા વધારેલાછે.
" હવે આફરીનઘાન ધમબાર શાથે ટાંકેલા અવસતાના ફકરા ઉપરથી મા
" લમ કરી ચુકા છઈએ કે વરશના છેલા દાહડા તે પાંચ ગાથાના દાહ
" ડા થાએછે કાંએજે હમસપથમેદેમ ધમબાર પંચોતેરમે દાહડે થાએ
" છે, તેના ૭૦ દાહડા અસપનદાદ મહીનાના અનેરાંન રોજે પુરા
" થઈ વેહીશતોઈશત ગાથાને દાહડે ૭૫ મો દાહડો થાએછે. એજ
" મતલબનું ખોલલું લખાંન દીનકરદ મધેથી મલેછે.

" વ અએતુનચ પંજ ગાસ દર કના (શનત) અશ્રિધ જક પંજ ઇઊમે
" ગાસાનીક પનન શનત રોએશમન."

" આગલ એબારતછે તે શાથે જોડીને કેહછે કે " અને એ મી
" સાલે વરશનાં પાંચ દાહડા એટલે કે ગાથાનાં પાંચ દાહડા જે વર
" શનાં છેડામાં આવેછે." બીજે ઠેકાંણે લખેછે કે વરશનાં છેલલા
" મહીનાની શાથે એ પાંચ દાહડા જોડેલાછે.

" પંનજ ઇઊમ મન દમાની હઃ મન દર બીનાઆને શનત હમદહવનનેત
" નર અપદુમ બીનાએ ચનત દાચત દકવીમનનેત."

" એટલે કે " વરશનાં મહીનાઓનાં વખતોથી (કલાકોથી) જે
" પાંચ દાહડા (વધારાનાં) થાએછે તે વરશના છેલા મહીનાને લગા
" ડી મેલેલાછે." વલી એજ દીનકરદમાં બીજે ઠેકાંણે લખેછે કે—

" ઇઊમે વહીજકીક વદ બીના બુનદક દહવનનેત લા કનતન મનઇપનજ
" બીના પરાજ લા સપુખતન."

" એટલે કે " વધારાનાં દાહડા મહીનાનો છેડો આવે નહી તાં
" હાંસુધી નહી કરવા ઘટારત." (એટલે કે) પાંચ મહીનાથી જી
" આદા થોબવું નહી. એ પાંચ મહીના તે જમેસતાનનાં લાગેછે અ
" ને ઉપલા ફકરાની મતલબ હેવી લાગેછે કે (જમેસતાનનો) પાંચ
" મો મહીનો ખલાસ થાએ કે તરત એ પાંચ દાહડા વધારવા તેમાં
" ધીલ કરવી નહી.

" બુનદેહેશ પરમાણે.

" બુનદેહેશમાં પણ ગાથાનાં પાંચ દીવશો વીશે કાંઇ બેઆંન
" આંવેલુંછે.

" મન બીનાએ આંવાંન ઇઊમે અનહુમાએ વહીજીક વદ માહે સપનદોમતે
" વહીજક પનજક બના નરમન સર દહવનનેત પંનજ માહે જમેસતાન."

" એટલે કે " આંવાં મહીનાથી સપેનદોમદ મહીના સુધી પેલા
" પાંચ દાહડા તેને છેડે થઇ ચુકે (તાંહસુધી) પાંચ મહીના જમેસતા
" નનાં થાએછે." હ‍ંઇબી માલમ પડેછે કે એ પાંચ દાહડા બારમો
" મહીનો થઇ ચુકા પછે થાએછે કાંએજે બારમાં મહીનાનું નામ
" લીધા પછે એ પાંચ દાહડા વીશે લખીઆમાં આવીઉંછે. પણ એ
" ક બીજા દાખલામાં ખોલાસાથી લખેછે કે હમસપથમેદેમ ઘમબાર
" અસપનદાદ મહીનાના છેડાની શાથે જોડેલોછે. એ ઉપરથી તેની
" જગા માલમ પડેછે કે તે વરશની આખેરીએ થાએછે.

" પનન હમસપેતમેદેમ ગાસ એ અએત પંનજક પનન બીનાએ સપનેદા
" મત રોએશમન ઇઊમ વ લેલીઆ રાસત રાવા ર દહવનનેત.

" હમસપથમેદેમ ઘમબારમાં કે જે પાંચ દાહડાનોછે અને જે
" અસપનદાદ મહીનાના છેડાની શાથેછે તેમાં દીવશ તથા રાત પા
" છી એકસરખી થાએછે." આએ તરજુમાંનો કાંઇક ખોલાસો કર
" વો ઘટારતછે. એ ફકરામાં 'પનન' બોલછે તેનો અરથ સાતમી
" તથા તરીજી વીભકતીમાં થાએછે. સાતમીમાં થાએછે તાહરે તેનો

" અરથ અંનદર, માં, હેવો થાએછે. જાહરે તરીજીમાં થાએછે તાહ
" રે તેનો અરથ 'થી' તથા 'શાથે' હેવો થાએછે, જેમ "પનન શ
" મે ઈઅનજદાન" એટલે કે બનામે ઈજદ ઈજદાનના નામથી ઈઆ
" નાંમ શાથે. એ બે અરથોમાંથી આએ જગોએ તરીજી વીભકતી
" નો અરથ કરવાને પસંદ કીધુંછે તેનું કારણ કે બીજે બધે એ ગા
" થાના દાહડા વીશે હેવું લખાન મલેછે કે તે અસપનદાદ મહીનાના
" છેડા શાથે જોડાએલાછે તેથી આએ જગોએ પણ તેવોજ અરથ પ
" સંદ કીધોછે. હેને મલતો એક દાખલો એક પેહલવી ફરહંગનો
" એક કેતાબમાં આપેલોછે તે મધે વરશ એકનું બેઆંન કરેછે તાંહાં
" લખેછે કે—

" ફરદુમ બીના ફરવરદીન બીના અનતેવેહશત બીના ખુનદદ બીના તીર
" બીના અમનદદ બીના શતવીન બીના મતુન બીના આંવાં બીના આતુન બી
" ના દએને બીના વહુમન બીના સપનદોમદ રોતમન પંજ ઇઊમે વેહીજકીઠ."

" એટલે કે બારે મહીનાના નામ લખી રેહીને લખેછે કે "શા
" થે પાંચ દાહડા વધારાના." એટલે કે તે ફરહંગવાલાએ એમ ક
" હીઉંછે કે વરશ બાર મહીના અને પાંચ દાહડાનું થાએછે.

" ગાથાના નામો ફારસીમાં.

"ફારસી કેતાબોમાં એ પાંચ ગાથાના દાહડાઓને "અનદરગાહાન",
" પંનજે દોજદીદેહ", "ખુમસે મુસતરક", "પંનજેવેહે", "પંનજેમેહે",
" પંનજે મજદીઅસનાન", " પંનજે ફરવરદેગાન ", "પંનજે અશો
" આંન" ઈતીઆદી નાંમો આપેલાંછે. તે દરેક નામ તેની મતલ
" બ દેખાડેછે. " અનદરગાહાન " બતલાવેછે કે ગાથાનાં દાહડા વ
" ચેનો વખતછે ઈઆને બારમો મહીનો આખર થાએ અને પેહલો
" શરૂ થાએ તેની વચેનો વખત. "પંનજે દોજદીદેહ" તથા "ખુ
" મસે મુસતરકે" એટલે કે ચોરેલા પાંચ દાહડા ઈઆને એ પાંચ દા
" હડા જે થએઆછે તે દરેક મહીને દરેક રાસીમાનાં વધારાનાં થએ
" લાછે તેથી હેવી મતલબ દેખાડનારૂં નામ આપીઉંછે કે એ દાહ
" ડાઓ રાસીઓમાંથી ચોરેલાછે એવું તેમાંથી નીકલે. "પનજેવેહ"
" એમકે એ દાહડા આપણામાં ઘણા ભલા ગણાએછે કારણ કે એ પાં
" ચ દાહડાઓમાં દોજખી રૂવાંનોને છુટી મલેછે અને એટલા દાહ

“ ડા તેઓ રાહતમાં પોતાના બેશાવંદો શાથે કાહાડેછે. “પંનજેમે
“ હ” એટલે કે મોટા દાહડા “પંનજે મજદીઅસનાન” તથા “પંન
“ જે ફરવરદેગાન” તથા “પંનજે અશોઆંન” એટલા વાસતે કેહવા
“ માં આવેછે કે એ દાહાડાઓ ફરોહરોને ઇઆદ કરવાનાછે.

“કેટલાએક મહમદીઆન લખનારાઓએ પણ એ ગાથાનાં દાહ
“ ડાઓ વીશે લખીઉંછે. તેઓ કબીસા વીશે લખી જતાં કેહી જા
“ એછે કે દર ૧૨૦ વરશે એક મહીનો વધારીને કબીસો કીધામાં આ
“ વતો હતો અને હેવો રવઈઓ હતો કે પેહલાં ૧૨૦ વરશે બે ફર
“ વરદીન કરતા તો બીજા ૧૨૦ વરશે બે અરદીબેહશત કરતા હતા
“ અને જે મહીનો બેવડો કરતા તે મહીનાની પુઠે ગાથાના પાંચ દા
“ હડા મેલીઆમાં આવતા હતા, જેમકે તેઓમાના કેટલાએકો લખી
“ ગીઆછે કે છેલો કબીસો કીધો તાહરે આવાં મહીનો બેવડો કીધો
“ હતો તેથી તે મહીનાની પુઠે ગાથાના પાંચ દાહડા મેલીઆ હતા. *

“બીજા લોકો ગાથાના પાંચ દાહડા વાપરેછે તે બાબે.

“વરશના બાર મહીનાં ગણવા અને દર મહીનો તીસ દાહડા
“ નો લેવો અને પછે પાંચ દાહડા તે ઉપર વધારી સાધારણ વરશ ૩૬૫
“ દાહડાનુ કરી મેલવાની રીત આપણુ સીવાએ બીજા લોકોએ પણ રા
“ ખીછે. જેટલા લોકોએ આપણા મહીનાઓનાં નામની † નકલ કી
“ ધીછે તેઓમાના જેઓ માહતાબી વરશ ગણતા નથી તેઓએ આપ
“ ણી રીત પસંદ કીધીછે. જે તારીખ બખતુનનસરની કેહવાએછે તે
“ તારીખને બીજા લોકો નબોનાસર, નેબેકેદનેજર તથા રાહમની તારી
“ ખબી કેહેછે. એ તારીખમાં દર તીસ દાહડાના બાર મહીના ત
“ થા પાંચ દાહડા વધારાના મલીને ૩૬૫ દાહડાનુ વરશ ગણીઉંછે.
“ એજ પરમાણે મીસરાઈ (ઇજીપશીઅન) તારીખમાં તીસ દાહડાના
“ બાર મહીના તથા પાંચ દાહડા વધારાના મલીને ૩૬૫ દાહડાનુ વ
“ રશ ગણાએછે. “દાઈઓકલીશીઅન” ને નામે ઓલખાતી તારી
“ ખ પણ તીસ દાહડાના બાર મહીના અને પાંચ દાહડા વધારાના
“ મલીને ૩૬૫ દાહડાના વરશની ગણાએછે. એબીસીનીઆની તા

“ * જુઓ જરતોશતી અભીઆસ આંક ૭ જો સફે ૧૨૨ થી.
“ † જુઓ આએ આંકના સફે ૭૯૨ થી.

" રીખ પણ એજ રીતનીછે. એજ રીતે જલાલી તારીખમાં પણ વર
" શના ૩૬૫ દાહડા ગણુવામા આવેછે અને દર વરશમા તીસ દાહ
" ડાના બાર મહીના અને પાંચ દાહડા. હાવી રીતે આપણી રીત
" ચોતરફ ફેલાઇ ગેઈલીછે અને તે એટલીતો પસંદ કરવા જોગ હ
" શે કે ઇરાનના મુસલમાન પાદશાહોએ પણ પોતામાં દાખલ કીધી
" છે અને તેઓ જોકે ધરમના કાંમમાં હીજરી તારીખ વાપડેછે તોપ
" ણ રાજ દરબાર તથા સંસાર વેહવારમાં આપણા રોજ માહ વાપડે
" છે. તેઓ પણ ગાથાના પાંચ દાહાડા અસપનદાદ મહીના પછે
" ગણેછે."

"ગાથાના દાહડા અસપનદાદ મહીનામાં ગણવા નહી જોઈએ.

"એ સઘલું જોતાં આપણને માલમ પડેછે કે પાંચ ગાથાના દાહડા
" વરશને છેડે અસપનદાદ મહીનાની પછે મેલીઆમાં આવતા હતા.
" આપણે જે કાએદો દીનકરદ ઉપરથી જોએઓ અને આફ્રીનઘાન
" ઘમબારમાં ટાંકેલા અવસતા ઉપરથી ઉપજાવી કાહાડીઓ કે દર મ
" હીનો તીસ દાહડાનો આપણ રાખતા હતા તે બીજી કેટલી ગને
" આતવાલાઓએબી બાહાલ રાખીઓછે તે આપણ ઉપર જોઈ ચુકા.
" હુવે જે લોકોએ આપણી ઉપરથી નકલ કીધી તે લોકોએ આપણામાં
" રેવાજ જેમ ચાલેલો હશે તેમ નકલ કીધી હશે અને તેઓ જુદા જુદા
" લોકોએ જુદા જુદા જમાનામાં અને જુદા જુદા મુલુકોમાં તીસ દા
" હડાનાં બાર મહીનાં ગણી તે ઉપર પાંચ દાહડા વધારેઆ તો તે ઉ
" પરથી હેવું માલમ પડેછે કે ખચીત આપણામાં હેવોજ રેવાજ જોઈએ,
" અને તે રેવાજ હશેજ કાંએજે દીનકરદમાં, બુનદેહશમાં તથા ફાર
" સી કેતાબોમાં તેમ લખેછે. જો આફ્રીન ઘમબારનાં પાજંદ જોડના
" રે હેવું લખીઉંછે કે અસપનદાદ મહીનામાં વહીશતોઈશતી ગાથા
" છેતો જે અવસતાનાં આધારે તેમ લખીઉંછે તે અવસતામાંથી પા
" જંદ શરેહ કરનારે કાહડેલો અરથ મુતલક નીકલતો નથી તે ઉપર
" જોવામાં આવીઉં; વલી તે અવસતાનાં પદો પણ ભરૂસો લાવવા
" જોગ નથી કાંએજે તેની એબારતબંદી હેવીછે કે તેમાંથી કોઈબી
" અરથ નીકલી શકે નહી અને વલી બીજે ઠેકાંણે આફ્રીનઘાન ઘ
" મબારની શરેહ કરનારે તદન જુદુજ લખીઉંછે અને તેનો આધા

" ૨ જુદાજ અવસતા ઉપરછે તેથી પાજંદ શરેહવાલાનું લખાન લુલુ
" થઈ જાએછે. એ સરેહ પછવાડેથી કોઇએ કીધીછે તે વાત માનવા
" માં આવેછે. ઈરાનના પાદશાહ જલાલુદદીન મલેકશાહે આસરે
" ૮૦૦ વરશ ઉપર આપણા રોજ માહા લીધા તારે આપણામાં ગાથા
" ના દાહડા અસપનદાદ મહીના પછે લીધામાં આવતા હશે તોજ
" તેણેબી તેમજ રાખીઆછે. એ સાબેતી બતલાવેછે કે પાજંદ શરેહ
" પછવાડેની બનેલીછે અને તે ઈરાંનમાં જાણીતી નથી તાહરે હીં
" દુસતાનમાંજ બનાવેલી હોએ. એ પાજંદ સરેહ વીના બીજા કોઈ
" બી લખાનમાંથી ગાથાના દાહડા અસપનદાદ મહીનામાં ગણાતા
" હોએ એમ નીકલતું નથી. પણ એ શરેહનો આધાર જે અવસ
" તાના ફકરા ઉપર દેખાડવામાં આવેછે તે શરેહને કોઇબી પરકારનો
" ટેકો આપે હેવા નથી. એ અવસતાના બોલોજ બેઅરથછે."

આએ લખાંણ પુરૂ કરતાં હમો હમારી નેક સોચનાંને લગતા કાં ઇએક વીચારો હમારા ભાઈ જામાસપજીને જણાવવા માગીએછે અને તે એછે કે તેવણે આએ હમારૂં લખાંણ ઘણાં સારાં ધેઆંનથી વાંચવું, અને વગર તાઅસુબીએ દરએક બાબતને ધેઆંનમાં લેવી અને જે બાબત વીસે શક પડે તે વીસે એક બેએ દાંનેશમંદોની મશવરત લઈને પોતાની ખાતેરી કરવી અને તેવાર પછી કોઇબી રીતનું લખાંણ હમારી સાંહાંમને કરવું. એમ કરતાં જો એ ભાઈ સાહેબની મરજી પાંચ વીદવાંન ઘરસથોની કમીટી ઠેરવીને તાંહાં પોતાના બોલવાની સાબેતી બતલાવવાની હોએતો તે વીદવાંન ગરહસથોના નામની ટીપ હમોને જણાવેઆથી હમો પોતે તાંહાં પણ સરોચશમથી હાજેર થાસું કેમકે વગર અરથના લખાંણમાં જે વખત રોકાએછે તે વખત વગર ઉપીઓગનો ગણાએછે, અને જેઓ વખતની કદરને સહમજેછે, તેઓને તેવાં લખાંણની સાંહાંમણે કેટલાએક સબબોને લીધે લખવાની જો જરૂર દેખાએછેતો તેવણને પોતાનો વખત તેવી તકરારમાં રોકતાં ઘણું કંટાલા ભરેલું અને દુશવાર લાગેછે; માટે હવેથી એ ભાઈ સાહેબે પોતાના હમજાતીઓને તેમજ પોતાને ફાએદો થાએ તેવાં કાંમમાં પોતાના વખતને વાપરવો. અને હમારી તરફની દુશમની તથા અદેખાઇને લગતા જે વેહેમ ભરેલા વીચારો તેવણે પોતાના

લખાંણને સફે ૫૨) મે જણાવેઆછે તેહેને હવેથી બીલકુલ તરક કરવા. કેમકે હમો હમારા સરવે હમજાતીઓનું તથા હમનશીનોનું ભલું થવામાં અને તેઓના માનમાં વધારો થાએલો જોવામાંજ પોતાનું ભલું તથા પોતાની ઈજતનો વધારો થાએલો સહમજીએછે. બાકી એક એકને હલકા પાડવામાં, તેવણુની ગીબત કરવામાં અને તેઓના ખરાં લખાંણુની સાંહાંમને લખવાથી કોઈબી પરકારનું સુખ કે માન મલવાનું નથી, કેમકે એક શાહેરનો કોલછે કેઃ—

ફારસી બેત.

هرانکه تخم بدی کشت و چشم نیکی داشت
دماغ بیهده پخت و خیال باطل بست

માએની. "જો કોઈએ બદીનાં બી વાવીને તેથી નેકીની આસા રાખી હોએ તો તેણે તે ખોટો અને બેહુદો વીચાર રાખેલો ગણવો."

જાહેર લખનારાઓને સોચનાં.

હાલમાં કેટલાંએક વરતમાન પતરના લખનારા ભાઈ સાહેબોની તરફથી તેઓનું લખાંણ ગાથાના દીવસોમાં સફંદારમદ મહીનો પઢવાની મતલબને લગતાં પુશતકની તરફેનમાં જરતોશતીઓના દેલને ઉસ કેરનારૂં હમો જોઈએછે તે વીસે હમો તે ગરહસથોને ઘણી નમનતાઈ સાથે જણાવીએછે કે; તેઓએ પોતાની હદ અને ઓહોદાને લગતી ફરજ ઉપર પેહેલું ધેઆન આપવું જોઈએછે, **અને કોઈબી ધરમ સંબંધી તકરારમાં પોતાનો વીચાર આપવાની આગમચ તે વીસેની પુરતી સહમજ મેલવીને** પછી તે બાબતની તરફેન કે વીરૂધમાં લખવું જોઈએછે, કેમકે વરતમાંન પતરનાં લખાંણ ઉપર ઘણીખરી આલમનું ધેઆંન રેહેછે તેઓ માહેના થોડાજ લોકો તે લખનારાઓની સહમજસકતી ઉપર ધેઆંન આપેછે; પણ ઘણોખરો ભાગ તેમા લખાએલી બાબદ તરફ અંનજાણપણાથી ખેંચાએછે; માટે ઘટતી બાબતની તરફેનમા અને અણઘટતી બાબતની સાંહાંમણે વગર તરફદારીએ લખવામાં તેવણુની ઘટટી ફરજ અને તેવણુના પતરનું માન હમો સહમજીએછે.

સમાપત.

શુધ અશુધ.

સફો.	સતર.	અશુધ.	શુધ.
૭	૨	રોકેલીછે	રોકેલોછે
૧૮	૧૯	અન	એન
૨૮	૨૫	માંએની" ન	માંએની" નાં
૩૦	૩૧	આપેછે	આપેઓછે
૩૭	૧	તપાસીયું	તપાસવું
"	૧૭	ઈઅશનો"	ઈઅશને"
૪૪	૨૫	લખેઆછે	લખેઓછે
૪૭	૧૬	મહી	મહીના
૬૦	૨૬	૩૨	૩૩
૬૪	૩	નસસાલારો	નસાસાલારો
૬૫	૮	નસુકેરેતે	નસુકેરેતો
૬૬	૨૯	આતશ નસા ઉપર	આતશ ઉપર નસા
૬૮	૧	નસસાલારો	નસાસાલારો
૬૯	૧૩	مرده و کشته	مرده کشته
૮૬	૯	مادیسنان	مازدیسنان
૮૭	૨	بروجی	بروزي
"	૮	અરદશાર	અરદશીર
"	૧૬	ટાંકીછે	ટાંકીએછે
૮૯	૨૦	ગાથાની હું	ગાથાની આએ આરાધનામાં હું (એજ મુજબ પાંચે ગાથામાં વાંચવું)
૯૨	૨૭	મહીના વખતની	મહીનાનાં દાહડાઓની
૯૩	૨૦	મલેકશાહા	મલેકશાહ
૯૪	૧૭	پنج رزو	پنج روز
૯૬	૪		خمسه مسرقه و
"	૨૩	الاواحق	لواحق